અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૪, શુક્રવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ભાદરવો વદ ૩ | અંક : ૮૧ | અમદાવાદ | પાના : ૮
ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886



### વડાપ્રધાન મોદીએ રાહુલ ગાંધી પર સાધ્યું નિશાન

# કોંગ્રેસના "વારસદાર" આપણા દેવી-દેવતાને ભગવાન નથી માનતા

### કાશ્મીરની બરબાદી માટે ત્રણ રાજવંશ જવાબદાર છે, પરંતુ હવે જમ્મુ અને કાશ્મીર આ ત્રણ રાજવંશોની ચુંગાલમાં નહીં રહે : વડાપ્રધાન મોદી

। (એજન્સી) જમ્મુ, તા.૧૯ ।

જમ્મુ-કાશ્મીરમાં ૨૫ સ્પટેમ્બરના રોજ યોજાનાર બીજા તબક્કાના મતદાન પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કટરાની રેલીમાં જય કારા શેરોવાલીના જયકારથી પોતાનું સંબોધન શરૂ કર્યું હતું. પીએમ મોદીએ અહીં રાહુલ ગાંધી પર નિશાન સાધતા તેમને કોંગ્રેસનો વારસદાર ગણાવ્યો છે. તેમણે કહ્યું કે, કોંગ્રેસ પાર્ટીના વારસદારે વિદેશમાં જઈને શું કહ્યું તે તો તમે બધાએ સાંભળ્યું જ હશે. તેઓ કહે છે કે આપણા દેવી-દેવતા ભગવાન નથી. હિન્દુ ધર્મમાં ગામ-ગામમાં દેવતાઓની પરંપરા છે. આપણે ઈષ્ટ દેવોમાં શ્રદ્ધા રાખનારા લોકો છીએ અને આ કોંગ્રેસ વાળા કહે છે કે દેવતા ભગવાન નથી. શું આ આપણા દેવતાઓનું અપમાન નથી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ, આજે ગુરુવારે શ્રીનગરમાં તેમની પ્રથમ ચૂંટણી રેલીને સંબોધિત કરતા કહ્યું હતું કે, ગઈકાલે અહીં પ્રથમ તબક્કાની ચૂંટણી માટે મતદાન થયું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો. પ્રથમ વખત આતંકના ઓછાયા વગર નિર્ભિક રીતે મતદાન થયું. અહીંના રાજકીય રાજવંશો પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે, કાશ્મીરની બરબાદી માટે ત્રણ રાજવંશ જવાબદાર છે, પરંતુ હવે જમ્મુ અને કાશ્મીર આ ત્રણ રાજવંશોની ચુંગાલમાં નહીં રહે. પીએમ મોદીએ કહ્યું કે, જમ્મુ-કાશ્મીરમાં અત્યારે લોકશાહીનો તહેવાર ચાલી રહ્યો છે. આટલી મોટી સંખ્યામાં લોકો મતદાન કરવા માટે બહાર આવ્યા હતા. બધાએ પણ ખુલ્લા મનથી મતદાન કર્યું હતું. ઘણી બેઠકો પર મતદાનનો રેકોર્ડ તૂટ્યો હતો. તમે લોકોએ નવો ઈતિહાસ રચ્યો છે. જમ્મુ-કાશ્મીરના લોકોએ એક નવો ઈતિહાસ રચ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગઈકાલે જ ૭ જિલ્લામાં પ્રથમ રાઉન્ડનું મતદાન થયું હતું. પ્રથમ વખત આતંકના પડછાયા વગર આ મતદાન થયું. આટલી મોટી સંખ્યામાં લોકો મતદાન કરવા ઘરની બહાર નીકળ્યા તે આપણા બધા માટે ખૂબ જ આનંદ અને ગર્વની વાત છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે કિશ્તવાડમાં ૮૦% થી વધુ, ડોડા જિલ્લામાં ૭૧% થી વધુ મતદાન, રામબનમાં ૭૦% થી વધુ અને કુલગામમાં ૬૨% થી વધુ મતદાન થયું છે. ઘણી બેઠકો પર ગત વખતના મતદાનનો રેકોર્ડ તૂટી ગયો છે. આ એક નવો ઈતિહાસ રચાયો છે, આ નવો ઈતિહાસ જમ્મુ-કાશ્મીરના લોકોએ રચ્યો છે. તેમણે કહ્યું કે કોંગ્રેસ-દ્રઝ-ૐ એ જ વિભાજન સર્જ્યું. પરંતુ ભાજપ દરેકને જોડે છે. અમે દિલ અને દિલ્હી વચ્ચેનું અંતર દૂર કરી રહ્યા છીએ.

કેન્દ્રશાસિત પ્રદેશના ત્રણ પરિવારો પર પ્રહાર કરતા પીએમ મોદીએ કહ્યું કે, કાશ્મીરના વિનાશ માટે ત્રણ પરિવાર જવાબદાર છે. આ ત્રણ પરિવારોને લાગે છે કે તેમના પર કોઈ કેવી રીતે સવાલ ઉઠાવી શકે. તેમનો ઉદ્દેશ્ય કોઈને કોઈ રીતે ખુરશી પર ટકી રહેવાનો અને તમને લૂંટવાનો છે. આ લોકોનું કામ તમને તમારા કાયદેસરના અધિકારોથી વંચિત રાખવાનું છે.



બીજા તબક્કાના મતદાન પહેલા પીએમ મોદીએ કટરામાં કહ્યું કે, કોંગ્રેસ તો થોડા મતો માટે આપણી આસ્થા અને આપણી સંસ્કૃતિને ગમે ત્યારે દાવ પર લગાવી શકે છે. અમેરિકામાં કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીના નિવેદનનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કોંગ્રેસ પર નિશાન સાધ્યું.ૅસ્એ કહ્યું કે, કોંગ્રેસના લોકો ભૂલથી આવી વાતો નથી બોલતા પરંતુ આ તેમની ઈરાદાપૂર્વકની ચાલ છે. આ નક્સલવાદી વિચારસરણી છે અને અન્ય દેશોમાંથી ઈમ્પોર્ટ કરવામાં આવેલી વિચારસરણી છે. પીએમ મોદીએ આગળ કહ્યું કે, તમારે કોંગ્રેસ, પીડીપી અને નેશનલ કોન્ફરન્સના જે પરિવારોએ આ વિસ્તારને વર્ષો સુધી ઘાવ આપ્યા, જખમ આપ્યા તેમના રાજકીય વારસાનો સૂર્યાસ્ત કરવો પડશે. તેના માટે તમારે કમળના નિશાનને પસંદ કરવું પડશે. એ ભાજપ જ છે જે તમારા હિતોને પ્રાથમિકતા આપે છે. એ ભાજપ જ છે જેણે તમારી સાથે દાયકાઓથી ચાલી રહેલા ભેદભાવને ખતમ કર્યો છે. પીએમ મોદીએ કહ્યું કે, કોંગ્રેસના નેતાએ ઈરાદાપૂર્વક ડોગરા વિરાસત પર આ હુમલો કર્યો છે. આ મહોબ્બતની દુકાનના નામ પર નફરતનો સામાન વેચવાની આ તેમની જૂની નીતિ છે. તેમને વોટ બેંક સિવાય બીજું કંઈ નથી દેખાતું. તે ભારતમાં ભ્રષ્ટાચારના જન્મદાતા છે.







### હું આ ત્રણ પરિવારો દ્વારા આપણી બીજી પેઢીને બરબાદ થવા નહીં દઉં

પીએમ મોદીએ કહ્યું કે, તેનો ઉદ્દેશ્ય જમ્મુ-કાશ્મીરને આતંકથી મુક્ત કરવાનો, જમ્મુ-કાશ્મીર વિરુદ્ધ ષડયંત્ર રચી રહેલી દરેક શક્તિને હરાવવા અને અહીંના યુવાનોને રોજગારીની તકો પૂરી પાડવાનો છે. આ મોદીનો ઈરાદો છે, મોદીનું વચન છે. શાંતિ પુનઃસ્થાપિત કરવા વિશે વાત કરતા પીએમ મોદીએ કહ્યું, "હું આ ત્રણ પરિવારો દ્વારા આપણી બીજી પેઢીને બરબાદ થવા નહીં દઉં. હું અહીં શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે સંપૂર્ણ ઇમાનદારી સાથે કામ કરી રહ્યો છું. આજે જમ્મુ-કાશ્મીરમાં શાળાઓ અને કોલેજો સુચારૂ રીતે ચાલી રહી છે. "બાળકોના હાથમાં પેન, પુસ્તકો, લેપટોપ હોય છે." તેમણે વધુમાં કહ્યું, "આજે શાળાઓમાં આગના કોઈ અહેવાલ નથી, પરંતુ આજે નવી શાળાઓ, નવી કોલેજો, એઈમ્સ, મેડિકલ કોલેજ, આઈઆઈટીના નિર્માણના અહેવાલો છે.

## ન્યૂઝ બ્રિફ

### રવિચંદ્રન અશ્વિને ટેસ્ટ સદી ફટકારી રચ્યો ઈતિહાસ

। (એજન્સી) ચેન્નાઈ, તા.૧૯ ।

રવિચંદ્રન અશ્વિને ભારત માટે જોરદાર પ્રદર્શન કર્યું અને બાંગ્લાદેશ સામે ચેન્નાઈ ટેસ્ટમાં સદી ફટકારી. અશ્વિને શાનદાર ઈનિંગ રમી છે. તેણે રવિન્દ્ર જાડેજા સાથે ૧૮૦થી વધુ રનની ભાગીદારી પણ પૂરી કરી છે. ટીમ ઈન્ડિયાની શરૂઆત ખરાબ રહી હતી. પરંતુ આ પછી જાડેજા અને અશ્વિને બેટિંગ સંભાળી અને ટીમ ઈન્ડિયાનો સ્કોર પ્રથમ દાવમાં ૩૦૦ રનને પાર કરી ગયો. અશ્વિનની ટેસ્ટ કરિયરની આ છઠ્ઠી સદી છે.

### અગ્નિવીરને કાયમી નોકરી, ઉદ્યોગકારોને ૨૫ લાખ સુધીની લોન

# હરિયાણા વિધાનસભા ચૂંટણીને લઈ ભાજપે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો

। (એજન્સી) હરિયાણા, તા.૧૯ ।

હરિયાણા વિધાનસભા ચૂંટણીને લઈને ભાજપે પોતાનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે. પાર્ટીએ તેનું નામ સંકલ્પ પાત્ર રાખ્યું છે. ઠરાવ પત્રમાં ભાજપે હરિયાણાની જનતાને ૨૦ વચનો આપ્યા છે. જેમાં દરેક અગ્નિવીરને કાયમી નોકરી, મહિલાઓને ૨૧૦૦ રૂપિયા પ્રતિ માસ આપવા સહિતના અનેક વચનો સામેલ છે. રોહતકમાં મેનિફેસ્ટો બહાર પાડતી વખતે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા પણ હાજર હતા. આ દરમિયાન રાજ્યના સીએમ નાયબ સિંહ સૈનીએ કહ્યું કે આ મેનિફેસ્ટો ચૂંટણી માટે નથી. ઠરાવ પત્ર બહાર પાડતી વખતે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાને એક છેતરપિંડી ગણાવ્યો હતો. દરમિયાન ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાએ કહ્યું કે અમે હરિયાણાને નોન-સ્ટોપ સેવા આપી રહ્યા છીએ અને તમારે તેને નોન-સ્ટોપ કરવામાં મોટી જવાબદારી નિભાવવાની છે. અમે જે કહ્યું તે અમે કર્યું છે, અમે જે કહ્યું નથી તે પણ કર્યું છે અને અમે જે કહીશું તે પણ કરીશું. નડ્ડાએ કહ્યું કે અમે નક્કી કર્યું છે કે 'લાડો લક્ષ્મી યોજના' હેઠળ તમામ મહિલાઓને દર મહિને ૨,૧૦૦ની આર્થિક સહાય આપવામાં આવશે. IMT ખારઘોડાની તર્જ પર ૧૦ ઔદ્યોગિક શહેરો બનાવવામાં આવશે અને આસપાસના ગામડાના ૫૦ હજારથી વધુ યુવાનોને રોજગારી પૂરી પાડવામાં આવશે. તેવી જ રીતે, વિવા આયુષ્માન હેઠળ પ્રતિ વર્ષ ૫ લાખ રૂપિયાની રકમ વધારીને ૧૦ લાખ રૂપિયા કરવામાં આવશે.

# અમેરિકાની કોર્ટે NSA ડોભાલ અને ભારત સરકારને પાઠવ્યું સમન્સ

### અમેરિકાની અદાલતે ખાલિસ્તાની આતંકવાદી પન્નુની હત્યાના કાવતરાના આરોપમાં ભારત સરકારને સમન્સ જારી કર્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

અમેરિકાની એક અદાલતે ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુની હત્યાના કાવતરાના આરોપ માં ભારત સરકારને સમન્સ જારી કર્યું છે. ભારત સરકારે આ અંગે સખત વાંધો વ્યક્ત કર્યો છે.

ભારતીય વિદેશ મંત્રાલયે આને સંપૂર્ણપણે ખોટું ગણાવ્યું છે. જ્યારે વિદેશ સચિવ વિક્રમ મિસરીને આ અંગે પૂછવામાં આવ્યું તો તેમણે કહ્યું કે આ બિલકુલ ખોટું છે અને અમને તેની સામે વાંધો છે. ન્યૂયોર્કના દક્ષિણી જિલ્લાની જિલ્લા અદાલતે આ સમન્સ ભારત સરકાર, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ, પૂર્વ RAW ચીફ સામંત ગોયલ, RAW એજન્ટ વિક્રમ યાદવ અને ઉદ્યોગ પતિ નિખિલ ગુપ્તાના નામ પર જારી કર્યા છે. આ સમન્સમાં તમામ પક્ષકારોને ૨૧ દિવસમાં જવાબ આપવા માટે કહેવામાં આવ્યું છે.

અમેરિકી કોર્ટના સમન્સ પર વિદેશ સચિવે કહ્યું કે જ્યારે આ મામલો પહેલીવાર અમારા ધ્યાન પર આવ્યો ત્યારે અમે કાર્યવાહી કરી. આ મુદ્દે એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે, જે તપાસ કરી રહી છે. હવે હું તે વ્યક્તિ તરફ ધ્યાન દોરવા માંગુ છું જેણે આ કેસ દાખલ કર્યો છે. ગુરપતવંત સિંહ પન્નુનો ઈતિહાસ બધા જાણે છે કે તે કેવી રીતે ગેરકાયદેસર સંગઠન સાથે જોડાયેલા છે. ગુરપતવંત સિંહ કટ્ટરવાદી સંગઠન શીખ ફોર જસ્ટિસના વડા છે. તેઓ ભારતીય નેતાઓ અને સંસ્થાઓ વિરુદ્ધ ઝેરીલા નિવેદનો આપતા રહ્યા છે. ભારત સરકારે ૨૦૨૦માં ગુરપતવંત સિંહ પન્નુને આતંકવાદી જાહેર કર્યો હતો. ગયા વર્ષે નવેમ્બરમાં બ્રિટિશ અખબાર ફાઈનાન્સિયલ ટાઈમ્સે તેના એક અહેવાલમાં દાવો કર્યો હતો કે અમેરિકાએ પન્નુની હત્યાના ષડયંત્રને નિષ્ફળ બનાવ્યું છે. પન્નુ પાસે અમેરિકા અને કેનેડા બંનેની નાગરિકતા છે. જો બિડેન વહીવટીતંત્ર દ્વારા પાછળથી આ અહેવાલની પુષ્ટિ કરવામાં આવી હતી. આ મુદ્દાની માહિતી મળતાં જ વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે જો આવું છે તો તે ચિંતાનો વિષય છે. અમે આ મામલે ઉચ્ચ કક્ષાએ તપાસ કરાવીશું.

### હરિયાણામાં ચૂંટણી પહેલા ભાજપને મોટો ઝટકો

# મનોહર લાલ ખટ્ટરના ભત્રીજા રમિત ખટ્ટર કોંગ્રેસમાં જોડાયા

। (એજન્સી) ચંદીગઢ, તા.૧૯ ।

હરિયાણામાં વિધાનસભા ચૂંટણી પહેલા મોટી રાજકીય હિલચાલ જોવા મળી રહી છે. હરિયાણામાં ભાજપ પહેલાથી જ સત્તા વિરોધી લહેરનો સામનો કરી રહી છે. આ વચ્ચે હવે કેન્દ્રીય મંત્રી અને ભાજપના દિગ્ગજ નેતા મનોહર લાલ ખટ્ટરના ભત્રીજા રમિત ખટ્ટર કોંગ્રેસમાં જોડાઈ ગયા છે. રાજ્યમાં ભલે અત્યારે નાયબ સિંહ સૈની સીએમ છે, પરંતુ પૂર્વ મુખ્યમંત્રી મનોહર લાલ હજુ પણ હરિયાણાના રાજકારણમાં ભારે દબદબો ધરાવે છે. આ સ્થિતિમાં તેમના ભત્રીજાનો કોંગ્રેસમાં સામેલ થવું ભાજપ માટે મોટા ઝટકા સમાન છે. રમિત ખટ્ટર પૂર્વ સીએમ મનોહર લાલ ખટ્ટરના ભાઈ જગદીશના પુત્ર છે. ૨૦૨૦માં એક ડિવિઝનલ ફોરેસ્ટ અધિકારી સાથે મારપીટ કરવાના મામલામાં રમિતનો પણ નામ સામે આવ્યો હતો. ઉપરાંત આ મામલે તેમની વિરૂદ્ધ ફરિયાદ પણ નોંધાવવામાં આવી હતી. તે વખતે મનોહર લાલ રાજ્યના સીએમ હતા. જો કે, રમિતે તે બાબતે કહ્યું હતું કે, 'હું વેપારી છું, આ ઘટનાને એ રૂપે ન જોવું જોઈએ કે હું સીએમનો ભત્રીજો છું.

### રાષ્ટ્રપતિએ આપી મંજૂરી

# દિલ્હીની નવનિયુક્ત મુખ્યમંત્રી આતિશી ૨૧મીએ શપથ લેશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

અરવિંદ કેજરીવાલના રાજીનામા બાદ આતિશી માર્લેના દિલ્હીના આગામી સીએમ બનવા જઈ રહી છે. તેઓ ૨૧ સપ્ટેમ્બરે મુખ્યમંત્રી પદના શપથ લેશે. તેમની આખી કેબિનેટ પણ એ જ દિવસે શપથ લેશે. આ પહેલા સમાચાર આવી રહ્યા હતા કે આતિશી એકલા જ શપથ લેશે અને તેમની કેબિનેટ પછી નક્કી કરવામાં આવશે. જણાવી દઈએ કે આ પહેલા દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વિનય સક્સેનાએ રાષ્ટ્રપતિ અને ગૃહ મંત્રાલયને પત્ર મોકલ્યો હતો અને આતિશીને સીએમ તરીકે શપથ લેવાની તારીખ તરીકે ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૪નો પ્રસ્તાવ મૂક્યો હતો. પાર્ટી પણ આ માટે સહમત છે. આતિશીની કેબિનેટમાં કેટલાક નવા ચહેરાઓને પણ સામેલ કરવામાં આવી શકે છે. હાલમાં કેબિનેટમાં ૨ જગ્યાઓ ખાલી છે. આ અંગે પાર્ટીમાં ચર્ચા ચાલી રહી છે. સૂત્રોનું કહેવું છે કે કેબિનેટમાં કોઈપણ દલિત ચહેરાનો સમાવેશ થઈ શકે છે. આ સાથે જ કેજરીવાલના વિશ્વાસુ દિલીપ પાંડેને પણ આતિશી કેબિનેટમાં સ્થાન મળી શકે છે.

### પેલેસ્ટાઈન સંબંધિત ઠરાવ પર મતદાન થયું

# ૧૨૪ દેશોએ પેલેસ્ટાઈન સંબંધિત પ્રસ્તાવની તરફેણમાં મતદાન કર્યું

। (એજન્સી) લંડન, તા.૧૯ ।

યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીમાં પેલેસ્ટાઈન સંબંધિત ઠરાવ પર મતદાન કરવાથી ભારત દૂર રહ્યું. આ ઠરાવમાં માંગ કરવામાં આવી હતી કે, પેલેસ્ટાઈન પર ઈઝરાયેલના ગેરકાયદે કબજાને શક્ય તેટલી વહેલી તકે દૂર કરવામાં આવે અને તે પણ કોઈપણ વિલંબ વગર ૧૨ મહિનાની અંદર. ભારતે આ પ્રસ્તાવ પર મત આપ્યો ન હતો. ૧૨૪ દેશોએ આ પ્રસ્તાવની તરફેણમાં મતદાન કર્યું હતું. એટલે કે યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીમાં, પેલેસ્ટાઈનના કબજે કરેલ વિસ્તાર ખાલી કરવા માટે ઈઝરાયેલને ૧૨૪ દેશે કહી દીધુ છે. અમેરિકા સહિત ૧૪ દેશોએ આ પ્રસ્તાવની વિરૂદ્ધમાં મતદાન કર્યું હતું. ઈઝરાયેલ અને અમેરિકાએ ઠરાવની વિરુદ્ધમાં મતદાન કર્યું હતું. જ્યારે ભારત સહિત ૪૩ દેશોએ મતદાનમાં ભાગ જ લીધો ન હતો. જ્યારે, જે દેશે મતદાનમાં ભાગ લીધો ન હતો તેમાં ભારત ઉપરાંત ઓસ્ટ્રેલિયા, કેનેડા, જર્મની, ઈટાલી, નેપાળ, યુક્રેન અને બ્રિટનનો સમાવેશ થાય છે.

## મહિલા કંડક્ટર અને મહિલા મુસાફર વચ્ચે મારામારી થઈ

। (એજન્સી) અરવલ્લી, તા.૧૯ ।

અરવલ્લીના મેઘરજ-મોડાસા ST બસમાં મોટી બબાલ થઈ હોવાનું સામે આવ્યું છે. બસની મહિલા કંડક્ટર અને મહિલા મુસાફર એકબીજાના વાળ ખેંચીને બસમાં જ મારામારી કરતા જોવા મળ્યા હતા. જે બાદ બસમાં મુસાફરી કરતા અન્ય મુસાફરોએ ભારે જહેમતે બન્નેને અલગ કરી મામલો થાળે પાડ્યો હતો. મળતી માહિતી મુજબ મેઘરજ -મોડાસાની ST બસમાં ટિકિટના બાકી પૈસા લેવાના મુદ્દે મહિલા કંડક્ટર અને મહિલા મુસાફર વચ્ચે બબાલ થઈ હતી. ત્યારે મામલો વધુ ગરમાતા બન્ને મહિલાઓ એકબીજા સાથે મારામારી કરવા લાગી હતી. જે બાદ બસમાં સવાર મુસાફરોએ બન્નેને અલગ કરી હતી. સમગ્ર મામલો બાકી નિકળતા પૈસા બાબતનો હતો જે મહિલા કંડક્ટરે મહિલા મુસાફરને પાછા ના આપતા બન્ને મહિલાઓએ છુટ્ટા હાથની મારામારી કરી હતી.વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.

## વડોદરામાં મોબાઈલ દુકાનમાંથી ૩૦ લાખની મતા ચોરી થતા ચકચાર

। (એજન્સી) વડોદરા, તા.૧૯ ।

વડોદરાના જુના પાદરા રોડ વિસ્તારમાં ગઈ રાત્રે ચોરો મોબાઈલ શોપમાંથી ૩૦ લાખ ઉપરાંતની કિંમતના મોબાઈલ તેમજ અન્ય સાધનો ચોરી ગયા હોવાનો બનાવ બન્યો છે. મનીષા ચોકડી પાસે આવેલી મારવન્સ મોબાઈલ શોપ માં ગઈ રાતે ત્રાટકેલા ચોરોએ પોલીસથી બચવા માટે બહારના સીસીટીવી કેમેરા ફેરવી દીધા હતા. પરંતુ દુકાનદારે અંદર રાખેલા કેમેરાનું હ્રફઈ સુરક્ષિત સ્થળે સંતાડી રાખ્યું હોવાથી કોરોના હાથમાં આવ્યું ન હતું અને તેઓ કેમેરામાં કેદ થઈ ગયા હતા. શટરના તાળાં તેમજ કાચના દરવાજાના લોક તોડીને શોપમાં ત્રાટકેલા ચોરોએ જુદા-જુદા મોબાઈલ, આઈ વોચ તેમજ અન્ય કીંમતી સામાન મળી રૂ.૩૦ લાખ ઉપરાતની મતા ચોરી ગયા હોવાની પ્રાથમિક વિગતો મળી છે. ગોત્રી પોલીસે બનાવ અંગે તપાસ હાથ ધરી છે.

## સિવિલ હોસ્પિટલ બાળદર્દીઓથી ઉભરાઈ, સૌથી વધારે શરદી-ખાંસીના કેસ નોંધાયા

। (એજન્સી) સુરત, તા.૧૯ ।

વરસાદ બાદ રોગચાળાએ ફરી માથું ઉચક્યું છે. બેવડી ઋતુના કારણે લોકો બીમારીનો શિકાર થઈ રહ્યાં છે. ત્યારે ફરી એક વાર શહેરમાં પાણીજન્ય અને મચ્છર જન્ય રોગોમાં વધારો થયો છે. સ્લમ વિસ્તારમાંથી શરદી, ખાંસી, તાવ અને ઝાડા-ઉલ્ટીના લક્ષણો સાથે બાળ દર્દીઓથી સુરત નવી સિવિલ હોસ્પિટલની ઓપીડી ઉભરાઈ રહી છે. સુરત નવી સિવિલ હોસ્પિટલના કિડની બિલ્ડિંગમાં આવેલ બાળ દર્દીઓની ઓપીડી છેલ્લા કેટલાક દિવસોથી બાળ દર્દીઓથી ઉભરાઈ રહી છે. વરસાદી ઋતુ બાદ શહેરમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગોમાં વધારો નોંધાયો છે. સુરતના લિંબાયત, ઉધના, પાંડેસરા, સચિન તેમજ અન્ય ગ્રામ્ય વિસ્તારોમાંથી ઝાડા, ઉલટી, શરદી-ખાંસી અને તાવ સાથેના લક્ષણો ધરાવતા બાળ દર્દીઓના સૌથી વધુ કેસો સુરત નવી સિવિલ હોસ્પિટલના ચોપડે નોંધાઈ રહ્યા છે. સ્લમ વિસ્તારમાંથી સૌથી વધુ કેસ સામે આવતા નવી સિવિલ હોસ્પિટલની બાળ દર્દીઓની ઓપીડી બહાર લાંબી કતાર જોવા મળી રહી છે. પાણી અને મચ્છર જન્ય રોગોમાં બાળકો સૌથી વધુ સપડાય રહ્યા છે, જેના પગલે પાલિકાના આરોગ્ય વિભાગની કામગીરી સામે સવાલ ઉભા થયા છે. બીજી તરફ સામાન્ય શરદી, ખાંસી, તાવ અને ઝાડા ઉલટીની ફરિયાદ સાથે લાવવામાં આવેલ બાળ દર્દીઓને સૌ પ્રથમ તો પરિવારજનો સ્થાનિક વિસ્તારમાં આવેલ નકલી તબીબો પાસે લઈ જાય છે. પરિણામે નકલી તબીબો પાસે સારવાર મેળવવાના કારણે બાળકોની તબિયત વધુ લથડી જાય છે. જ્યાં આવા ઝોલાછાપ તબીબોના હાથમાં કેસ હાથથી બહાર જાય ત્યારબાદ આવા બાળકોને સુરત નવી સિવિલ હોસ્પિટલ લઈ જવાની સલાહ આપવામાં આવે છે. જે અંગે નવી સિવિલ હોસ્પિટલમાં મહિલા તબીબ જિગીષા પાટડિયાએ જણાવ્યું છે કે,"આ ખૂબ જ ગંભીર બાબત છે. શરૂઆતમાં આવા તબીબો પાસે લઈ જવાના બદલે તાત્કાલિક નજીકની હોસ્પિટલ અથવા સુરત સ્મીમેર તેમજ નવી સિવિલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવે તો તુરંત સારવાર મળી શકે છે. વધુમાં જિગીષા પાટડિયાએ જણાવ્યું હતું કે, "ક્વોલિફાઈડ તબીબો પાસે સારવાર લેવી હિતાવહ છે. તબિયત વધુ ગંભીર બને તે પહેલાં નજીકના ક્વોલિફાઈડ અથવા નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર લેવી જોઈએ.

### જમીન માટે પાંચ લોકોએ મહિલાને મોતને ઘાટ ઉતારી । પોલીસે અન્ય બે ફરાર આરોપીની શોધખોળ હાથ ધરી

# વર્ષ ૨૦૧૫માં થયેલી હત્યાનો ભેદ ઉકેલાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

વર્ષ ૨૦૧૫માં અમદાવાદના થયેલી એક મહિલાની હત્યાનો ભેદ હવે ઉકેલાયો છે. તેમાં પણ હત્યા પાછળનું કારણ જ બદલાઈ ગયુ છે. પહેલા હત્યાનું કારણ પ્રેમ પ્રકરણ હોવાનું મનાતુ હતુ, જો કે હવે હત્યાનું કારણ પ્રેમ પ્રકરણ નહિ પણ જમીન જવાબદાર હોવાનું સામે આવ્યુ છે. પશ્ચિમ બંગાળથી પિતરાઈ ભાઈઓ હત્યા કરવા અમદાવાદ આવ્યા હોવાનું સામે આવ્યુ છે.

મહિલાની હત્યામાં પાંચ જેટલા લોકો સામેલ હતા. જોકે હત્યા બાદ પોલીસે બે આરોપીઓની ધરપ કડ કરી હતી. જ્યારે અન્ય ત્રણ આરોપીઓ આજ સુધી પોલીસ પકડથી દૂર છે. જોકે હાલમાં ક્રાઈમ બ્રાન્ચે એક આરોપીની ધરપકડ કરી છે. જે આરોપીની પૂછપરછ કરતા હત્યા પાછળની હકીકત સામે આવી છે. અગાઉ પકડાયેલા બે આરોપીઓ દ્વારા પોલીસને ખોટી કહાની બતાવી ગેરમાર્ગે દોરી હતી. પોલીસ મહિલાની હત્યા પાછળની હકીકત જાણી ચોકી ઉઠી હતી. અમદાવાદના પૂર્વ વિસ્તાર દાણીલીમડામાં વર્ષ ૨૦૧૫માં એક મહિલાની હત્યા થઈ હોવાનો બનાવ સામે આવ્યો હતો. ૧૨મી સપ્ટેમ્બર ૨૦૧૫માં નસરીનબાનુ શેખ નામની મહિલાની હત્યા થઈ હતી. જોકે હત્યા બાદ પોલીસ દ્વારા હત્યામાં સામેલ પાંચમાંથી બે આરોપીઓની ધરપકડ કરી લીધી હતી. અન્ય ત્રણ આરોપીઓ આજ દિવસ સુધી પોલીસ પકડથી દૂર રહ્યા છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ફરાર ત્રણ આરોપીમાંથી વધુ એક આરોપીની ધરપકડ કરી પૂછપરછ કરી હતી. આરોપીની પૂછપરછ કરતા સમગ્ર હત્યા પાછળની હકીકત સામે આવી હતી. જોકે આ હકીકત અગાઉ પકડાયેલા બે આરોપીએ પોલીસ સમક્ષ કહી હતી નહીં. હત્યા પાછળનું કારણ જાણી પોલીસ પણ ચોકી ઉઠી હતી. પોલીસે હત્યામાં સંડોવાયેલા મંજરઆલમ મણીયાર નામના આરોપીની દિલ્હીથી ધરપકડ કરી છે. વર્ષ ૨૦૧૫માં મહિલાની હત્યા બાદ આરોપી મંજરઆલમ દિલ્હીના ઉત્તમનગર વિસ્તારમાં બેલ્ટ વેચવાનું કામ કરી રહ્યો હતો. મંજરઆલમની પૂછપરછ કરતા હત્યા પાછળની હકીકત સામે આવી છે. જો સમગ્ર હત્યાની ઘટનાની વાત કરીએ તો પશ્ચિમ બંગાળના પોખડિયા મસનાબીટા ગામમાં રહેતી નસરીનબાનુને તેજ ગામના અપ્સર આલમ નામના વ્યક્તિ સાથે પ્રેમસંબંધ હતો. જોકે નસરીનબાનુને તેમના પરિવારજનો ફોઈના દીકરા સાથે લગ્ન કરાવવા ઈચ્છતા હતા, પરંતુ નસરીનબાનું તેના પ્રેમી અપ્સર આલમ સાથે નાસી ગઈ હતી અને તેઓ દિલ્હી ખાતે થોડો સમય રહ્યા બાદ અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં રહેવા આવ્યા હતા. બંને પતિ પત્ની દાણીલીમડામાં સિલાઈ કામનો ધંધો કરતા હતા.

થોડા સમય બાદ નસરીનબાનુના અને અખરત આલમનાં ગામનો જ મંજરઆલમ નામનો વ્યક્તિ અમદાવાદ આવ્યો હતો અને અપ્સર આલમ દ્વારા તેને તેના પાડોશમાં રહેવાની વ્યવસ્થા પણ કરી આપી હતી. થોડા સમય બાદ નસરીનબાનુના પિતરાઈ ભાઈઓ અમદાવાદ ખાતે નુસરતબાનુની હત્યા કરવા આવ્યા હતા અને તેઓએ મંજરઆલમનો સંપર્ક કર્યો હતો. મંજરઆલમ દ્વારા નુસરતબાનુના ચારેય પિતરાઈ ભાઈઓને નુસરત અને અપ્સર આલમનાં ઘરનું એડ્રેસ બતાવ્યું હતું. જ્યાં નુસરતબાનુના ચારેય ભાઈઓ અને મંજરઆલમ દ્વારા અપ્સરની ગેરહાજરીમાં નુસરતબાનુની હત્યા નીપજાવી હતી.

પકડાયેલા આરોપી મંજર આલમની હત્યા પાછળના કારણની પૂછપરછ કરતા સામે આવ્યું કે મૃતક નુસરતબાનુ તેના માતા પિતાની એકની એક સંતાન હતી અને તેમના માતા-પિતા પાસે પશ્ચિમ બંગાળના ગામમાં ૨૦ વીઘા જેટલી જમીન હતી. જો નુસરતબાનુ જીવીત હોય તો તેના પિતાની મિલકત નુસરતબાનુને મળે, પરંતુ જો નુસરતબાનુંની હત્યા કરી નાખવામાં આવે તો આ મિલકત પિતરાઈ ભાઈઓને મળી શકે. જેથી જ નુસરતબાનુના પિતરાઈ ભાઈઓ નુસરતબાનુની હત્યા કરવા અમદાવાદ આવ્યા હતા.

જોકે જ્યારે પિતરાઈ ભાઈઓએ અમદાવાદમાં મંજરઆલમની મદદ લીધી હતી, ત્યારે મંઝરઆલમને હત્યા પાછળ નુસરતબાનું એ તેમના પરિવારની મરજી વિરુદ્ધ લગ્ન કર્યા છે તેથી તેની હત્યા કરવી હોવાનું બહાનું બતાવ્યું હતું.

### હાલમાં રાજ્યમાં વરસાદી સિસ્ટમ સક્રિય નથી

# રાજ્યમાં ચોમાસાની વિદાયનો પ્રારંભ, છતાં પણ એક રાઉન્ડ આવાની સંભાવના

### બંગાળની ખાડીમાંથી વરસાદી સિસ્ટમ ૨૩-૨૪ સપ્ટેમ્બરના રોજ ગુજરાત પહોચવાની ધારણા છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

હાલમાં રાજ્યમાં વરસાદી સિસ્ટમ સક્રિય નથી, બંગાળની ખાડીમાં વરસાદી સિસ્ટમ સક્રિય નથી, જેના કારણે ગુજરાતમાં વરસાદની શક્યતા ઓછી છે. આ વખતે ગુજરાતમાં ૪૪ ટકા વધુ વરસાદ થયો છે, બંગાળની ખાડીમાંથી વરસાદી સિસ્ટમ ૨૩-૨૪ સપ્ટેમ્બરના રોજ ગુજરાત પહોંચવાની ધારણા છે. શક્યતા છે. વરસાદનો આ સમયગાળો ચારથી પાંચ દિવસ ચાલે તેમ જણાય છે. રાજ્યના ૬૦ થી ૭૦ ટકા વિસ્તારોમાં આ વરસાદ પડી શકે છે. બે થી પાંચ ઈંચ વરસાદની શકયતા છે.

અંબાલાલ પટેલની આગાહી મુજબ રાજ્યના કેટલાક અલગ-અલગ ભાગોમાં વરસાદની શક્યતા છે. ૧૮ થી ૨૧ સપ્ટેમ્બર દરમિયાન રાજ્યના કેટલાક ભાગોમાં ભારે વરસાદની સંભાવના છે. પૂર્વ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવના છે. પંચમહાલ, સાબરકાંઠા, કચ્છમાં ભારે વરસાદની સંભાવના છે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠાના ભાગોમાં હળવોથી ભારે વરસાદ પડી શકે છે. ૧૦ ઓક્ટોબરથી ૧૩ ઓક્ટોબર સુધી બંગાળના સબ સીમાં ચક્રવાતની શક્યતા રહેશે. નવરાત્રિ દરમિયાન છુટાછવાયા વરસાદની સંભાવના છે. રાજ્યમાંથી ચોમાસું ધીરે ધીરે વિદાય લેશે. જેના કારણે રાજ્યમાં વરસાદની તીવ્રતા ઘટી છે. રાજ્યના હવામાન વિભાગનો અંદાજ છે કે રાજ્યમાં ૭ દિવસ સુધી સામાન્ય વરસાદ પડી શકે છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. ભેજવાળા વાતાવરણને કારણે સામાન્ય વરસાદી ઝાપટા પડશે. સામાન્ય વરસાદ પડશે અને હાલમાં વરસાદી સિસ્ટમ સક્રિય નથી. તેનું પરિણામ રાજ્યની જનતાને ભોગવવું પડી શકે છે. આ વર્ષે બંગાળની ખાડી સતત સક્રિય છે અને એક પછી એક સિસ્ટમો બની રહી છે. તાજેતરમાં રચાયેલ ડીપ ડિપ્રેશન હાલમાં ઉત્તર ભારત તરફ આગળ વધી રહ્યું છે. જેના કારણે ઉત્તર અને મધ્ય ભારતના રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે. હાલમાં ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની કોઈ શક્યતા નથી, પરંતુ ૨૨ અને ૨૩ની આસપાસના કેટલાક વિસ્તારોમાં વરસાદ વધી શકે છે. જેમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાત, પૂર્વ અને મધ્ય ગુજરાતના વિસ્તારોમાં વરસાદનું પ્રમાણ થોડું વધવાની સંભાવના છે.

### રાજસ્થાનના મામા અને ૧૭ વર્ષનો ભાણેજ દબોચાયા

# સુરતમાં ઓનલાઈન હનિટ્રેપમાં ફસાયેલા યુવકનો આપઘાત

### સુરતના કતારગામ વિસ્તારમાં આઠ દિવસ અગાઉ ૨૩ વર્ષે યુવાને ગળેફાંસો ખાય આપઘાત કરી લીધો હતો

। (એજન્સી) સુરત, તા.૧૯ ।

સુરતના કતારગામ વિસ્તારમાં આઠ દિવસ અગાઉ ૨૩ વર્ષે યુવાને ગળેફાંસો ખાય આપઘાત કરી લીધો હતો. પોલીસ તપાસમાં યુવાને આ પગલું ઓનલાઈન હનિટ્રેપમાં ફસાયા બાદ ભર્યું હોવાનો ખુલાસો થતાં કતારગામ પોલીસે ગુનો નોંધી રાજસ્થાન અલવરના છત્તરપુરના ૩૮ વર્ષે યુવાન અને તેના ૧૭ વર્ષે ભાણેજને ઝડપી લીધા હતા. મામા તેના ભાણેજને પોતાના ઘરે બેસાડીને કોલ કરાવતો હતો. ભાણેજ google પર લગ્ન વિડીયો શરૂ કરી તેને વિડીયો કોલમાં બતાવી રેકોર્ડિંગ કરતો અને બાદમાં મામા પૈસાની માંગણી કરતો હતો. પોલીસ કમિશનરે કહ્યું કે કતારગામ વિસ્તારમાં રહેતા ૨૩ વર્ષે યુવાને ગત ૯મીની વહેલી સવારે પોતાના ઘરમાં ગળે ફાંસો ખાય આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થતા કતારગામ પોલીસે ગુનો નોંધીને તપાસ હાથ ધરી હતી. યુવાન ઓનલાઈન અને ટ્રેપ કરતી ગેંગના ચુનાલમાં ફસાયો હતો. તેમની પૈસાની માંગણી અને ધમકીથી ડરીને તેણે આપઘાત કરી લીધો હતો. આ ખુલાસા બાદ કતારગામ પોલીસે અજાણ્યાઓ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. મોબાઈલ નંબરના આધારે એક ટીમને તપાસ માટે રાજસ્થાન મોકલી હતી. રાજસ્થાન મોકલેલી ટીમે ટેકનિકલ સર્વેન્સના આધારે ગતરોજ આ ગુનામાં સામેલ બરકત કાલુખાન અને તેના ભાણેજ ૧૭ વર્ષનો હોવાથી તેનું નામ જાહેર થયું નથી. તેને ઝડપી લીધા હતા. બંનેની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે, બરકત ખાન તેના ભાણેજને પોતાના ઘરમાં બેસાડીને કોલ કરાવતો હતો. માત્ર ૧૦ ચોપડી ભણેલો ભાણેજ વિડીયો કોલ લાગતા અન્ય મોબાઈલ ફોનમાં ર્ષ્રઙ્ખ્રૈ ઉપર નગ્ન વીડીયો શરૂ કરી વિડીયોકોલ બતાવીને રેકોર્ડિંગ કરી લેતો. બાદમાં બરકત તેના આધારે સામેની વ્યક્તિને બદનામ કરવાની ધમકી આપી પૈસા માંગતો હતો.

# મોજ શોખ પૂરા કરવા માટે વિદ્યાર્થીઓએ વિદ્યાના મંદિરમાં જ ચોરી કરી

### અનુપમ મોર્ડન સરકારી શાળામાંથી ગઇ તારીખ ૩૦મીના રોજ ૪૦ લેપટોપ સહિત ચોરીની ફરિયાદ નોંધાઇ હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

મોજ શોખ પુરાવા કરવા બે વિદ્યાર્થીઓએ વિદ્યાના મંદિરમાંથી જ લાખોની કિંમતના લેપટોપ ચોરીના ગુનાને અંજામ આપ્યો છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બે વિદ્યાર્થી આરોપીની ધરપકડ કરી તપાસ શરૂ કરી છે.

અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં આવેલ અનુપમ મોર્ડન સરકારી શાળામાંથી ગઈ તારીખ ૩૦મીના રોજ ૪૦ લેપટોપ સહિત ચોરીની ફરિયાદ નોંધાઈ હતી. વિદ્યાના મંદિરમાં ચોરી થતા અમદાવાદ ક્રાઈમ બ્રાંચ તપાસમાં જોડાય હતી ત્યારે તપાસ કરતા આ ચોરીમાં રાધે રાહુલ પટેલ અને અક્ષતસિંહ રણજીતસિંહ વાઘેલા સંડોવણી હોવાનું સામે આવતા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આ બંને આરોપીની ધરપકડ કરી પૂછપરછ હાથ ધરી હતી. આરોપી રાધે રાહુલ પટેલ અને અક્ષતસિંહ રણજીતસિંહ વાઘેલાની પૂછપરછ કર્યા સામે આવ્યું હતું કે આ બંને આરોપીનો ધ્રુવિશ શાહ મિત્ર સરકારી શાળામાં લેપટોપ મેઈન્ટન્સ કરવાનો કોન્ટ્રાક્ટ રાખે છે ત્યારે આ બંને આરોપીઓ અવાર નવાર ધ્રુવિષ શાહ સાથે આવતા જતા હતા.

બંને એ ચોરી કરવાનું નક્કી કર્યું હતું ત્યારે ગઈ તારીખ ૩૦ની એ અનુપમ મોર્ડન સરકારી શાળામાં લોકરનું તાળું તોડી ૪૦ લેપ ટોપ સહિતના લાખોના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ચોરી કર્યા બાદ બજારમાં આ મુદ્દામાલ વેચવાની ફિરાકમાં હતા ત્યારે જ અમદાવાદ ક્રાઈમ બ્રાંચને માહિતી મળી હતી અને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ચોરાયેલા મુદ્દામાલ પૈકી ૩૨ લેપટોપ, ચાર્જર ૩૮ હેડફોન ૧૫ સહિત ૩ લાખ ૪૭ હજારનો મુદ્દામાલ કબ્જે કરીને વધુ પૂછપરછ શરૂ કરી હતી.

બંને આરોપીની વધારે પૂછપરછ કરતા સામે આવ્યું હતું કે અક્ષતસિંહ વાઘેલા જેજી કોલેજમાં બીકોમમાં અભ્યાસ કરે છે અને રાધે પટેલ સિલ્વર ઓક કોલેજમાં કોમ્પ્યુટર એન્જીનીયરીંગમાં અભ્યાસ કરી રહ્યો છે અને આ ચોરીનો ગુનો બંને એ પહેલી વાર કર્યો છે અને પોતાના કોલેજમાં મોજ શોખમાં પૂરા કરવા માટેથી પૈસાની જરૂરિયાત પૂરી કરવા માટેથી ચોરીના ગુનાને અંજામ આપ્યો હતો, પણ અમદાવાદ ક્રાઈમ બ્રાંચના હાથે આવી જતા આ બંને વિદ્યાર્થીના ભવિષ્ય પર પ્રશ્નાર્થ ચિન્હ લાગી ગયું છે.

# વડોદરામાં ગણેશ વિસર્જન બાદ કોર્પોરેશન દ્વારા કૃત્રિમ તળાવોની સફાઈ ઝુંબેશ શરૂ

। વડોદરા, તા.૧૯ ।

વડોદરા શહેરમાં ૧૦ દિવસનું આતિથ્ય માણ્યા બાદ મંગળવારે ભક્તોએ ગણપતિ બાપ્પાને શ્રદ્ધાભેર વિદાય આપી હતી. શહેરના ૮ જેટલા કુત્રિમ તળાવોમાં વહેલી સવાર સુધી પ્રતિમાઓનું વિસર્જન થયું હતું. ત્યારે હવે વિસર્જન બાદ પાલિકા તંત્ર કામે લાગ્યું છે. વડોદરા શહેરના નવલખી સહિતના કુત્રિમ તળાવોમાં સાફસફાઈ હાથ ધરવામાં આવી છે. ઉત્સવ પ્રિય નગરી વડોદરામાં ગણેશ ઉત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ભક્તોને ત્યાં દસ દિવસ સુધી શ્રીજીએ આતિથ્ય માણ્યું હતું. ગતરોજ વહેલી સવારથી જ વિવિધ મંડળો અને ભક્તોએ પોતાના ઘરોમાં સ્થાપિત કરાયેલ શ્રીજીની પ્રતિમાઓનું વિસર્જન શહેરના કુત્રિમ તળાવો ખાતે કર્યું હતું. જ્યારે કેટલાકે ઈકો ફ્રેન્ડલી વિસર્જન કર્યું હતું. વડોદરામાં આ વખતે વિવિધ મંડળ સહિત નાગરિકો દ્વારા ૨૦ હજારથી વધુ શ્રીજીની પ્રતિમાઓની સ્થાપના કરવામાં આવી હતી. મંગળવારે વિસર્જનના દિવસે વાજતે-ગાજતે શ્રીજીની પ્રતિમાઓનું ભક્તો દ્વારા વિસર્જન કરવામાં આવ્યું હતું. ત્યારે આજે વિસર્જનના બીજા દિવસે ત્વરિત પાલિકા તંત્ર કામે લાગ્યું હતું.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં 'પહેલે દેશ - તપવંદના' કાર્યક્રમ યોજાયો

### પ.પૂ. સ્વામી શ્રી સત્યમિત્રાનંદગીરીજી મહારાજના ૯૩મા પ્રાગટ્ય દિનની ઉજવણી કરાઈ








। (માહિતી) અમદાવાદ, તા.૧૯ ।

પ.પૂ. બ્રહ્મલીન સ્વામી શ્રી સત્યમિત્રાનંદગીરીજી મહારાજના ૯૩મા પ્રાગટ્ય દિનની ઉજવણી નિમિત્તે 'પહેલે દેશ - તપવંદના' કાર્યક્રમ અમદાવાદના ટાગોર હોલ ખાતે યોજાયો હતો, જેમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, આધ્યાત્મિક ચેતનાના અપૂર્વ ધની અને ભારત માતા મંદિરના સ્થાપક સ્વામીશ્રીનાં કાર્યોની સુવાસ આપણને સૌને અહીં લઈ આવી છે. તેમણે વધુમાં કહ્યું કે, સ્વામી શ્રી સત્યમિત્રાનંદગીરીજી મહારાજે પ્રભુભક્તિ સાથે રાષ્ટ્રભક્તિની દિશા આપી છે. ધર્મ, વિજ્ઞાન અને રાષ્ટ્ર આ ત્રણ પ્રવાહમાં સમાજજીવન વહેતું હોય છે, તેવું મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. તેમણે વધુમાં કહ્યું કે,વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ દેશસેવા અને દેવસેવાના હિમાયતી છે.

તેમણે ઉમેર્યું હતું કે, સ્વામીજી વર્ષો સુધી પીડિતવર્ગ અને વંચિતોની મદદ કરવા સતત લોકો વચ્ચે રહ્યા છે. તેમણે કરેલાં સત્કાર્યોના પરિણામે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૫માં તેમને પદ્મભૂષણથી નવાજ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, સંત એ જીવ અને શિવ વચ્ચેનો સેતુ છે. સ્વામીજીએ શિવભક્તિ સાથે રાષ્ટ્રભક્તિ શીખવી છે અને જગદંબાની સાથે માં ભારતીનું પૂજન કરવાની પણ શીખ આપી છે. આવા સંતોના આશીર્વાદ મેળવવાનો અવસર મળ્યો તે મારા માટે સૌભાગ્યની વાત છે, તેવું તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ સંતોની આરાધના વિશે વાત કરતા કહ્યું કે, ભારતમાં વર્ષોથી સંતોનો મહિમા ગવાતો આવ્યો છે, પરલોકની સાથે આ લોકની વાત કરે તેવા સંતો, ઋષિઓ ભારતભૂમિએ આપ્યા છે અને સાધુ સંતોના પ્રેમ અને આશીર્વાદથી ભારતની ભૂમિ હંમેશાં ધમધમતી રહી છે. ગુજરાતને પણ અનેક સાધુ સંતોના આશીર્વાદ મળ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આવા પવિત્ર સંતોના આશીર્વાદ આપણા સૌ પર હંમેશાં વરસતા રહેશે અને વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના સંકલ્પમાં ધર્મશક્તિનું યોગદાન પણ મળતું રહેશે, એવો વિશ્વાસ મુખ્યમંત્રી શ્રી એ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે સમન્વય પરિવાર ગુજરાત રાજ્યના નવા એકમનો શુભારંભ કરાયો હતો તથા સાણંદ ખાતે સ્વામી શ્રી સત્યમિત્રાનંદગીરીજી મહારાજ સેવા કેન્દ્રના શુભારંભની જાહેરાત કરવામાં આવી હતી અને બોપલ તથા સાણંદ ખાતે ભારતરત્ન નાનાજી દેશમુખ સંકલિત સેવા કેન્દ્રના શુભારંભની જાહેરાત કરાઈ હતી. આ પ્રસંગે રાજ્યમાંથી ૨૩ જિલ્લામાંથી ૧૬૧થી વધારે વાલ્મીકિ પંથના સંતો-મહંતો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં રાજ્યસભાના સાંસદ તથા ક્ષેત્ર વાલ્મિકી ધામ, ઉજ્જૈનના પીઠાધીશ્વર સંત શ્રી બાલયોગીજી ઉમેશનાથજી મહારાજ, રામકૃષ્ણ આશ્રમ, રાજકોટના અધ્યક્ષ સ્વામી શ્રી નિખિલેશ્વરાનંદજી મહારાજ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પશ્ચિમ ક્ષેત્રના સંઘચાલક શ્રી ડૉ.જયંતીભાઈ ભાડેશિયા, અસારવાનાં ધારાસભ્ય શ્રી દર્શનાબહેન વાઘેલા તથા શ્રી રસિકભાઈ ખમાર સહિતના સમન્વય પરિવારના સભ્યો, ગાયત્રી પરિવાર, વાલ્મિકી પરિવાર અને રામકૃષ્ણ મિશન પરિવાર અને મોટી સંખ્યામાં સંતો-મહંતો અને હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યુઝ બોક્ષ

### મથુરામાં માલગાડીના ૨૦ ડબ્બા પાટા પરથી ઉતર્યા



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

ઉત્તર પ્રદેશના મથુરામાં આગરાથી દિલ્હી જઈ રહેલી માલગાડી પાટા પરથી ઉતરી ગઈ હતી. જેના કારણે આગ્રા અને દિલ્હી રેલ્વે ટ્રેક ખરાબ રીતે ખોરવાઈ ગયો હતો. મળતી માહિતી મુજબ માલગાડીના ૨૦થી વધુ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા છે. દુર્ઘટનાના કારણે આગ્રાથી દિલ્હી જતી અને દિલ્હીથી આગ્રા આવતી ટ્રેનો જ્યાં હોય ત્યાં રોકી દેવામાં આવી છે. રેલવે અધિકારીઓએ જણાવ્યું છે કે ટ્રેકને રિપેર કરવાનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. ટૂંક સમયમાં રેલ વ્યવહાર સુચારૂ રીતે શરૂ કરવામાં આવશે. અકસ્માતના કારણે સેંકડો મુસાફરો મુંઝવણમાં મુકાયા છે. દરમિયાન, આગ્રા રેલ્વે વિભાગના મથુરામાં વૃંદાવન અને અજાઈ વચ્ચે કોલસા વહન કરતી માલગાડી રાત્રે લગભગ ૮.૩૦ વાગ્યે પાટા પરથી ઉતરી ગઈ હતી. ટ્રેનના ૨૦ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા છે અને ટ્રેક પર કોલસો ફેલાઈ ગયો છે. લાઈન સપ્લાયના થાંભલા પણ તૂટી ગયા છે. કહેવામાં આવી રહ્યું છે કે રેલવે ટ્રેકને રિપેર કરવામાં ઓછામાં ઓછા ૧૦-૧૨ કલાકનો સમય લાગશે. દુર્ઘટનાની માહિતી મળતા જ રેલવે અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. આગરા રેલ્વે વિભાગના પીઆરઓ પ્રશસ્તિ શ્રીવાસ્તવે જણાવ્યું કે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

### સલીમ ખાનને બુરખો પહેરેલી એક મહિલાએ આપી ધમકી



। (એજન્સી) મુંબઈ, તા.૧૯ ।

બોલિવૂડ સ્ટાર સલમાન ખાનના પિતા સલીમ ખાનને આજે ગુરુવારે સવારે ધમકી મળી છે. મોર્નિંગ વોક માટે નીકળેલા સલીમ ખાન જ્યારે બેન્ચ પર આરામ કરી રહ્યા હતા, તે જ સમયે ગેલેક્સી એપાર્ટમેન્ટથી બેન્ડસ્ટેન્ડ તરફ એક વ્યક્તિ સ્કૂટર પર જઈ રહ્યો હતો. જેની પાછળ બુરખો પહેરેલી એક મહિલા પણ બેઠી હતી. મહિલાએ યુ-ટર્ન લઈને સલીમ ખાન પાસે આવી અને પૂછ્યું કે, "શું લોરેન્સ બિશ્નોઈને મોકલું?" આ સ્કૂટીનો નંબર ૭૪૪૪ હતો. પોલીસ હાલ સ્કૂટર ચાલકને શોધવામાં વ્યસ્ત છે. આ ઘટના સવારે ૮.૪૫ કલાકે બની હતી. આ ઘટનાની તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી અને કલમ 353(2) 292 અને 3(5) BNS હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, આ વર્ષની શરૂઆતમાં સલમાન ખાનના ઘરે ફાયરિંગ થયું હતું.

### રિટાયર્ડ IAS ના ઘરમાંથી મળ્યા કરોડોના હીરા-ઝવેરાત



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

લોટસ ૩૦૦ પ્રોજેક્ટ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ દિલ્હી -UPમાં ઘણી જગ્યાએ બુધવારે દરોડા પાડ્યા હતા. નિવૃત્ત IAS અધિકારી અને નોઈડા ઓથોરિટીના ભૂતપૂર્વ CEO મોહિન્દર સિંહના ચંદીગઢના નિવાસસ્થાને પણ દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરોડામાં ૭ કરોડના હીરા રિટાયર્ડ IASના ઘરેથી અને ૫ કરોડના હીરા વેપારીના ઘરેથી મળી આવ્યા હતા. હાલ આ કેસની તપાસ ચાલી રહી છે. દિલ્હી ઉપરાંત મેરઠ, નોઈડા અને ચંદીગઢમાં દરોડા પાડવામાં આવ્યા હતા. ઈદ્રને લગભગ ૧ કરોડ રૂપિયા રોકડા, ૧૨ કરોડ રૂપિયાના હીરા, ૭ કરોડ રૂપિયાના સોનાના ઘરેણાં અને ઘણા શંકાસ્પદ દસ્તાવેજો મળી આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, લોટસ ૩૦૦ પ્રોજેક્ટ ૩૦૦ કરોડ રૂપિયાનું કૌભાંડ હતું. આ કેસમાં ED મની લોન્ડરિંગ હેઠળ કેસની તપાસ કરી રહી છે. લોટસ ૩૦૦ પ્રોજેક્ટ વિકસાવવા માટે આ જમીન હેસિન્ડા પ્રોજેક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ (HPPL)ને આપવામાં આવી હતી.

#### ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાના રાષ્ટ્રપતિ બિડેનને મળશે અને ક્વાડ સમિટમાં ભાગ લેશે

# પીએમ મોદી ૨૧ સપ્ટેમ્બરથી ત્રણ દિવસીય અમેરિકાના પ્રવાસે

। (એજન્સી) નવી દિલ્હી,તા.૧૯ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૧ સપ્ટેમ્બરથી ત્રણ દિવસીય અમેરિકાના પ્રવાસે જશે. તેમની ત્રણ દિવસની મુલાકાતને ઘણી મહત્વની માનવામાં આવી રહી છે. આ દરમિયાન પીએમ મોદી અમેરિકી રાષ્ટ્રપતિ બિડેનને મળશે અને ક્વાડ સમિટમાં ભાગ લેશે. પ્રવાસના છેલ્લા દિવસે ભારતીય સમુદાયને સંબોધિત કરશે અને સંયુક્ત રાષ્ટ્ર સમિટમાં પણ ભાગ લેશે. પરંતુ સૌથી રસપ્રદ વાત એ છે કે પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના યુએસ પ્રવાસ દરમિયાન પીએમ મોદીને મળવાની ઈચ્છા વ્યક્ત કરી છે. હવે વિદેશ મંત્રાલયે આ અંગે નિવેદન જાહેર કર્યું છે. અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મિશિગનમાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરતા કહ્યું હતું કે નરેન્દ્ર મોદી એક અદ્ભુત વ્યક્તિ



છે. તેઓ આવતા અઠવાડિયે અમેરિકા જવાના છે. આ સમય દરમિયાન હું તેને મળીશ. હવે પીએમ મોદીની ટ્રમ્પ સાથેની સંભવિત મુલાકાતને લઈને ભારતીય વિદેશ મંત્રાલયે કહ્યું કે વડાપ્રધાન મોદીએ તેમના અમેરિકન પ્રવાસ દરમિયાન ઘણી બેઠકોમાં ભાગ લેવો પડશે. અમે તેમના મર્યાદિત સમયમાં આ બેઠક ગોઠવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. હાલમાં આ બેઠક અંગે કોઈ પુષ્ટિ આપી શકાય તેમ નથી. ઉલ્લેખનીય છે કે પીએમ મોદી ૨૧ થી ૨૩ સપ્ટેમ્બર સુધી અમેરિકાના પ્રવાસ પર છે. આ સમય દરમિયાન, ક્વોડ લીડર્સ સમિટ સિવાય, તે ઘણી મોટી ઈવેન્ટ્સમાં ભાગ લેશે. પીએમ મોદીનો યુએસ પ્રવાસ ૨૧ સપ્ટેમ્બરથી શરૂ થશે. તેઓ ૨૧ સપ્ટેમ્બરે વિલ્મિંગ્ટન, ડેલવેરમાં ચોથા ક્વોડ લીડર્સ સમિટમાં ભાગ લેશે. આ પછી, ૨૨ સપ્ટેમ્બરે, તેઓ ન્યુ જર્સીમાં ભારતીય સમુદાય સાથે સંબંધિત એક કાર્યક્રમમાં ભાગ લેશે. પીએમ મોદી તેમના પ્રવાસના અંતિમ દિવસે ૨૩ સપ્ટેમ્બરે સંયુક્ત રાષ્ટ્રની 'સમિટ ઓફ ધ ફ્યુચર'માં પણ ભાગ લેશે. ક્વાડ સંસ્થાની બેઠક ૨૧ સપ્ટેમ્બરે અમેરિકી રાષ્ટ્રપતિ બિડેનના હોમટાઉન ડેલાવેરમાં યોજાશે.

### પ્રવાસમાં ટૂંકા સમયમાં અનેક બેઠકો યોજશે PM

જાન્યુઆરી ૨૦૨૪માં ભારતમાં પ્રથમ ક્વાડ મીટિંગ યોજાવાની હતી. પરંતુ કેટલાક કારણોસર આ સમિટ સપ્ટેમ્બર સુધી સ્થગિત કરવામાં આવી હતી. ભારત ૨૦૨૫માં ક્વાડ સંસ્થાની યજમાની કરશે. ક્વાડ સમિટની બાજુમાં પીએમ મોદી અને રાષ્ટ્રપતિ બિડેન વચ્ચે દ્વિપક્ષીય બેઠક થશે. આ સિવાય પીએમ મોદી જાપાન અને ઓસ્ટ્રેલિયા સાથે પણ દ્વિપક્ષીય બેઠક કરશે. આ સિવાય પીએમ મોદી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સેમિકન્ડક્ટર અને બાયોટેકનોલોજી પર ઘણી મોટી કંપનીઓના સીઈઓ સાથે મુલાકાત કરશે.

ક્વાડ સમિટ એ ચાર દેશોનું સંગઠન છે, જેમાં ભારત સિવાય અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને જાપાનનો સમાવેશ થાય છે. તેની રચના ૨૦૦૭માં થઈ હતી. પરંતુ તે ૨૦૧૭ માં ફરીથી સક્રિય કરવામાં આવ્યું હતું. આ સંગઠનનો ઉદ્દેશ્ય ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં ચીનના વધતા વર્ચસ્વને રોકવાનો છે. રિપોર્ટ અનુસાર, ન્યૂજર્સીમાં ૨૨ સપ્ટેમ્બરે પીએમ મોદીના મેગા ઈવેન્ટમાં ભારતીય સમુદાયના ૨૪,૦૦૦થી વધુ લોકો હાજરી આપશે. આ ઈવેન્ટનું નામ 'મોદી અને યુએસ પ્રોગ્રેસ ટુગેધર' હશે. અમેરિકાના ૫૦માંથી ૪૨ રાજ્યોમાંથી ભારતીય મૂળના નાગરિકો આ ઈવેન્ટમાં ભાગ લઈ શકશે. આવી જ તર્જ પર, ૨૦૧૯ માં, પીએમ મોદીએ ટેક્સાસમાં 'હાઉડી મોદી' મેગા ઈવેન્ટને સંબોધિત કરી હતી, જ્યાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પે પણ ભાગ લીધો હતો.

#### અત્યાર સુધી ૩૨નાં મોત, ૪૫૦થી વધુ ઈજાગ્રસ્ત

# લેબનાનમાં પેજર અને વોકી ટોકી બ્લાસ્ટ બાદ સોલર સિસ્ટમમાં વિસ્ફોટ

### લેબનાનમાં ઈરાન સમર્થિત સંગઠન હિઝબુલ્લાહના આતંકીઓ એક બીજા સાથે વાતચીત કરવા પેજર અને વોકી-ટોકીનો ઉપયોગ કરે છે

। (એજન્સી) મુંબઈ, તા.૧૯ ।

સતત બીજા દિવસે લેબનાનની રાજધાની બેરૂત સહિત અનેક શહેરોમાં વિસ્ફોટ થયા હતા. આ વખતે બ્લાસ્ટ માટે વૉકી-ટૉકીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો બુધવારે સતત બીજા દિવસે લેબનાનની રાજધાની બેરૂત સહિત અનેક શહેરોમાં વિસ્ફોટ થયા હતા. આ વખતે બ્લાસ્ટ માટે વૉકી-ટૉકીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ઓછામાં ઓછા ૨૦ લોકો માર્યા ગયા અને ૪૫૦ થી વધુ ઘાયલ થયા છે. નોંધનીય છે કે એક દિવસ અગાઉ ૧૭ સપ્ટેમ્બરે લેબનાનમાં હજારો પેજરમાં બ્લાસ્ટ થતાં ઓછામાં ઓછા ૧૨ લોકો માર્યા ગયા હતા અને ૨,૮૦૦થી વધુ ઘાયલ થયા હતા. આ રીતે લેબનોનમાં




૨ દિવસમાં ૩૨ લોકોએ જીવ ગુમાવ્યા છે. લેબનાનમાં ઈરાન સમર્થિત સંગઠન હિઝબુલ્લાહના આતંકીઓ એકબીજા સાથે વાતચીત કરવા પેજર અને વોકી-ટોકીનો ઉપયોગ કરે છે. હિઝબુલ્લાહે આ હુમલાઓ માટે ઈઝરાયેલને જવાબદાર ઠેરવ્યું છે. પેજર બ્લાસ્ટમાં હિઝબુલ્લાના સાંસદના પુત્રનું મોત થયું છે. અંતિમયાત્રા દરમિયાન એમ્બ્યુલન્સમાં વૉકી-ટૉકી વડે બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. એટલું જ નહીં બેરૂતમાં ઘરો પર લગાવવામાં આવેલી સોલાર સિસ્ટમને પણ નિશાન બનાવવામાં આવી હતી. બુધવારે બપોરે અચાનક થયેલા આ વિસ્ફોટોથી લોકો ભયભીત થયા અને રસ્તા પર ઉતરી આવ્યા હતા. શહેરમાં અનેક સોલર સિસ્ટમમાં વિસ્ફોટ થતાં એક પરિવારના પાંચ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. પેજર વિસ્ફોટોમાં અત્યાર સુધીમાં ૧૨ લોકોના મોતની પુષ્ટી થઈ છે, ત્રણ હજારથી વધુ લોકો ઘાયલ છે. જ્યારે વોકી-ટોકી વિસ્ફોટોમાં ઓછામાં ઓછા ૨૦ લોકો માર્યા ગયા અને ૪૫૦ થી વધુ ઘાયલ થયા હતા.

#### ૨૭૪ સ્કૂલો બંધ : ૩૦૦ જેટલા ગામ ડૂબી ગયા

# ઉત્તર પ્રદેશ અને બિહારમાં વરસાદ-પૂરથી જળબંબાકાર

। (એજન્સી) લખનૌ, તા.૧૯ ।

દેશના અનેક રાજ્યોમાં ભારે વરસાદને કારણે હાહાકાર મચી ગયો છે અને જનજીવન ખોરવાઈ ગયું છે. યુપી સહિત ઘણા રાજ્યોમાં છેલ્લા કેટલાક દિવસોથી સતત વરસાદ પડી રહ્યો છે. બિહારમાં તો સ્થિતિ વધુ ખરાબ છે. અહીં પૂરના કારણે ૨૭૪ સ્કૂલો બંધ કરવામાં આવી છે. જ્યારે ૨૦ સ્કૂલો સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગઈ છે. આથી બુધવારથી શરુ થતી પરીક્ષાને પૂરના કારણે હાલ પુરતી મુલતવી રાખવામાં આવી છે. ત્યારે યુપીના ૨૪ જિલ્લામાં પૂર જેવી સ્થિતિ છે. યુપીમાં ઘાઘરા, ગંડક, ગંગા, વરુણા નદી પૂરથી પ્રભાવિત થઈ છે. ગોંડા જિલ્લાના ૩૫ ગામો સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયા છે. જેના કારણે સામાન્ય જનજીવન પ્રભાવિત થઈ રહ્યું છે. બીજી તરફ અયોધ્યામાં સરયૂ નદીમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. લખીમપુર ખેરીના ઘણા ગામોનો જિલ્લા મુખ્યાલય સાથે સંપર્ક તૂટી ગયો છે. યુપીના લગભગ ૩૦૦ ગામો સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયા છે. પ્રયાગરાજ, ઈટાવા અને મિર્ઝાપુરમાં



૮મી સુધીની શાળાઓ બંધ કરી દેવામાં આવી છે. હિમાચલ પ્રદેશમાં અવિરત વરસાદને કારણે બુધવારે ૫૦ રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા હતા. રાજ્યના કેટલાક જિલ્લાઓમાં હળવો વરસાદ થયો છે. હિમાચલમાં વરસાદને કારણે અત્યાર સુધીમાં ૧૭૨ લોકોના મોત થયા છે, જ્યારે ૩૦ લોકો હજુ પણ લાપતા છે. ઝારખંડ અને બંગાળના અનેક જિલ્લા પૂરની ઝપેટમાં છે. જ્યારે ઓડિશાના ૨૫૦ ગામોમાં પૂરના પાણી ઘૂસી ગયા છે. દક્ષિણ બંગાળના ઘણા જિલ્લાઓમાં પૂરના કારણે સ્થિતિ ખરાબ છે. અહીંના બેરેજ અને ડેમ પાણીથી ભરાઈ ગયા છે. અનેક જિલ્લાઓમાં પૂર જેવી સ્થિતિ યથાવત છે.




નવી દિલ્હીમાં નેવલ કમાન્ડર કોન્ફરન્સ ૨૪ની બીજી આવૃત્તિના ભાગ રૂપે આયોજિત ટેક ડેમોમાં કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહ ઉપસ્થિત રહ્યા હતા.

## ઘર પરથી પસાર થતો હાઈટેન્શન તાર તૂટતાં સાત ઘર લપેટાયા

। (એજન્સી) કન્નૌજ, તા.૧૯ ।

ઉત્તર પ્રદેશમાં એક મોટી દુર્ઘટના ઘટી છે. કન્નૌજના ગુરસહાયગંજમાં વરસાદ બાદ ઘરની ઉપરથી પસાર થતો હાઈટેન્શન તાર તૂટી પડતાં સાત ઘર તેમાં લપેટાયા છે. ઘરમાં હાજર ૩૮ લોકો વીજ કરંટની લપેટમાં આવવાથી દાઝી ગયા છે. ઘરોમાં વીજ ઉપકરણો પણ બળીને ખાખ થઈ ગયા છે. સબ સેન્ટરમાં જાણ કર્યા બાદ પાવર સપ્લાય બંધ કરી દેવામાં આવ્યો હતો અને અડધો ડઝન લોકોને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બેથી ત્રણ લોકોની હાલત ગંભીર હોવાથી તેમને રિફર કરવામાં આવ્યા છે. ઘટનાની સૂચના મળતા જ કોતવાલી પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ઉલ્લેખનીય છે કે બુધવારે સાંજે ગુરસાહાયગંજમાં હાઈ ટેન્શન લાઈનનો એક તાર તૂટીને એક ઘરની છત પર પડ્યો હતો. નન્હે અલી, અબ્દુલ ગફાર, હસીબ અને મોહમ્મદ નાયાબ વગેરેના પરિવારના બાળકો, મહિલાઓ અને પુરૂષો કરંટની લપેટમાં આવી ગયા છે. ઈલેક્ટ્રીક શોક લાગવાથી બધા બેભાન થઈ ગયા હતા.

#### પાકિસ્તાનના રક્ષામંત્રીએ કર્યું વિવાદીત નિવેદન

# પાક. કલમ ૩૭૦-35A પર નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસ ગઠબંધનના સ્ટેન્ડ સાથે સહમત

। (એજન્સી) નવી દિલ્હી, તા. ૧૯ ।

પાકિસ્તાનના રક્ષા મંત્રી ખ્વાજા આસિફે, મોદી સરકાર સામે ઝેર ઓક્યું છે. તેમણે જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવા પર મોટું નિવેદન આપ્યું છે. ખ્વાજાએ કહ્યું છે કે પાકિસ્તાન કલમ ૩૭૦ અને ૩૫છ પર નેશનલ કોન્ફરન્સ -કોંગ્રેસ ગઠબંધનના સ્ટેન્ડ સાથે સહમત છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન સરકાર પણ, ઓમર અબ્દુલ્લા-કોંગ્રેસ ગઠબંધનની જેમ કાશ્મીરમાં કલમ ૩૭૦ની પુનઃસ્થાપના ઈચ્છે છે. ખ્વાજા આસિફના આ નિવેદન બાદ ભાજપે કોંગ્રેસ પર પ્રહારો કર્યા છે. બીજેપી આઈટી સેલના વડા અમિત માલવિયાએ કહ્યું છે કે, કોંગ્રેસ હંમેશા રાષ્ટ્ર વિરોધીઓની સાથે જ રહી છે. પાકિસ્તાન કલમ ૩૭૦ પર કોંગ્રેસ-NCના સ્ટેન્ડનું સમર્થન કરી રહ્યું છે. માલવિયાએ કહ્યું કે, પન્નુથી લઈને પાકિસ્તાન સુધી રાહુલ ગાંધી અને તેમની કોંગ્રેસ હંમેશા ભારતના હિતોના વિરોધીઓની પડખે હોવાનું કેવી રીતે દેખાય છે? ભાજપે વધુમાં કહ્યું કે જમ્મુ-કાશ્મીરથી લઈને બાંગ્લાદેશ સુધી કોંગ્રેસનું વલણ



પાકિસ્તાન જેવું છે. વાસ્તવમાં, જિયો ન્યૂઝ પર હામિદ મીરની કેપિટલ ટોક પર, જ્યારે પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજાને પૂછવામાં આવ્યું કે, ફારુક અબ્દુલ્લાના પિતા શેખ અબ્દુલ્લા અને પંડિત નેહરુ વચ્ચે ૩૭૦ અને 35A નક્કી કરવામાં આવ્યું હતું. વર્તમાન ચૂંટણીમાં આ બંને પક્ષો નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસનું કહેવું છે કે, તેઓ જમ્મુ અને કાશ્મીરમાં કલમ ૩૭૦ અને ૩૫છને પુનઃસ્થાપિત કરશે. શું તમને લાગે છે કે આ શક્ય બનશે? તેના પર આસિફ ખ્વાજાએ કહ્યું કે મને લાગે છે કે, આ શક્ય બની શકે છે. આ મુદ્દો ઘણી વખત ચર્ચામાં આવ્યો છે. બંને પક્ષોએ પોતપોતાની પ્રેસ કોન્ફરન્સમાં પણ આ વાત કહી છે. જો ત્યાં કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સની ગઠબંધન સરકાર બનશે તો મને લાગે છે કે આ ફરીથી શક્ય બનશે. પાકિસ્તાની રક્ષા મંત્રીના નિવેદન પર બીજેપી નેતા મનજિંદર સિંહ સિરસાએ કહ્યું કે, ખ્વાજાએ આવું કેમ કહ્યું કારણ કે પાકિસ્તાનનો ઝંડો, પન્નુનો ઝંડો દેશ તોડવા માટે છે, જ્યારે રાહુલ ગાંધીનો ઝંડો દેશ તોડવા માટે છે. ચીનનો ધ્વજ કોંગ્રેસનો ધ્વજ છે, ચીન જે ઈચ્છે છે તે કોંગ્રેસ ઈચ્છે છે. રાહુલ ગાંધી સત્તા મેળવવા માટે દેશના દુશ્મનો સાથે હાથ મિલાવે છે. દેશને તોડનારાઓને સાથ આપો. દરમિયાન પાકિસ્તાનના રક્ષા મંત્રી આસિફ ખ્વાજાના નિવેદન પર ફારુક અબ્દુલ્લા ગુસ્સે થઈ ગયા હતા. જ્યારે ફારુક અબ્દુલ્લાને આસિફ ખ્વાજાના નિવેદન અંગે સવાલ પૂછવામાં આવ્યો ત્યારે તેમણે કહ્યું કે, પાકિસ્તાન શુ કહે છે તેનાથી મને કોઈ ફરક નથી પડતો. હું પાકિસ્તાની નથી. હું ભારતીય છું. પાકિસ્તાનના રક્ષા મંત્રી આસિફ ખ્વાજાએ કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ ફરીથી લાદવા અંગે પાકિસ્તાન સરકાર અને નેશનલ કોન્ફરન્સ-કોંગ્રેસ ગઠબંધનની સાથે છે.

#### આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુનો આક્ષેપ

# તિરૂપતિના પ્રસાદીના લાડુમાં પ્રાણીની ચરબીનો ઉપયોગ કરવાનો આરોપ

### જગન અને વાયએસઆરસીપી સરકાર પર શરમ આવે છે કે તેમણે તેનું સન્માન ન કર્યું : આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી

। (એજન્સી) અમરાવતી, તા.૧૯ ।

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ ચોંકાવનારો દાવો કરીને નવા વિવાદને જન્મ આપ્યો છે. તેમણે બુધવારે અગાઉની YSR કોંગ્રેસ સરકાર પર તેના કાર્યકાળ દરમિયાન પ્રખ્યાત તિરુપતિ મંદિરના પ્રસાદીના લાડુ બનાવવામાં હલકી ગુણવત્તાવાળા ઘટકો અને પ્રાણીની ચરબીનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો. NDA જનપ્રતિનિધિઓની બેઠકમાં YSRCP પર આરોપ લગાવતા નાયડુએ કહ્યું, તિરુમાલામાં વેંકટેશ્વર સ્વામી મંદિર અમારું સૌથી પવિત્ર મંદિર છે. મને એ જાણીને આશ્ચર્ય થયું કે જગન સરકારના સમયમાં તિરુપતિ પ્રસાદમમાં ઘીની જગ્યાએ પ્રાણીઓની ચરબીનો ઉપયોગ કરવામાં આવતો હતો. જગન અને વાયએસઆરસીપી સરકાર પર શરમ આવે છે કે તેમણે તેનું સન્માન ન કર્યું.' YSRCPએ નાયડુ દ્વારા લગાવવામાં આવેલા આ આરોપોનો આકરો જવાબ આપતા કહ્યું કે, 'ચંદ્રબાબુ નાયડુએ દિવ્ય મંદિર તિરુમાલાની પવિત્રતા અને કરોડો



હિન્દુઓની આસ્થાને ઠેસ પહોંચાડીને મોટું પાપ કર્યું છે. તિરુમાલા પ્રસાદમ વિશે નાયડુની ટિપ્પણી ખરેખર ખરાબ છે. કોઈ માણસ આવા શબ્દો નથી બોલતું કે આવા આરોપ નથી લગાવતું. આનાથી એક વાત તો સાબિત થાય છે કે તે રાજકીય લાભ માટે કોઈ પણ લિમીટ ક્રોસ કરી શકે છે.' YSRCPના શાસન દરમિયાન, પ્રતિષ્ઠિત લાડુ પ્રસાદમને તપાસ અને વિવાદનો સામનો કરવો પડ્યો હતો અને ટીડીપીએ તેની ગુણવત્તામાં કથિત ગંભીર સમાધાનની ઘણીવાર ટીકા કરી હતી. TTD એ તાજેતરમાં ડેરી નિષ્ણાતો સાથે પરામર્શ કરીને આંતરિક મૂલ્યાંકન કર્યું અને જાણવા મળ્યું કે ઘીની ગુણવત્તા 'શ્રીવારી લાડુ' ના સ્વાદને નક્કી કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

## તંત્રી લેખ...

# જાપાનને કારણે દુનિયાભરના સ્ટોક માર્કેટ ક્રેશ થયા છે

અજિત ડોભાલની રશિયન મંત્રણાના કોઈ પરિણામો સપાટી પર આવવાનાં નથી. યુક્રેન યુદ્ધ જલ્દી પૂરું થાય એમ નથી. ખુદ અમેરિકા ચાહે છે કે ધીમી ગતિએ આ યુદ્ધ ચાલુ રહેવું જોઈએ. સમયાંતરે અમેરિકા નવી કુમક અને નવા ફંડ યુક્રેનને ફાળવવાની જાહેરાત કરે છે. સમગ્ર એશિયા ખંડ અત્યારે દુનિયાના મીડિયા પર છવાયેલો છે. જાપાનને કારણે દુનિયાભરના સ્ટોક માર્કેટ ક્રેશ થયા છે. યુક્રેનને નવા ફાઈટર જેટ પ્લેન મળતા પુતિન રાબેતા મુજબ ધુંઆપુંઆ છે. તાજેતરની ઘટનાઓએ ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે તણાવમાં વધારો કર્યો છે. આ તણાવનો સાદો અર્થ યુદ્ધ થાય છે. તેહરાનમાં હમાસના નેતા ઈસ્માઈલ હનીયેહની હત્યાથી આક્રોશ ફેલાયો છે. ઈરાન ઈઝરાયેલ સામે બદલો લેવા માટે મરણિયું થયું છે. ઈરાનનો ઈગો પહેલેથી મોટો રહ્યો છે. આ તોળાઈ રહેલા સંઘર્ષની દૂરોગામી અસરો ગંભીર હશે. ઈરાન અને ઈઝરાયેલ જ્યાં સંડોવાયેલા હોય ત્યાં પૂર્વ અને પશ્ચિમના દેશોએ પણ નાછૂટકે જોતરાવું પડે - આવો વણલખ્યો નિયમ બીજા વિશ્વયુદ્ધ પછી પ્રસ્થાપિત થઈ ચૂક્યો છે જેમાં હજુ સુધી કોઈ ફેરફાર થયો નથી કે નજીકના ભવિષ્યમાં થવાનો નથી. ૩૦ જુલાઈના રોજ, બેરુતમાં ઈઝરાયેલના હવાઈ હુમલામાં હિઝબુલ્લાહનો વરિષ્ઠ કમાન્ડર ફુઆદ શુકર માર્યા ગયો હતો. આ હુમલાના થોડા સમય પછી હમાસના રાજકીય નેતા ઈસ્માઈલ હનીયેહની ૩૧ જુલાઈના રોજ તેહરાનમાં હત્યા કરવામાં આવી. જોકે ઈઝરાયેલ ખુલ્લેઆમ જવાબદારી સ્વીકારતું નથી, પરંતુ આ હત્યાઓ પાછળ ઈઝરાયેલનો હાથ હોવાની વ્યાપક શંકા છે. હમાસને આમ પણ ઈરાનનું જ પ્રોક્સી માનવામાં આવે છે. પાડો હણાયો તો હવે પખાલી ગુસ્સામાં છે. હિઝબુલ્લાહ પણ હવે ધમકીઓ આપવા માંડયું છે. ઈરાન-લેબનોનનો પ્રદેશ અત્યારે આક્રમક મૂડમાં છે. ઈઝરાયેલ પીઢ વડીલની જેમ શાંતિથી મૌન બેઠું છે. આ હત્યાઓના જવાબમાં, ઈરાનના ઘરડા છતાં સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખોમેનીએ ઈઝરાયલ વિરુદ્ધ જવાબી હુમલાનો આદેશ આપ્યો છે. આ નિર્દેશ ઈરાનની રાષ્ટ્રીય સુરક્ષા પરિષદની ઈમરજન્સી બેઠક દરમિયાન આવ્યો હતો, જેમાં ઈરાનના સંકલ્પની ગંભીરતા દર્શાવવામાં આવી હતી. વધુમાં, હિઝબુલ્લાહે ઈઝરાયેલના ઉત્તર ભાગ પર રોકેટ હુમલાઓ વધાર્યા એટલે સંઘર્ષ વધુ તીવ્ર બન્યો. આ સંઘર્ષની અસરો ગહન છે. ઈઝરાયેલી સંરક્ષણ દળો એ લેબનીઝ પ્રદેશમાં હિઝબુલ્લાહની સ્થિતિને નિશાન બનાવીને અનેક હવાઈ હુમલાઓ કર્યા છે. આ અથડામણોમાં બંને બાજુના નાગરિકો જાનમાલની નુકસાની વેઠી રહ્યા છે. સંપૂર્ણ સ્તરે યુદ્ધ ફાટી નીકળે તેવી શક્યતા વધી રહી છે.

# આતિશી માર્લેનાની પસંદગીમાં કેજરીવાલે પરિવારવાદ ટાળ્યો

આમ આદમી પાર્ટીના મુખિયા અરવિંદ કેજરીવાલે દિલ્હીના મુખ્યમંત્રી પદેથી રાજીનામું ધરી દેવાની જાહેરાત કરી ત્યારથી કોના પર કળશ ઢોળાશે તેની અટકળો ચાલી. સૌરભ ભારદ્વાજ, ગોપાલ રાય, આતિશી, સુનિતા કેજરીવાલ, કૈલાસ ગેહલોત વગેરે આમ આદમી પાર્ટીના દિગ્ગજ મનાતા નેતાઓનાં નામ ચાલતાં હતાં પણ છેવટે આતિશી પર કળશ ઢોળાયો છે. અનંત ચૌદસના દિવસે આમ આદમી પાર્ટીએ જાહેરાત કરી નાખી કે આતિશી માર્લેના દિલ્હીના નવા મુખ્ય મંત્રી બનશે. અરવિંદ કેજરીવાલની સરકારમાં શિક્ષણ, પીડબલ્યુડી સહિત અનેક મહત્ત્વપૂર્ણ મંત્રાલયો સંભાળી રહેલા આતિશીની પસંદગીથી મમતા બેનરજીને કંપની મળશે. અત્યાર લગી પશ્ર્ચિમ બંગાળનાં મુખ્ય મંત્રી મમતા બેનરજી દેશનાં એક માત્ર મહિલા મુખ્ય મંત્રી હતાં. આતિશી મુખ્ય મંત્રીપદના શપથ લે એ સાથે જ દેશમાં મહિલા મુખ્ય મંત્રીઓની સંખ્યા વધીને બે થશે. યોગાનુયોગ આતિશી દિલ્હીનાં ત્રીજાં મહિલા મુખ્ય મંત્રી છે. આ પહેલાં ભાજપનાં સુષ્મા સ્વરાજ અને કૉંગ્રેસનાં શીલા દીક્ષિત દિલ્હીમાં મુખ્ય મંત્રી રહી ચૂક્યાં છે. શીલા દિક્ષીતે તો સળંગ ૧૫ વર્ષ રાજ કરેલું. શીલા દિક્ષીત તો આજની તારીખે પણ દેશમાં સળંગ સૌથી લાંબો સમય રાજ કરનારાં મહિલા મુખ્યમંત્રી છે. શીલાનો રેકોર્ડ કદાચ મમતા બેનરજી તોડશે કેમ કે મમતાની પણ આ સળંગ ત્રીજી ટર્મ છે. બીજી તરફ સુષ્મા સ્વરાજ બહુ થોડો સમય મુખ્ય મંત્રીપદે રહેલાં. દિલ્હીમાં પહેલાં મદનલાલ ખુરાના ને પછી સાહિબસિંહ વર્માએ ભાજપનું તપેલું ચડાવી દીધું ત્યારે ભાજપને બચાવવા છેલ્લે છેલ્લે સુષ્મા સ્વરાજને ગાદી સોંપાયેલી પણ સુષ્મા ભાજપને જીતાડી નહોતાં શક્યાં. સુષ્મા માંડ ૫૦ દિવસ ગાદી પર રહેલાં. આતિશી સુષ્મા કરતાં થોડોક લાંબો સમય સત્તા ભોગવશે પણ એ હંમેશાં સુષ્માની કેટેગરીમાં જ રહેશે કેમ કે આમ આદમી પાર્ટી ફરી જીતશે તો પાછા અરવિંદ કેજરીવાલ મુખ્ય મંત્રી બનશે ને આપ હારી જશે તો બધાં ઘરભેગાં થશે. અરવિંદ કેજરીવાલે ગયા રવિવારે પોતે મુખ્ય મંત્રીપદ પરથી રાજીનામું આપી દેશે અને દિલ્હીમાં આગામી વિધાનસભા ચૂંટણીની તૈયારી કરવા લોકો વચ્ચે જશે એવું એલાન કર્યું ત્યારે કહેલું જ છે કે, હવે ફરી જનાદેશ લઈને જ દિલ્હીનો મુખ્ય મંત્રી બનીશ. આ સંજોગોમાં આતિશી સ્ટોપ ગેપ એરેન્જમેન્ટ છે એ કહેવાની જરૂર નથી. જો કે ભલે વચગાળાની ગોઠવણના ભાગરૂપે ગાદી પર બેઠાં પણ આતિશી મુખ્ય મંત્રી બનવા લાયક છે તેમાં બેમત નથી. દિલ્હી યુનિવર્સિટીની સેન્ટ સ્ટીફન્સ કોલેજમાંથી ભણેલાં આતિશીએ ઓક્સફર્ડ યુનિવર્સિટીમાંથી માસ્ટર ડિગ્રી મેળવી છે. એ પછી રહોડ્સ સ્કોલર તરીકે ઓક્સફર્ડમાંથી શિક્ષણ સંશોધનમાં બીજી માસ્ટર ડિગ્રી મેળવી છે આતિશીએ મધ્ય પ્રદેશના એક નાના ગામમાં સાત વર્ષ સુધી ઓર્ગેનિક ફાર્મિંગ અને એજ્યુકેશન સિસ્ટમ પર કામ કર્યું છે અને વ્યાપક સમાજ સેવા કરી છે. આતિશી આમ આદમી પાર્ટીની રચનાથી તેની સાથે જોડાયેલાં છે. ૨૦૧૩માં આમ આદમી પાર્ટીએ દિલ્હીમાં પહેલીવાર વિધાનસભાની ચૂંટણી લડી ત્યારે આતિશી મેનિફેસ્ટો મેકિંગ કમિટીમાં હતાં. આતિશી પૂર્વ નાયબ મુખ્ય મંત્રી મનીષ સિસોદિયાના સલાહકાર રહી ચૂક્યાં છે અને દિલ્હીની સરકારી સ્કૂલોની કાયાપલટ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. આતિશી ટીવી ચેનલો પર આમ આદમી પાર્ટી તરફથી આક્રમક રજૂઆતો કરવા માટે પણ જાણીતાં છે એ જોતાં આમ આદમી પાર્ટીએ યોગ્ય પસંદગી કરી છે. આતિશીની પસંદગીમાં કેજરીવાલ રાજકીય દાવપેચના ખેલાડી સાબિત થયા છે. કેજરીવાલે રાજીનામું આપ્યું પછી દિલ્હીના મુખ્ય મંત્રીપદે કોણ આવશે તેની અટકળો ચાલતી હતી ત્યારે અરવિંદ કેજરીવાલનાં પત્ની સુનિતા કેજરીવાલનું નામ પણ ચાલતું હતું.

**જ્યારે અમારો જુલમ સામનો કરવાની ઘડી આવે, ત્યારે તું જ અમને રોકી રાખજે! એ ભલે બુરાઈ કરે, પણ અમે તો ભલાઈ જ કરીશું**

# “એ માલિક તેરે બંદે હમ...’’ની જેમ ઈશ્વર ચરણે જીવન કર્મનું આત્મ નિવેદન કરીએ!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**યે માલિક તેરે બંદે હમ એ એક પ્રાર્થના છે અને ૧૯૫૭માં બનેલી," દો આંખે બારા હાથ" ફિલ્મ માટે આ ગીત ભરત વ્યાસ દ્વારા લખાયું છે, ફિલ્મનું સંગીત વસંત દેસાઈ નું છે, આ ગીતને મન્નાડે અને લત્તા મંગેશકર એ ગાયું છે, ફિલ્મના નિર્દેશક વી શાંતારામ છે, અને અને એમણે એ ફિલ્મમાં જેલરની ભૂમિકા નિભાવી છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ડાહ્યા માણસો કહી ગયા છે કે, જીવનને સુખમય અને શાંતિ ભર્યું બનાવવું હોય તો, આપણી ભૂલનો સમય રહેતાં એકરાર કરી લેવો, અને કપરાંમાં કપરી પરિસ્થિતિનો સ્વીકાર કરી લેવો જોઈએ. પણ આ બધું એટલું ઝડપથી સમજી શકાતું નથી! ઉપરાંત માનવીય માનસિકતા એવી છે કે એને પોતાના સુખ દેખાતાં નથી, અથવા તો ઓછું જ લાગે છે, અને બીજાને જ ઈશ્વરે ઘણું સુખ આપ્યું, એમ થાય. હાલાકી પોતે જીંદગીના સફરમાં એની કરતાં વધુ સંઘર્ષ કર્યો, અને સત્કર્મ પણ કર્યા છે! તોય એને ભાગે સુખ નથી! બસ આમ ભૌતિક સુખ સગવડતાને જ જીવનની સૌથી મોટી ઉપલબ્ધિ સમજી માનવી જીવે છે. પણ જીવનનાં અમુક મુકામો પછી મોટેભાગે એને પોતાની ભૂલનો ખ્યાલ આવી જાય છે, અને એને પસ્તાવો થાય છે, કે પોતે ભલાઈ કરી શક્યો હોત! પોતે નિતી પૂર્વક જીવી શક્યો હોત! અને ત્યારે એ ઈશ્વર કે બુદ્ધ પુરુષને ચરણે શરણાગત થાય છે.

**યે માલિક તેરે બંદે હમ,**  
**એસે હો હમારે કરમ,**  
**નેકી પર ચલે,**  
**ઔર બદી સે ટલે,**  
**તાકી હસતે હુએ નિકલે હમ.**

કવિ ઈશ્વરને સંબોધીને કહે છે કે એ માલિક અમે તારા જ સંતાનો છીએ, નેકી એટલે કે ભલાઈ થી ભરેલ અમારા કરમ હોય અને બદી એટલે કે બુરાઈ થી અમે બચતાં રહીએ તો જ અમે આ સંસારમાંથી હસતાં હસતાં નીકળી શકીએ.

**જબ જુલમો કા હો સામના,**  
**તબ તુ હી હમેં થામના,**  
**વો બુરાઈ કરે,**  
**હમ ભલાઈ કરે,**  
**નહીં બદલે કી હો કામના,**  
**બઢ ઉઠે પ્યાર કા હર કદમ,**  
**ઔર મીટે બૈર કા યે ભરમ,**  
**નેકી પર ચલે.**

જ્યારે અમારો જુલમ સામનો કરવાની ઘડી આવે, ત્યારે તું જ અમને રોકી રાખજે! એ ભલે બુરાઈ કરે, પણ અમે તો ભલાઈ જ કરીશું. જીવન તરફ જતું એક એક પગલું પ્યાર નું હોય! તારી બનાવેલી દુનિયામાં બધામાં તું જ છે એ સત્ય જાણીને વેરઝેરનો ભ્રમ મટી જાય અને અમે ભલાઈ ના માર્ગ પર ચાલીએ.

**યે અંધેરા ઘના છા રહા,**  
**તેરા ઇન્સાન ગભરા રહા,**  
**હો રહા બેખબર,**  
**કુછ ના આતા નજર,**  
**સુખ કા સૂરજ છિપા જા રહા,**  
**હે તેરી રોશની મેં વો દમ,**  
**જો અમાવસ કો કર દે પૂનમ,**  
**નેકી પર ચલે..**

આ ઘનઘોર અંધારૂ છવાયું છે, તારા બનાવેલાં માનવો ગભરાઈ રહ્યા છે. એ પોતે સચ્ચાઈ અને ભલાઈનાં માર્ગથી ભૂલો પડીને બેખબર થઈ રહ્યો છે.એને સાચું સારું ખોટું ખરાબ કંઈ જ દેખાતું નથી, એટલે કે નક્કી કરી શકતો નથી. માર્ગ ભૂલવાથી સુખનો સૂરજ છૂપાઈ ગયો છે. પણ તારી રોશનીમાં એટલી તાકાત છે કે એ અમાસના અંધારાને પૂનમની ચાંદનીમાં ફેરવી શકે એમ છે.

**બડા કમજોર હે આદમી,**  
**અભી લાખોં હૈં ઈસમે કમીં**  
**પર તું જો ખડા,**  
**હે દયાળુ બડા,**  
**તેરી કૃપા સે ધરતી થમી,**  
**દિયા તુને જબ હમે જનમ,**  
**તુ હી ઝેલેગા હમ સબકે ગમ,**  
**નેકી પર ચલે..**

માનવી બહુ જ કમજોર છે, એનામાં લાખો કમી છે, પણ માનવીને ભરોસો છે કે તે એટલે કે ઈશ્વર એની માટે ઉભો છે,એ બહુ જ દયાળુ છે, એની કૃપાથી જ આ ધરતી ઉભી છે, એણે જ્યારે જન્મ આપ્યો છે, તો અમારા બધાના ગમ એટલે કે મુશ્કેલીઓને તે જ સહન કરશે, જેથી અમે ભલાઈ ના માર્ગે ચાલી શકીએ. યે માલિક તેરે બંદે હમ એ એક પ્રાર્થના છે અને ૧૯૫૭ માં બનેલી,'' દો આંખે બારા હાથ'' ફિલ્મ માટે આ ગીત ભરત વ્યાસ દ્વારા લખાયું છે, ફિલ્મનું સંગીત વસંત દેસાઈ નું છે, આ ગીતને મન્નાડે અને લત્તા મંગેશકર એ ગાયું છે. ફિલ્મના નિર્દેશક વી શાંતારામ છે, અને અને એમણે એ ફિલ્મમાં જેલરની ભૂમિકા નિભાવી છે, અભિનેત્રી તરીકે સંધ્યા રમકડાં વેચવાવાળીની ભૂમિકામાં છે. આ ફિલ્મ મેં જોઈ છે, ફિલ્મની સ્ટોરી એક જેલર પોતાની જેલમાં આવેલા છ ખૂંખાર કેદીઓને સુધારવાનું બીડું ઝડપે છે, એ વિષે આખી ફિલ્મ છે. અનુભવી જેલર પોતાના છ ખૂંખાર કેદીઓને અમેરિકાની ઓપન જેલ પધ્ધતિમાં ગોઠવી માનવીય ગુણોનું સિંચન કરવા પ્રયત્ન કરે છે. ફિલ્મમાં કેદી સાથે એકસૂત્રતા તેમજ મનોરંજન માટે સંધ્યા છે જેણે ‘‘વો જૂઠો કા બડા સરદાર નીકલા’’ ગીત ગાઈ ગંભીરતા ઓછી કરવાનું કામ કરે છે. બળદ કે આખલા સાથેનાં યુધ્ધમાં શાંતારામ સાચે જ એક આંખ ગુમાવે છે.ફિલ્મને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય અનેક એવોર્ડ મળ્યા, જેમાં બર્લિન ફિલ્મ ફેસ્ટિવલ અને સેમ્યુઅલ ગોલ્ડવીન એવોર્ડ મુખ્ય છે. ભારત સરકારે પણ શ્રેષ્ઠ હિન્દી ફિલ્મનો એવોર્ડ આપેલ. અંગ્રેજી ફિલ્મ માય સીક્સ કોનવિક્ટ નો આશ્રય લઈને બનેલી ‘‘દો આંખે બારા હાથ’’ ફિલ્મે દેશમાં એક જેલ સુધારણાની વિચારણા ઉભી કરી હતી. ફિલ્મની અન્ય કોઈ વાતમાં ન જઈએ તો પણ એ ખૂંખાર કેદીઓને સુધારવામાં સફળતા મળે છે. એટલે કે આપણાં નાના મોટા ગુન્હા એની પાસે કંઈ હિસાબમાં નથી! અને ઈશ્વર આપણને ચોક્કસ માંફ કરીને નવ જીવન બક્ષે છે. અથવા કોઈના શુભ આચરણ ને મહત્વ આપી અનુસરણ કરીએ તો ઈશ્વર જીવન ઉજ્જવળ બનાવવાની હજી એક તક આપે છે. સંસાર પણ એક બંધન એટલે કે જેલ છે, અને એને છોડીને આપણે જઈ શકવાના નથી. સાંસારિક વ્યવહાર નિભાવવામાં ભૂલ થાય એ બહુ સહજ છે, એટલે કે આપણે ગુનેગાર પણ છીએ અને અંતર આત્મા એ જેલર બની આપણને એ ભૂલ બીજીવાર ન થાય એ માટે સુધારવા કોશિશ કરતો રહે છે, કે બસ આનાથી મોટો ગુનો થાય નહીં. પણ ફિલ્મમાં જેમ અંત સમય સુધી કેદીઓ જેલરની વાત માનતા નથી એ જ રીતે આપણે પણ અંતર આત્માની વાત માનતા નથી અને જેલર પોતાના હાથ ઉંચા કરી દે છે કે હવે મારાથી કંઈ થશે નહીં! તારા કરમ તું ભોગવ! બસ મોટેભાગે આમ જ આપણા સૌની જીંદગીનો અંત આવે છે. તન ની સ્વસ્થતા જેટલી જ મન સ્વસ્થતા જરૂરી છે! અને મનની સ્વસ્થતા મનની ઈચ્છા પૂરી કરવાથી નથી મળતી, પણ એને સંયમના પાઠ ભણાવવાથી કે પછી અન્યની સરખામણીમાં ઈશ્વરે મને ઘણું આપ્યું છે એવો એક નાનકડો સંતોષ એની અહીંતહીં ની દોડ ઓછી કરશે! આવા ચિંતનને અંતે પ્રાપ્ત થયેલું સત્ય જેટલું ઝડપથી સમજાય એટલું વધું ઝડપથી પરિણામ મળે. આપણે સૌ અત્યાર સુધી જે થયું તે એમ કરી ઈશ્વરને ચરણે જઈ આપણા સારા ખરાબ કર્મનું સરવૈયું રાખી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**ભગવાન શરીર જોતા નથી,ઘર જોતા નથી,ભગવાન કાળજું જુએ છે, મન મોટું હોય તો ભગવાન આવે છે**

# સંસારના વિષયોના સંગથી બગડેલું મન ઈશ્વરનું ધ્યાન કરવાથી સુધરે છે, ભગવાન શરીર જોતા નથી, કાળજું જુએ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**પાપ કરવાની કોઇને પ્રેરણા કરવી પડતી નથી, ત્યારે પુણ્ય કરવાની પ્રેરણા કરવી પડે છે, કારણ કે મન અધોગામી છે, મનુષ્યનું મન પાણી જેમ ઢાળ તરફ વહે છે જળની જેમ મન પણ અધોગામી એટલે નીચે જવાવાળા સ્વભાવનું છે, મનનો સ્વભાવ એવો છે કે ઊંચે ચડતું નથી, નીચે જાય છે, પણ આ મનને ઉપર ચડાવવાનું છે, પરમાત્માના ચરણ સુધી લઈ જવાનું છે, પાણીને યંત્રનો સંગ થાય તો પાણી ઊંચે ચડે છે.**

ભગવદ્ ગીતામાં કહયું છે કે,સંસારના વિષયોમાંથી સર્વ પ્રકારે હટી ગયેલું મન ઈશ્વરમાં લીન થાય છે.મન નિર્વિષ્ય બને છે ત્યારે આનંદરૂપ થાય છે. જીવ જેવો કોઈ લુચ્ચો નથી અને ઈશ્વર જેવો કોઈ ભોળો નથી. બીજાને માટે કરવું પડે છે તો ત્રાસ થાય છે, પણ પોતાનાં સગાં માટે કરવું પડે તો આનંદ થાય છે.રાત્રે અગિયાર વાગ્યે કોઈ મહારાજ બહારગામથી આવશે તો મન કહેશે કે, આ લપ ક્યાંથી આવી? પણ જો રાત્રે બાર વાગ્યે પિયરથી કોઈ ભાઈ આવે ને કહે કે, નાસ્તો કરીને આવ્યો છું. ભૂખ નથી. તોપણ તેને શીરો-પૂરી કરી જમાડશે. આ બધો મનનો ખેલ છે. મન બહુ લુચ્ચું છે. ‘મારું અને તારું’એ મન ના ઊભા કરેલા ખેલ છે.ખરેખર મન એ જ બંધન અને મોક્ષના કારણ રૂપ છે. મા, જીવનાં બધન અને મોક્ષનું કારણ મનને જ માનવામાં આવ્યું છે. મન જો વિષયોમાં આસક્ત થાય તો તે બંધનનું કારણ બને છે અને એજ મન જો પરમાત્મામાં આસક્ત થઈ જાય તો તે મોક્ષનું કારણ બની જાય છે. ભગવાન શરીર જોતા નથી,ઘર જોતા નથી,ભગવાન કાળજું જુએ છે. મન મોટું હોય તો ભગવાન આવે છે. મનમાં રહેલી અહંતા-મમતા, પારકો-મારો જ મનને દુઃખી કરે છે અને તે મનના ધર્મો આત્મ સ્વરૂપમાં ભાસે છે, તેથી આત્મા પોતાને સુખી દુઃખી માને છે. પરંતુ વાસ્તવિક આત્મા તો આનંદરૂપ છે. પાપ કરવાની કોઈને પ્રેરણા કરવી પડતી નથી, ત્યારે પુણ્ય કરવાની પ્રેરણા કરવી પડે છે. કારણ કે મન અધોગામી છે. મનુષ્યનું મન પાણી જેમ ઢાળ તરફ વહે છે જળની જેમ મન પણ અધોગામી એટલે નીચે જવાવાળા સ્વભાવનું છે. મનનો સ્વભાવ એવો છે કે ઊંચે ચડતું નથી, નીચે જાય છે. પણ આ મનને ઉપર ચડાવવાનું છે. પરમાત્માના ચરણ સુધી લઈ જવાનું છે. પાણીને યંત્રનો સંગ થાય તો પાણી ઊંચે ચડે છે. તેમ મંત્રના સંગથી મન ઊંચે ચડે છે. મનને મંત્રનો સંગ આપો. મનને મંત્રનો સંગ થાય તો અધોગતિ મન ઊર્ધ્વગામી બનશે. જેણે પોતાનું મન સુધાર્યું તે બીજાને સુધારી શકે છે. મનને સુધારવા બીજું સાધન નથી. મનને ઊલટું કરવાથી થશે. નમ નમ એટલે નમન -નમ્રતા દીનતા નમ અને નામ મનને સુધારશે માટે મનને સ્થિર કરવા નામ જપની આવશ્યકતા છે. જપથી મનની મલિનતા અને ચંચળતા દૂર થાય છે. માટે કોઈ મંત્રનો જાપ કરો સંસારના વિષયોના સંગથી બગડેલું મન ઈશ્વરનું ધ્યાન કરવાથી સુધરે છે. સર્વના અંતરમાં પરમાત્મા રહેલા છે,તેમ છતાં તે સર્વનાં દુઃખ દૂર કરતા નથી તેમ અંદર બિરાજી રહેલા ચૈતન્યરૂપ પરમાત્મા મન બુદ્ધિને પ્રકાશ આપે છે. ભગવાનનું સ્વરૂપ એવું તેજોમય છેકે આપણા જેવા સાધારણ જીવો તે જોઈ શકે નહીં.ભગવાનનું સગુણ સ્વરૂપ તેજોમય હોવાથી જોઈ શકાતું નથી, તેથી આપણા જેવા માટે તો ભગવાનનું



નામ સ્વરૂપ, મંત્ર સ્વરૂપ ઈષ્ટ છે. ભગવાન ભલે પોતાના સ્વરૂપને છુપાવી શકે પણ નામને છુપાવી શકતા નથી. સ્વરૂપ પ્રગટ લૌકિક વાસના અલૌકિક વાસના થી જ નીકળે છે. અસદ્ વાસનાનો વિનાશ સદવાસનાથી થાય છે માટે કોઈ નામનો દૃઢ આશ્રય કરો. પરમાત્માના છે. મારે જન્મ મરણ ફેરામાંથી મુક્ત થવું છે. મારે ગોલોક ધામમાં જવું છે. મારે આ જન્મમાં પરમાત્માનાં દર્શન કરવાં છે. આવી ભાવના રાખો તો લૌકિક વાસનામાં ફસાયેલું મન સુધરે છે.ફિલ્મ જોવાની વાસના કાઢવી હોય તો પરીક્ષામાં પહેલે નંબરે પાસ થવાની ઈચ્છા રાખવી.એ ઈચ્છા થી પુસ્તક સંગ લાગશે.પુસ્તક સંગથી ફિલ્મ જોવાની ઈચ્છા છૂટી જશે વેરથી વેર નથી શમતું પણ પ્રેમથી વેર શમે છે તે આ જ પ્રમાણે. એક રાજાને ત્યાં એક બકરો હતો રાજાએ જાહેર કર્યું કે, આ બકરા ને પેટ ભરીને જંગલમાંથી કોઈ ચરાવી લાવશે તેને હું મારું અડધું રાજ્ય આપીશ.જાહેરાતસાંભળી તરત એક મનુષ્ય રાજા પાસે આવ્યો .બકરાને પેટ ભરીને ચરાવવું એમાં શું મોટી વાત છે! એમ કહી રાજા પાસેથી તે બકરા ને ચરાવવા લઈ ગયો. તેણે આખો દિવસ સુંદર સુંદર ઘાસ બકરાને ખવડાવ્યું પછી સાંજના તે મનુષ્ય બકરાને રાજા પાસે લાવ્યો. રાજા એ થોડું લીલું લીલું ઘાસ બકરા પાસે મૂક્યું છે. બકરો ઘાસ ખાવા લાગ્યો.રાજાએ પેલા મનુષ્યને કહ્યું કે, તેં ક્યાં પેટ ભરીને ખવડાવ્યું છે? પેટ ભરીને ખવડાવ્યું હોત તો તે ઘાસ ખાત જ નહીં. ઘણા માણસોએ પ્રયત્ન કરી જોયા બકરાને ખૂબ ખવડાવી ને લાવે પણ બકરાને ઘાસ નાખે કે બકરો તે ખાવા ધસે જ.એક સત્સંગીને લાગ્યું કે,રાજા ની આ જાહેરાત પાછળ જરૂર કંઈક રહસ્ય છે.હું યુક્તિથી કામ લઈશ તે બકરાને ચરાવવા લઈ ગયો. બકરા ઘાસ ખાવા જાય કે તરત તેના મોઢા ઉપરએ લાકડીનો ફટકો મારે.બકરાએ જેટલી વખત ઘાસ ખાવાનો પ્રયત્ન કર્યો તેટલી વખત લાકડી ના ફટકા મોઢા ઉપર પડ્યા. અંતે બકરાને ઠસી ગયું કે, ઘાસમાં મુખ નાખીશ તો મને માર પડશે. સાંજના સત્સંગી બકરાને લઈ રાજા પાસે આવ્યો. રાજાએ બકરાને ઘાસ ખાવા નાખ્યું.પણ બકરાએ ઘાસ તરફ જોયું સુદ્ધાં નહીં.તેને બીક હતી કે ઘાસ ખાવા જઈશ તો માર પડશે.એ બકરો તે આપણું મન. બકરાને ઘાસ ચરાવવા લઈ જનારો જીવાત્મા રાજાએ પરમાત્મા.

મનને મારો તેના ઉપર અંકુશ રાખો મનને વિવેકરૂપી લાકડી રોજ મારો મન અહંતા-મમતાથી ભરેલું છે. મન માગે ત્યારે મનને વિવેકરૂપી લાકડી મારશો, તો તે વશ થશે. રામદાસ સ્વામીએ મનને બોધ આપ્યો છે. દૃઢ વૈરાગ્ય,તીવ્ર ભક્તિ અને યમ નિયમાદિના અભ્યાસથી ચિત્ત વશ થાય અને સ્થિર થાય છે, અને છેવટે પ્રકૃતિ ધીમે ધીમે અદૃશ્ય થાય છે. સંસાર ઉપર વૈરાગ્ય લાવવા માટે જન્મ, મૃત્યુ, જરા,વ્યાધિના દુઃખનો વિચાર એ જ એક ઉપાય છે.આ જગતમાં સુખી થવાના બે જ માર્ગ છે એક જ્ઞાન માર્ગ અને બીજો ભક્તિ માર્ગ. જ્ઞાનમાર્ગ કહે છેકે,સર્વ છોડીને પરમાત્મા પાછળ પડો. વૈરાગ્ય વગર જ્ઞાન મળતું નથી. જ્ઞાનમાર્ગમાં વૈરાગ્ય મુખ્ય છે. જ્ઞાનમાર્ગમાં બધું છોડી દેવાનું છે.જ્ઞાની બધું છોડી દે છે અને એક ભગવાનને પકડી રાખે છે. જ્ઞાનમાર્ગમાં ત્યાગ મુખ્ય છે. ભક્તિમાર્ગ કહે છેકે,સર્વનો ત્યાગ કરવો એ અઘરું છે. એના કરતાં સર્વમાં ઈશ્વર છે એમ માની સર્વ સાથે ભાગવત ભાવ રાખી સર્વ સમર્પણ કરવું. ભક્તિમાર્ગમાં સમર્પણ મુખ્ય છે. ભક્તિમાર્ગના આચાર્ય શ્રીકૃષ્ણ છે. ભગવાન શ્રીકૃષ્ણ સર્વ ઉપર પ્રેમ કરે છે. ભક્તિમાર્ગમાં સર્વ સાથે પ્રેમ કરવાનો હોય છે. ભગવાન જેવો પ્રેમ કરનાર કોઈ થયો નથી અને થવાનો નથી.એક વખત ભૃગુઋષિ વૈકુંઠમાં આવ્યા. ભગવાન સૂતેલા છે.લક્ષ્મીજી ચરણની સેવા કરે છે આને મોટો દેવ કોણ કહે આવેલા પરીક્ષા કરવા એટલે એકદમ આવીને ભગવાનની છાતી ઉપર એમણે લાત મારી. ભૃગુઋષિએ છાતીમાં લાત મારી તેમ છતાં છાતીમાં લાત મારનાર ઉપર પણ મારો કનૈયો પ્રેમ કરે છે તેવું માન્યું. ભગવાન કહે છે,મારી છાતી સખત અને તમારા ચરણ કોમળ તમારાં ચરણને દુઃખ થયું હશે. જગતમાં આવો પ્રેમ કરનારો કોઈ છે? પણ માતાજીને જરા ખોટું લાગ્યું. આ કંઈ પરીક્ષા કરવાની રીત નથી. જ્ઞાનીઓ માને છે કે, આ શરીરનો સંબંધ થયો એટલે દુઃખ આવ્યું એટલે જ્ઞાનીઓ આ શરીર સાથે પણ પ્રેમ કરતા નથી. પ્રેમ કરવો હોય તો સર્વ સાથે પ્રેમ કરો અને કોઈ સાથે પ્રેમ ન કરવો હોય તો આ શરીર ઉપર પણ પ્રેમ ન કરવો અને એક પરમાત્મા ઉપર પ્રેમ કરવો. સર્વ સાથે પ્રેમ કરો અથવા સર્વનો ત્યાગ કરો. સર્વનો ત્યાગ તમારાથી ન થઈ શકે તો સર્વમાં ઈશ્વરનો ભાવ રાખી તેની સાથે પ્રેમ કરો. સર્વમાંથી મમતાનો ત્યાગ કરો અથવા સઘળું ઈશ્વરને અર્પણ કરી સર્વ કર્મફળનો ત્યાગ કરો.ભગવદ્ ગીતા જ્ઞાનનું રસપાન આપણે કરી રહયા છીએ ત્યારે ક્યાંક પ્રેસ કે અન્ય ક્ષતિ જણાય તો એક જ્ઞાની વાચક ચાહક મિત્ર તરીકે સુધારીને મનન ચિંતન કરશો તો આનંદ માણી શકશો.. વન નેશન વન ઈલેક્શન રામનાથ કોવિંદના રીપોર્ટને મોદી કેબિનેટની મંજુરી મળી ગઈ છે. આગે આગે દેખો હોતા હૈ ક્યા.. સૌનું કલ્યાણ થાઓ.

### કરણ કોઈ શૂટ માટે થોડાં દિવસ પહેલાં જેસલમેર હતો

# કરણ જોહરે નવા રિયાલિટી શો ‘ધ ટ્રેઈટર્સ’ની જાહેરાત કરી છે

## કરણ જોહર કોઈ શૂટ માટે થોડાં દિવસ પહેલાં જેસલમેર ગયો ત્યારથી તેના નવા શો અંગે ચર્ચાઓ શરૂ થઈ ગઈ હતી

કરણ જોહર કોઈ શૂટ માટે થોડાં દિવસ પહેલાં જેસલમેર ગયો ત્યારથી તેના નવા શો અંગે ચર્ચાઓ શરૂ થઈ ગઈ હતી. ત્યારે હવે તેણે પોતાના ઈન્સ્ટાગ્રામ પર નવા રિયાલિટી શો ‘ધ ટ્રેઈટર્સ’ની જાહેરાત કરી છે. અમેરિકન રિયાલિટી શોનું આ એક ઈન્ડિયન અડોપ્શન છે. કરણ જોહરે મંગળવારે આ અંગે પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટર શેર કર્યું હતું. તેણે લખ્યું,“આ શો એટલો અવિશ્વસનીય હશે કે તમે એક આંખ ખુલ્લી રાખીને ઊંઘશો. હાલ પ્રાઈવ વીડિયો ઈન્ડિયા માટે શૂટ શરૂ થયું છે.” આ ઘટના સાથે સંકળાયેલા એક સૂત્રના જણાવ્યા અનુસાર,“કરણ જોહર આ શોના શૂટ માટે બે અઠવાડિયા જેસલમેરમાં હશે. આ શોના ફોર્મેટ મુજબ શોના કન્ટેસ્ટન્ટે બે અઠવાડિયા સુધી એક જ સ્થળે રોકાવું પડે છે. કરણ જોહર કોઈ શૂટ માટે થોડાં દિવસ પહેલાં જેસલમેર ગયો ત્યારથી તેના નવા શો અંગે ચર્ચાઓ શરૂ થઈ ગઈ હતી, સમગ્ર દેશમાં વિવિધ સ્થળોની મુલાકાત લીધા બાદ શોની ટીમે જેસલમેર પર પસંદગી ઉતારી હતી. કન્ટેસ્ટન્ટે આ શોમાં ટકી રહેવા માટે કેટલાંક ટાસ્કમાં ભાગ લેવો પડશે. પરંતુ આ શોને રસપ્રદ બનાવી રાખવા માટે તેમાં ઘણા ટ્વિસ્ટ્સ અને ટર્ન રાખવામાં આવશે.” એવી પણ ચર્ચાઓ છે કે કરણ કુન્દ્રા, સુદ્ધાંશુ પાંડે, રાજ કુન્દ્રા, અંશુલા કપૂર અને જાસ્મીન ભસીન આ શોમાં ભાગ લઈ રહ્યાં છે, પરંતુ હજુ આ અંગે કોઈ ઓફિશિયલ અનાઉન્સમેન્ટ થઈ નથી. કરણ જોહર હાલ આ શો સાથે ‘દેવરા’ અને ‘જિગરા’ની રિલીઝ માટે પણ વ્યસ્ત છે. સાથે તેની અન્ય ત્રણ ફિલ્મો ‘સની સંસ્કારી કી તુલસી કુમારી’, ‘ધડક ૨’ અને અક્ષય કુમાર સાથેની ફિલ્મ જેનું નામ હજુ નક્કી થયું નથી, તેનું પણ કામ ચાલે છે.



### વિદ્યા બાલનની શાસ્ત્રીય ગાયિકા એમએસ સુબ્બુલક્ષ્મીને ખાસ ટ્રીબ્યુટ

# વિદ્યાએ એમએસ બ્લ્યૂ સાડી પહેરીને વિદૂષી સુબ્બુલક્ષ્મીને યાદ કર્યા હતા

## શાસ્ત્રીય સંગીતના ગાયિકા ભારત રત્ન એમ એસ સુબ્બુલક્ષ્મીનાં જન્મનું આ ૧૦૮મું વર્ષ

પંડિત જવાહરલાલ નહેરુએ જેમને ‘ધ કવીન ઓફ મ્યુઝિક’ કહ્યાં હતાં એવા કર્ણાટકી શાસ્ત્રીય સંગીતના ગાયિકા ભારત રત્ન એમ એસ સુબ્બુલક્ષ્મીનાં જન્મનું આ ૧૦૮મું વર્ષ છે. આ ખાસ ઉજવણીના ભાગરૂપે વિદ્યા બાલને સોશિયલ મીડિયા દ્વારા તેમને ખાસ ફોટોગ્રાફીક ટ્રીબ્યુટ આપી છે. ખાસ વાત એ છે કે સુબ્બુલક્ષ્મીને બ્લ્યૂ કાંચીપુરમ સિલ્કની સાડી પહેરીને પર્ફોર્મ કરવું બહુ ગમતું હતું અને તેમાં પણ એક ગળી બ્લ્યૂ પ્રકારનો શેડ તેમનો ખાસ પસંદગીનો કલર હતો, જે તેમની ઓળખ બની ગયો હતો અને તેથી તેને એમએસ બ્લ્યૂ કલર કહેવાતો. વિદ્યાએ એમએસને શ્રદ્ધાંજલી આપવા આ રંગની સાડી પણ પહેરી હતી. કર્ણાટકી શાસ્ત્રીય સંગીતના ગાયિકા ભારત રત્ન એમ એસ સુબ્બુલક્ષ્મીનાં જન્મનું આ ૧૦૮મું વર્ષ છે પોતાની પોસ્ટની કેપ્શનમાં વિદ્યાએ લખ્યું હતું,“આ ફીચરમાં એમ એસ અમ્માએ ૬૦ અને ૮૦ના દાયકામાં જે ચાર સાડીઓ પહેરીને તેને ખાસ લોકપ્રિય બનાવેલી એવી તેમની ઓળખ સમાન કોન્સર્ટનું ખાસ વ્યક્તિત્વ દર્શાવવાની કોશિશ કરી છે. આ સમૃદ્ધ પરંપરા દર્શાવતી સાડીઓ એક તરફ તેમની ઓળખ હતી તો બીજી તરફ તેમના દેખાવની બીજી ઓળખ કપાળ પર રહેલો પરંપરાગત કુમકુમ અને વિભુતિનો ચાંલ્લો, નાકની બંને બાજુએ ખાસ પ્રકારની ચુંક તેમજ કોંડાઈ (અંબોડો)માં મોગરાની માલ્લિપૂ(વેણી) એ તેમની ઓળખ હતી.” એમ એસ સુબ્બુલક્ષ્મી એક માત્ર એવાં ગાયિકા છે, જેમના નામથી કોઈ રંગ લોકપ્રિય થયો હોય. ત્યારે આ શૂટ કરનારાં પાર્થસારથીએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું, “સિકિલ માલા ચંદ્રશેખર, દક્ષિણ ભારતીય કર્ણાટકી સંગીતના વાંસળીવાદક અને સુબ્બુલક્ષ્મીના પૌત્રવધુને આ સાડી એટલી ગમી ગઈ કે તેમણે પોતાના લગ્ન માટે તેની રેપ્લિકા બનાવડાવી હતી. સુબ્બુલક્ષ્મીના કાર્યક્રમ દરમિયાનના જે કોઈ ફોટો છે, તે મોટા ભાગના બ્લૅક ઍન્ડ વ્હાઈટ ફોટો છે, તેથી તમારે ચોક્કસ રંગ ઓળખવા ઘણા અઘરાં પડે.” તેમણે આગળ કહ્યું, “હસ્ત કારીગરોએ મને કહ્યું કે એમ એસ બ્લૂ કલરની ડાય બનાવવી ઘણી મુશ્કેલ છે. તેથી કોઈ સીનિયર કારીગરના માર્ગદર્શન વિના ઘાટા અને આછા રંગનું મિશ્રણ કરવું શક્ય નથી.” આ પ્રોજેક્ટ માટે પાર્થસારથીને સુબ્બુલક્ષ્મીનાં પુત્રી રાધા વિશ્વનાથન અને ચંદ્રશેખરે ઘણી મદદ કરી, જેના કારણે તેઓ અમુક સાડીઓની રેપ્લિકા તૈયાર કરાવી શક્યા. પાર્થસારથીએ એવું પણ કહ્યું હતું કે તેમણે એમ એસ બ્લ્યૂ સિગ્નેચર સાડી એમ એસ સુબ્બુલક્ષ્મીના અસલ કારીગર પણ નલ્લી ચિન્નાસામી ચેટ્ટી પાસેથી મેળવી હતી.





# બોક્સ ઓફિસ પર ફિલ્મ સ્ત્રી ૨એ શાહરૂખ ખાનની ‘જવાન’ને પછાડી

## બોક્સ ઓફિસ પર જોરદાર કમાણી કરી રહેલી સ્ત્રી-૨ જોતા લાગે છે કે તે અટકવાનું નથી

રાજકુમાર રાવ અને શ્રદ્ધા કપૂરની ફિલ્મ સ્ત્રી ૨નું હાલ બોક્સ ઓફિસ પર શાસન ચાલુ છે. આ ફિલ્મને થિયેટરોમાં રિલીઝ થયાને એક મહિના કરતાં વધુ સમય થઈ ગયો છે અને તે તેની અસર જાળવી રહી છે. ૧૫ ઓગસ્ટે રિલીઝ થનારી આ ફિલ્મ નવી રિલીઝ થયેલી ફિલ્મોને ટક્કર આપી રહી છે. કરીના કપૂર બકિંગહામ મર્ડર્સ, શાહરૂખ ખાનની વીર ઝારા અને શોહમ શાહની તુમ્બાડ, જે થિયેટરોમાં ફરીથી રજૂ કરવામાં આવી હતી, તે પણ સ્ત્રી ૨ની કમાણી પર વધુ અસર કરી શકી નથી. અમર કૌશિક દ્વારા નિર્દેશિત ફિલ્મ સ્ત્રી ૨ એ માત્ર ૨૭ દિવસમાં ગદર થી પઠાણ જેવી ફિલ્મોને પાછળ છોડી દીધી છે. જે બાદ હવે એનિમલ પણ સાઈડ થઈ ગઈ છે. સ્ત્રી ૨ એ ૨૦૧૮ માં રિલીઝ થયેલી હોરર-કોમેડી ફિલ્મ સ્ત્રીની સિક્વલ છે. ૬ વર્ષ પહેલા આવેલા ફિલ્મના પહેલા પાર્ટે ૧૦૦ કરોડનો બિઝનેસ કર્યો હતો. ૨૭માં દિવસે, સ્ત્રી ૨ એ પઠાણને પાછળ છોડી દીધી હતી અને પોતે ત્રીજી સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મ બની હતી. ૨૯માં દિવસે ફિલ્મે ૫૫૫.૦૪ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો જ્યારે મંગળવારનું કલેક્શન ૩ કરોડ રૂપિયા હતું. જોકે બુધવારે કમાણી થોડી ધીમી હતી. આ ફિલ્મે પહેલીવાર એક દિવસમાં ૩ કરોડથી ઓછું કલેક્શન કર્યું હતું. ટ્રેડ એનાલિસ્ટ તરણ આદર્શના જણાવ્યા અનુસાર ૩૪માં દિવસે Stree ૨નું કલેક્શન ૨.૬૫ કરોડ હતું. આ ફિલ્મે અત્યાર સુધીમાં ભારતમાં ૫૮૬ કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે. સ્ત્રી ૨નું ૩૩મા દિવસનું કલેક્શન હજુ પણ શાહરૂખ ખાનના જવાન કરતાં ૨૧૩% વધુ છે. ન્યૂઝ વેબસાઈટ કોઈમોઈ અનુસાર, જવાને ૩૩માં દિવસે બોક્સ ઓફિસ પર ૮૦ લાખ રૂપિયાની કમાણી કરી હતી. આ રીતે Stree 2 એ ઘણા નવા રેકોર્ડ પોતાના નામે કર્યા છે. સ્ત્રી ૨ એ પઠાણના કલેક્શન (૫૪૩.૨૨ કરોડ) અને એનિમલના ૫૫૪ કરોડના કલેક્શનને પાછળ છોડી દીધું છે. આ સિવાય આ ફિલ્મ શાહરૂખ ખાનની જવાનને પાછળ છોડીને હિન્દી વર્ઝનમાં સૌથી વધુ કમાણી કરનાર પ્રથમ ફિલ્મ બની ગઈ છે. આ રીતે, સ્ત્રી ૨ એ વર્ષ ૨૦૨૩ ની દરેક ફિલ્મને હરાવવાનો માઈલસ્ટોન હાંસલ કર્યો છે.







### ઈન્ડસ્ટ્રીમાં હવે ધીરે ધીરે થોડું પરિવર્તન ચોક્કસ છે

# નાના બજેટની ફિલ્મમાંથી મોટી કમાણી કરવાનો ટ્રેન્ડ

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે ૨૦૨૩નું વર્ષ બ્લોકબસ્ટર અને મોટા બજેટની ફિલ્મોનું વર્ષ રહ્યું હતું, જેમાં ‘જવાન’, ‘પઠાણ’ અને ‘એનિમલ’ જેવી મોટા બજેટની એક્શન ફિલ્મોએ સારી એવી કમાણી કરી. તેના કારણે પૅન્ડેમિક પછી સુષુપ્ત અવસ્થામાં જતી રહેલી ઈન્ડસ્ટ્રી ફરી બેઠી થઈ. ૨૦૨૨ના અંતમાં આવેલી ‘ગદર ૨’ અને ‘ધ કેરાલા સ્ટોરી’ પણ ઘણી સારી ચાલી હતી. પરંતુ ૨૦૨૪નું વર્ષ ઈન્ડસ્ટ્રી માટે એવું રીમાઈન્ડર લઈને આવ્યું કે ઈન્ડસ્ટ્રી તેને નકારી શકે નહીં. આ વર્ષે ફિલ્મ મેકર્સને સમજાવ્યું કે મોટા બજેટની ફિલ્મો નહીં ચાલે તો તેનું મોટું નુકસાન વેઠવું પડશે. જેમકે, સાઈ ફાઈ એક્શન ફિલ્મ ‘બડે મિંયા છોટે મિંયા’ અંદાજિત બજેટ ૩૫૦ કરોડની ત્રીજા ભાગની રકમ પણ રીકવર કરી શકી નહીં. જ્યારે ‘સ્ત્રી ૨’ જેવી નાના બજેટની ફિલ્મનું બજેટ માંડ ૫૦-૬૦ કરોડનું હતું. જે લગભગ ૭૭૭ કરોડન કમાણી કરી ચૂકી છે. આમ એ આ વર્ષની અત્યાર સુધીની સૌથી મોટી હિટ બની ગઈ છે. આ જ રીતે માત્ર ૬૦ કરોડના બજેટમાં બનેલી અજય દેવગનની ‘શૈતાન’ પણ સારી ચાલી અને લગભગ ૨૧૦ કરોડ જેટલી કમાણી કરી લીધી. ફિલ્મ મેકર્સ અને ઈન્ડસ્ટ્રીના અન્ય લોકો એટલું સમજ્યા છે કે નાના બજેટની ફિલ્મો રીલિઝ પહેલાં ભલે કોઈ સફળતાની ખાતરી ન આપી શકતી હોય પરંતુ પાછળથી અને ધીરે ધીરે હિટ થઈ જાય છે. આવું જ ‘મુંજ્યા’ અને ‘આર્ટીકલ ૩૭૦’ના કિસ્સામાં પણ બન્યું, ૩૦ કરોડના ખર્ચે બનેલી ‘મુંજ્યા’ની કમાણી ૧૩૨ કરોડે પહોંચી જ્યારે ૨૦ કરોડાના ખર્ચે બનેલી ‘આર્ટિકલ ૩૭૦’ ૧૧૦ કરોડ કમાઈ ગઈ. તો જે ફિલ્મો પાસે ખાસ કોઈ અપેક્ષા નહોતી તેવી તબ્બુ, કરીના, ક્રિતિ સેનનની ‘ક્રૂ’, વિકી કૌશલ તૃપ્તિ ડિમરીની ‘બેડ ન્યૂઝ’ તેમજ બિલકુલ ઓછા બજેટની નાની ફિલ્મ ‘લાપતા લેડીઝ’ કે ‘મડગાંવ એક્સપ્રેસ’ને વિવેચકો અને ફિલ્મ રસિકોએ ખુબ વખાણી. ઈન્ડસ્ટ્રીમાં હવે ધીરે ધીરે થોડું પરિવર્તન ચોક્કસ આવી રહ્યું છે, પરંતુ હિન્દી સિનેમા હજુ પણ એ પ્રવાહમાં આગળ ચાલે છે કે શાહરુખ, સલમાન કે આમિર કે અક્ષય અને અજય જેવા સુપરસ્ટાર હશે અને તેમના રોલ મહત્વના હશે તો જ ફિલ્મ ચાલશે. તેઓ ફી પણ ખુબ તગડી વસુલે છે. આ બધાં જ હિરો હવે ૫૦ની ઉમર વટાવી ગયા છે, તો તેઓ આજના યુથને બહુ લાંબો વખત સુધી અપીલ કરી શકશે નહીં. છેલ્લા ઘણા વખતથી અક્ષયની એક પણ ફિલ્મ ચાલી નથી.

### આજે પણ ઇન્ડસ્ટ્રીમાં કલાકારો માટે ભેદભાવ રાખવામાં આવે છે

# મને બાળક આવ્યા બાદ ભાભી પ્રકારના રોલ મળવા લાગ્યા હતા : રુબિના દિલૈક

ટીવીના જાણીતા કલાકારો રૂબિના દિલૈક અને અભિનવ શુક્લાને ત્યાં ગયા વર્ષે નવેમ્બર મહિનામાં જોડીયા દિકરીઓ જીવા અને એદાનો જન્મ થયો. ત્યારે હવે ફરી રૂબિના કામ કરવા માટે તૈયાર છે. તાજેતરમાં તેણે તેની સામે માતા બન્યા પછી આવી રહેલાં પડકારો વિશે વાત કરી હતી. રૂબિના હાલ પોતાનો ચૅટ શો ‘કિસીને બતાયા નહીં’ હોસ્ટ કરી રહી છે. તેમાં તે પૅરેન્ટિંગને લગતી વાતો કરે છે. તાજેતરનાં તેના એપિસોડમાં જાણીતો કલાકાર શરદ કેલકર આવ્યો હતો, ત્યારે રૂબિનાએ પોતાના પડકારો અંગે પણ ખુલાસો કર્યો હતો. ઈન્ડસ્ટ્રીમાં રહેલાં મહિલા કલાકારો માટેના ભેદભાવ અંગે વાત કરતાં રૂબિનાએ કહ્યું,“જ્યારે ફિમેલ એક્ટર્સને બાળક આવે છે, ત્યારે તેઓ ડિલીવરી પછી વજન ઘટાડી દે તો પણ તેમને એક જ પ્રકારના બીબાંમાં બંધ કરી દેવામાં આવે છે. મને ભાભી પ્રકારના રોલ મળવા માંડ્યા છે.” આ વાતના પ્રતિસાદમાં શરદે કહ્યું હતું,“હું તમને કહું, આ બહુ ક્રુર સત્ય છે, પરંતુ આ જ હકીકત છે, તમે તે નકારી ન શકો. એક પુરુષ કલાકારની મુખ્ય કલાકાર તરીકેની કારકિર્દી મહિલા કલાકાર કરતાં લાંબી હોય છે..તેમાં ભેદભાવ નથી, પરંતુ એ જ પ્રેક્ટિકલ છે. કારણ કે તમે ૧૮ વર્ષે મુખ્ય કલાકાર તરીકે કામ કરવાનું શરૂ કરી દીધું અને તમે કમ સે કમ ૧૦ વર્ષ સુધી ટીવીના સ્ટાર હતાં. હવે બીજાનો વારો છે.” રૂબિનાએ ૨૦૨૩ના એક ઈન્ટરવ્યુમાં નવી બનેલી મા તરીકે વાત કરતાં એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું,“મારી આ પહેલી પ્રેગ્નન્સી હતી, જેમાં મારે જોડીયાં દિકરીઓ આવી, તેથી અમારી પાસે સહેલાં કે અઘરાનાં કોઈ ઉદાહરણ કે ધારાધોરણો હતાં નહીં. અમે આ નવ મહિના દરમિયાન અમારા મનથી તૈયારીઓ કરી રહ્યાં હતાં. એક બાળક હોય કે બે, તૈયારીઓ તો સરખી જ હોય છે. એક સાથે ઘણું ચાલી રહ્યું છે, એ મારા માટે જ નહીં પણ સમગ્ર પરિવાર માટે એક પડકાર છે. બધાં જ આ નવી લાઈફમાં એડજસ્ટ કરવાની કોશિશ કરી રહ્યાં છે.” રૂબિના ‘છોટી બહુ’, ‘શક્તિ’, ‘પુનર્વિવાહ એક નયી ઊડાન’ તેમજ ‘જિની ઔર જૂજૂ’ જેવા શો કરી ચૂકી છે. તેમજ તે બિગબોસ ૧૪ની વિજેતા રહી ચૂકી છે અને ‘ફિઅર ફેક્ટર’, ‘ખતરોં કે ખિલાડી ૧૨’ અને ‘ઝલક દિખલા જા ૧૦’માં ભાગ લઈ ચૂકી છે, જેમાંથી ઝલક શોમાં તે બીજા નંબરે રહી હતી.



# ‘ભૂલભુલૈયા’ સાથે ટક્કર લેવાના બદલે અજય દેવગન રિલીઝ ડેટ બદલવા માગે છે

## ‘ભૂલભુલૈયા ૩’ અને અજયની ‘સિંઘમ અગેઇન’વચ્ચેના ક્લેશની વાત તો બધાં જ જાણે છે

કાર્તિક આર્યનની ‘ભૂલભુલૈયા ૩’ અને અજય દેવગનની ‘સિંઘમ અગેઈન’વચ્ચેના ક્લેશની વાત તો બધાં જ જાણે છે. બંને ફિલ્મના પ્રોડ્યુસર પોતાની તારીખ પર અડી ગયેલાં છે. પરંતુ કાર્તિક આર્યન પોતાની ફિલ્મ રિલીઝ બચાવાવ માટે પોતાનાથી થતાં બધાં જ પ્રયત્નો કરી છૂટવા માગે છે. તે આ ફિલ્મો વચ્ચેને ટક્કર ટાળવા માગે છે. બંને મોટા બજેટની ફિલ્મો છે અને બંનેને ટક્કરના કારણે નુકસાની વેઠવી પડી શકે છે. સૂત્રોના આધારે એવા કેટલાંક અહેવાલો આવી રહ્યા છે કે કર્તિક આર્યને ફોન કરીને રોહિત શેટ્ટીને વિનંતિ કરી છે કે તેઓ ‘સિંઘમ અગેઈન’ની રિલીઝ બદલે. ત્યારે હવે એવું લાગી રહ્યું છે કે રોહિત શેટ્ટી અને અજય દેવગન બંને આ વિનંતિને ધ્યાનમાં લેશે. એક સૂત્ર દ્વારા જાણવા મળ્યું છે,“કાર્તિક આર્યને રોહિત શેટ્ટીને ફોન કરીને તેમની ફિલ્મની રિલીઝ ડેટ બદલવા વિનંતિ કરી છે. કાર્તિક ૧ નવેમ્બરે ‘ભૂલભુલૈયા’ રિલીઝ કરવા માગે છે. તેથી તેણે રોહિત શેટ્ટીને ‘સિંઘમ અગેઈન’ ૧૫ નવેમ્બરે રિલીઝ કરવા વિનંતી કરી છે. ટક્કર થવાને બદલે જો બંને ફિલ્મો વચ્ચે બે અઠવાડિયાનો સમય મળે તો બંને ફિલ્મોને ફાયદો થઈ શકે. રોહિતે તેને કહ્યું છે કે તે વિચારીને જવાબ આપશે.” ત્યાર બાદ અજય દેવગન અને રોહિત શેટ્ટી વચ્ચે મુલાકાત થઈ હોવાના અહેવાલો પણ છે. ફિલ્મ સાથે સંકળાયેલી એક વ્યક્તિના જણાવ્યા અનુસાર, “હાલ હોરર કોમેડી ફિલ્મોનો દોર ચાલી રહ્યો છે. ત્યારે ‘સ્ત્રી ૨’ને મળેલી સફળતા બાદ ‘ભુલભુલૈયા ૩’ને બિલકુલ હળવાશથી લઈ શકાય તેમ નથી. તેથી ‘સિંઘમ અગેઈન’ની ટીમ ૨ણ ૧૫ નવેમ્બરે એકલી રિલીઝ થનાજ્ઞરી ફિલ્મ હોય તેવું વિચારી શકે છે.” પરંતુ આ અંગે કોઈ આખરી નિર્ણય હજુ લેવાયો નથી. સૂત્રએ જણાવ્યું, “સિંઘમ એક મોટા બજેટની ફિલ્મ છે. તેથી અંતિમ નિર્ણય લેતાં પહેલાં મેકર્સ બધાં જ ફાયદા અને ગેરફાયદા પર વિચાર કરી રહ્યાં છે. ૨૪ કલાકમાં તારીખ અંગે અંતિમ નિર્ણય લેવાઈ જશે. જો સ્ત્રી ૬૦૦ કરોડથી પણ વધુ કમાણી કરી શકતી હોય તો જેમાં વિદ્યા બાલન, માધુરી દિક્ષિત, તૃપ્તિ ડિમરી અને કાર્તિક આર્યન જેવા કલાકારો હોય એ ફિલ્મ તો તેનાથી પણ વધુ કમાણી કરી શકે છે.”





# ઝાલોદ નગરમાં ખાટું શ્યામ જતા પગપાળા સંઘનુ સ્વાગત શ્યામ પરિવાર દ્વારા કરવામાં આવ્યું

## લીમડી થી અંદાજીત ૭૦૦ કિલોમીટર પગપાળા સંઘ પહેલી વાર ખાટું શ્યામ જવા નીકળ્યો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૯ ।

લીમડી નગરથી માળી સમાજના સંઘ દ્વારા ખાટું શ્યામ પગપાળા જવા માટે તારીખ ૧૮-૦૯-૨૦૨૪ બુધવારના રોજ સંઘ રવાના થયો હતો આ પગપાળા જતા સંઘના સંચાલકો દ્વારા બાબા ખાટું શ્યામનો રથ એક ફોર વ્હીલરમા બનાવ્યો હતો. આ ફોર વ્હીલર ગાડીમાં બાબા શ્યામના લીલા ઘોડાને બેસાડી ખાટું શ્યામ જવા માટેની દોર સોપવામાં આવી હતી. લીમડી થી પગપાળા જતા સંઘ દ્વારા પહેલા લીમડી નગરમાં બાબા શ્યામના રથ સાથે અને ડી.જે પર શ્યામ બાબાના ભજન સાથે નગરમાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી.

લીમડી થી પગપાળા જતા સંઘને અંદાજીત ૭૦૦ કિલોમીટરની યાત્રા પર જતા સંઘને ૭૦ થી વધુ લોકો ઝાલોદ સુધી આવ્યા હતા આ પગપાળા સંઘનુ સ્વાગત નગરના શ્યામ પરિવાર દ્વારા ભવ્ય રીતે કરવામાં આવ્યું હતું. નગરના વણકતલાઈ મંદિરે તમામ યાત્રામા જનાર વ્યક્તિઓ અને સાથે આવનાર લોકો માટે પ્રસાદની વ્યવસ્થા શ્યામ પરિવાર દ્વારા કરવામાં આવી હતી. લીમડી થી ખાટું શ્યામ જનાર યાત્રીઓએ નગરમાં બાબા શ્યામની આરતી કરી યાત્રા સુખદ રીતે પૂર્ણ થાય તેવા આશીર્વાદ લઈ પગપાળા સંઘ ઝાલોદ નગરથી નીકળ્યો હતો અંદાજીત ૨૫ જેટલા લીમડાના યુવાઓ બાબા શ્યામના પગપાળા જતી યાત્રામાં જોડાયા હતા. છેલ્લે શ્યામ પરિવાર ઝાલોદ દ્વારા સહુની યાત્રા સુખદ અને મંગલમય રહે તેવી શુભેચ્છાઓ યાત્રિકોને પાઠવી હતી.

# સ્વચ્છતા હી સેવા અંતર્ગત ઝાલોદ નગરપાલિકા દ્વારા યોગ શિબિર અને સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૯ ।

સ્વચ્છતા હી સેવાના ભાગરૂપે ઝાલોદ નગર પાલિકા દ્વારા આજરોજ ૧૯-૦૯-૨૦૨૪ ગુરુવારના રોજ સિટી સિવિલ કેન્દ્ર મુવાડા ખાતે IECના ભાગરૂપે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું આ યોગ શીબીરમા નગર પાલિકાનો સ્ટાફ તેમજ નગરજનોએ ભાગ લીધો હતો. તેમજ નગરપાલિકા દ્વારા આ અભિયાન હેઠળ બસ સ્ટેશન વિસ્તારમાં સફાઈ અભિયાન પણ હાથ ધરવામાં આવી હતી. ભારત સરકાર દ્વારા ૧૭ ઓક્ટોબર થી ૩૧ ઓક્ટોબર સુધી સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ અંતર્ગત સેવા પખવાડિયા ઉજવવાનું નક્કી કરવામાં આવેલ છે.

# અમદાવાદ પ્રાદેશિક માહિતી કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા કચેરીમાં સ્વચ્છતાની કામગીરી કરવામાં આવી



। (માહિતી) અમદાવાદ, તા.૧૯ ।

સ્વચ્છતા હી સેવા અભિયાન -૨૦૨૪ અંતર્ગત પ્રાદેશિક માહિતી કચેરી અમદાવાદના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા કચેરીમાં સફાઈની કામગીરી કરવામાં આવી હતી. સ્વચ્છતા અભિયાન અંતર્ગત અમદાવાદ માહિતી કચેરીમાં ઓફિસના ટેબલ, પંખા, ટ્યુબલાઈટ, દીવાલો, દરવાજા, બારીઓ, તિજોરીઓ અને કચેરી પરિસરની સફાઈ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, સ્વચ્છતા હી સેવા-૨૦૨૪ અભિયાન ૧૭ સપ્ટેમ્બરથી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૪ સુધી કાર્યરત રહેશે જેમાં અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્વચ્છતા અંગેના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.





તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ



દાહોદ DTO સાહેબના માર્ગદર્શન હેઠળ ગરાડુ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના અનવરપુરા આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે શંકાસ્પદ ટીબી ના પેશન્ટનો સ્ક્રિનિંગ કરવામાં આવ્યું જેમાં ૬૬ શંકાસ્પદ લોકો નું સ્ક્રિનિંગ થયું જેમાં CHO લેબોરેટરી ટેક MPHW, FHW આશા બેન દ્વારા કામગીરી કરવામાં આવી.

# ધોળકાના સગરવાળામાં આયુષ્માન આરોગ્ય મંદિરના નવીન મકાનનું ભૂમિપૂજન કરવામાં આવ્યું



। (માહિતી) અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના સરગવાળા ગામ ખાતે જિલ્લા પંચાયતની આરોગ્ય શાખાના આયુષ્યમાન આરોગ્ય મંદિરના નવીન મકાનનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. ઉપરાંત, સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત ઉપસ્થિત સૌ લોકોએ સ્વચ્છતા શપથ લીધી હતી. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી કિરીટસિંહ ડાભી, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન શ્રી ગોવિંદભાઈ મકવાણા, જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન શ્રી રમેશભાઈ મકવાણા, CDHO ડૉ. શ્રી શૈલેષભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

# વિરમગામ નગરપાલિકા તેમજ નગરની વિવિધ શાળાના ૩૫૦ જેટલા વિદ્યાર્થીએ સ્વચ્છતા રેલી અને સ્વચ્છતા માટે શ્રમદાન કર્યું



। (માહિતી) અમદાવાદ, તા.૧૯ ।

સ્વચ્છતાના સદગુણને દૈનિક જીવનનો ભાગ બનાવવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિચાર અને પ્રયાસને પરિણામે દેશભરમાં 'સ્વચ્છતા હી સેવા' અભિયાનની વ્યાપક અમલવારી થઈ રહી છે. જેના અનુસંધાને અમદાવાદ જિલ્લાના વિરમગામમાં નગરપાલિકા અને વિવિધ શાળાઓએ સફાઈ ઝુંબેશ હાથ ધરી હતી. વિરમગામ નગરની આનંદ મંદિર, દિવ્ય જ્યોત, કે.બી. શાહ શાળા, ત્રિપદા શાળા, નવયુગ વિધાલય વગેરે શાળાના અંદાજિત ૩૫૦ જેટલા વિદ્યાર્થીએ નગરમાં સ્વચ્છતા યાત્રા યોજી હતી. આ યાત્રામાં 'સ્વચ્છતા અપનાવો, જીવન બચાવો...', 'ગંદકીને છોડો, સ્વચ્છતાને જોડો...', 'લેટ્સ મેક રાઈટ ચોઈસ એન્ડ યુઝ ડસ્ટબીન' જેવાં લખાણવાળા પ્લેકાર્ડ દર્શાવી લોકોને સ્વચ્છતા માટે જાગૃત કરવાનો અસરકારક પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ રેલીની સાથોસાથ વિરમગામ નગરપાલિકાના સહયોગથી નગરનાં જાહેર સ્થળોની સફાઈ પણ કરવામાં આવી હતી. જેમાં નગરનાં બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન, ભરવાડી દરવાજા, ગોલવાડી, રિક્ષા સ્ટેન્ડ ખાતે ઝાડુથી કચરો સાફ કરીને નિયમિત સફાઈની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી. આ ઉપરાંત વેપારીઓ, વાહનચાલકો સહિત સામાન્ય નાગરિકોને તેમની આસપાસ શક્ય તેટલી ગંદકી ઘટાડીને ઘર, ઓફિસ અને જાહેર સ્થળોને સ્વચ્છ અને સુઘડ રાખવા માટે સમજાવવામાં આવ્યા હતા.

# કાપડ મંત્રાલયે સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ અભિયાન શરૂ કર્યું

## ગિરિરાજ સિંહે બિહારના સિમરિયામાં સ્વચ્છતા માટે શ્રમદાનમાં ભાગ લીધો




। નવી દિલ્હી, તા.૧૯ ।

ગઈકાલથી 'સ્વચ્છતા હી સેવા ઝુંબેશ ૨૦૨૪'ની શરૂઆત સાથે, કાપડ મંત્રાલયે મંત્રાલય હેઠળની વિવિધ કચેરીઓમાં ઉજવણીની શરૂઆત કરી

બિહારના સિમરિયા ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જ્યાં કેન્દ્રીય કાપડ મંત્રી શ્રી ગિરિરાજ સિંહે સ્વચ્છતા માટે શ્રમદાનમાં ભાગ લીધો હતો અને 'એક પેડ મા કે નામ' અભિયાન હેઠળ વૃક્ષારોપણ કર્યું હતું.

સ્વચ્છતા હી સેવા ઝુંબેશ ૨૦૨૪ના પ્રથમ દિવસે ટેક્સટાઈલ સેક્રેટરી સુશ્રી રચના શાહે ટેક્સટાઈલ મંત્રાલય, ઉદ્યોગ ભવન, નવી દિલ્હી ખાતે અધિકારીઓને સ્વચ્છતાને તેમના દૈનિક જીવનના અભિન્ન અંગ તરીકે સ્વીકારવા માટે સ્વચ્છતા પ્રતિજ્ઞા લેવડાવી હતી.

મંત્રાલયના કાર્યક્ષેત્ર હેઠળની અન્ય સંસ્થાઓએ પણ અભિયાનના પ્રથમ દિવસે સ્વચ્છતા સંકલ્પ લીધા. મંત્રાલય અને અન્ય સંસ્થાઓમાં ઓફિસ બિલ્ડિંગમાં અગ્રણી



સ્થાનો પર સ્ટેન્ડી સ્થાપિત કરવામાં આવ્યા છે. મંત્રાલય અને મંત્રાલય હેઠળની તમામ સંસ્થાઓની વેબસાઈટના ડેશબોર્ડ પર સ્વચ્છતા હી સેવાનું બેનર અપલોડ કરવામાં આવ્યું છે. મહત્તમ પહોંચ અને સંલગ્નતા સુનિશ્ચિત કરવા માટે, અભિયાનની પ્રવૃત્તિઓને સમગ્ર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શેર કરવામાં આવી રહી છે જે સ્વચ્છતાના સંદેશને વિસ્તૃત કરે છે.

સ્વચ્છતા હી સેવા ઝુંબેશ ૨૦૨૪, રોજિંદા જીવનમાં સ્વચ્છતા અને સ્વચ્છતા પ્રત્યેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત કરવાના ઉદ્દેશ્યથી રાષ્ટ્રવ્યાપી પહેલ, મંત્રાલયના કાર્યક્ષેત્ર હેઠળની તમામ સંસ્થાઓમાં ઉજવવામાં આવી રહી છે.

## તાપી જિલ્લાની શિવદૂતિ સાયન્સ સ્કુલ ખાતે

# તાપી જિલ્લા કક્ષાનો યુવા ઉત્સવ, બાળ પ્રતિભા શોધ સ્પર્ધા તથા નાટ્ય અને નૃત્ય નાટિકા સ્પર્ધા કાર્યક્રમ યોજાયો

। (માહિતી) તાપી, તા.૧૯ ।

રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર તથા કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગર દ્વારા આયોજીત તથા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી,તાપી દ્વારા તાપી જિલ્લાની શિવદૂતિ સાયન્સ સ્કુલ ખાતે તાપી જિલ્લા કક્ષાનો યુવા ઉત્સવ,બાળ પ્રતિભા શોધ સ્પર્ધા તથા નાટ્ય અને નૃત્ય નાટિકા સ્પર્ધા -૨૦૨૪ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી મોહનભાઈ ઢોડિયાએ વિશેષ ઉપસ્થિતી નોધાવી સ્પર્ધકોમાં ઉત્સાહ વધાર્યો હતો.

આ પ્રંસગે ઉપસ્થિત કલાકારોને પ્રોત્સાહન આપતા ધારાસભ્યશ્રી મોહનભાઈ ઢોડિયાએ જણાવ્યું હતુ કે વિવિધ સાસ્કૃતિક કલાકૃતિઓ વિસરાઈ ગઈ હતી તેને તાજી કરવાનું કામ આપણા દેશના વડા પ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ



કર્યું છે. કલામાહાકુંભ અને યુવા મહોત્સવ જેવા વિવિધ કાર્યક્રમો થકી આપણામાં રહેલી કલાત્મક ઉર્જાને બહાર લાવવાનું ભગીરથ કાર્ય કરવામાં આવી રહ્યુ છે. વધુમાં ધારાસભ્યશ્રીએ જણાવ્યું હતું કે આજે તાપી અને ડાંગ જેવા આદિવાસી વિસ્તારના દિકરા-દિકરીઓ રમત-ગમત અને વિવિધ સાસ્કૃતિક પ્રવૃતિમાં ભાગ લઈ રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાએ વિજેતા બની દેશનું ગૌરવ વધારી રહ્યા છે.

# વલસાડ જિલ્લા વિકાસ અધિકારીશ્રીના અધ્યક્ષસ્થાને એનજીઓ સાથે બેઠક યોજાઈ

। (માહિતી) વલસાડ, તા.૧૯ ।

વલસાડ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, નિવાસી અધિક કલેકટર અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી દ્વારા જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન-ગ્રામ્ય હેઠળ "સ્વચ્છતા હી સેવા" કેમ્પેઈન અંતર્ગત NGO (નોન ગવરમેન્ટ ઓર્ગેનાઈઝેશન) સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા તમામ NGOની ભાગીદારી સાથે વલસાડ જિલ્લાના તમામ ગામોને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે નક્કી કરેલી CTUs (Cleaness Targ[a] Units)ની સાફ સફાઈ કરી સ્વચ્છતાલક્ષી વિવિધ પ્રવુત્તિમાં સહભાગી બનવા અપીલ કરી હતી. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી દ્વારા સ્વચ્છ ભારત મિશન- ગ્રામ્ય અને સ્વચ્છતા હી સેવા કેમ્પેઈન બાબતે વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી.



"સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા" ના સૂત્ર સાથે તમામ ગામોને સ્વચ્છ બનાવવા અને નક્કી કરેલા CTUs ( Cleaness Targ[a] Units) ની સાફ-સફાઈ કરવા તેમજ ગામોમાં વિવિધ IEC પ્રવુત્તિ કરી ગામોને સ્વચ્છ બનાવવા તમામ NGO દ્વારા ખાતરી આપવામાં આવી હતી. સ્વચ્છતા બાબતે અધિકારીશ્રીઓ દ્વારા વિવિધ સૂચનો આપવામાં આવ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગમાં લઈ શકાય. વગર સૂચના કોઈ દેણદાર આજે તમારા એકાઉન્ટ માં પૈસા નાખી શકે છે જેના લીધે તમે આશ્ચર્યચકિત અને ખુશ થયી શકો છો? એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. આજે તમને જાણ થશે કે તમારું પ્રિયપ ાત્ર તમને અનંતકાળ સુધી પ્રેમ કરશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે થોડી મોજ-મજા માટે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો. આજે ધન લાભ થવાની શક્યતા તો છેજ પરંતુ એવું પણ થયી શકે છે કે પોતાના ગુસ્સેલ સ્વભાવ ના લીધે તમે પૈસા કમાવા માં સક્ષમ ના થયી શકો. જો આખા પરિવારનો સમાવેશ થતો હોય તો મનોરંજન ખરેખર રસપ્રદ સાબિત થશે. તમારી ગર્લફ્રેન્ડ સાથે બિભત્સ ન થતાં. કામમાં ધીમી પ્રગતિ નાનકડું ટેન્શન લાવશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે ધાર્મિક લાગણી ઊભી થશે અને તેનાથી તમે કોઈક સંતપુરૂષ પાસેથી દૈવી જ્ઞાન મેળવવા કોઈક ધાર્મિક સ્થળની મુલાકાત લેશો. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે. તમારા મિત્ર સાથે બહાર જાવ ત્યારે સારી રીતે વર્તો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારા જીવનસાથીનું વફાદાર હૃદય અને હિંમતવાન મનોબળ તમને કદાચ આનંદ આપશે. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે માત્ર તમે જ જાણો છો કે તમને શું જોઈએ છે-આથી દ્દઢ અને નીડર બનો અને ઝડપી નિર્ણય લો અને પરિણામો સાથે જીવવાની તૈયારી રાખો. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. સ્કૂલ પ્રૉજેક્ટ પૂરો કરવા બાળકો તમારી મદદ માગી શકે છે. રૉમાન્સ માટે ઉત્સાહજનક દિવસ-સાંજ માટે કોઈક ખાસ યોજના બનાવો અને તેને શક્ય એટલી રૉમેન્ટિક બનાવો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારા જીવનસાથીનો પ્રેમાળ મિજાજ તમારો દિવસ ઉલ્લાસભર્યો બનાવશે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો? તમને પરિવારના સભ્યો સાથે કેટલીક મુશ્કેલીઓ હશે પણ તેને તમારા મગજની શાંતિ હણવા ન દો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારે બેસવાની અને આરામ કરવાની-તથા શોખમાં ઓતપ્રોત થવાની તથા તમને જે કરવું ગમે છે તે કરવાની જરૂર છે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. વ્યાજબી રહેવાનો પ્રયાસ કરજો ખાસ કરીને એવા લોકો સાથે જેઓ તમને પ્રેમ કરે છે અને તમારી દરકાર કરે છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં તમને મુશ્કેલી પડતી હોય તેવું લાગશે-કેમ કે તમારી તબિયત આજે બરાબર નથી. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું તે લોકો ને તે ધન થી લાભ થવાની શક્યતા છે. મિત્રો તમારા અંગત જીવનમાં જરૂર કરતાં વધારે ચંચૂપાત કરશે. તમારી વાત સાચી સાબિત કરવા માટે તમે આજ ના દિવસે તમારા જીવનસાથી સાથે ઝઘડો કરી શકો છો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે અન્યો વિરૂદ્ધ વેરઝેરની ભાવના પોષવાથી તમને માનસિક તાણ મળશે. તમારે આવા વિચારો ટાળવા જોઈએ કેમ કે તેઓ જીવન બગાડનારા તથા તમારી ક્ષમતાનો નાશ કરનારા હોય છે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે કામનું દબાણ આજે તાણ તથા ટેન્શન લાવી શકે છે. આગળ જતાં જેનું મૂલ્ય વધવાનું છે એવી ચીજ ખરીદવા માટે શ્રેષ્ઠ દિવસ. જેઓ સંવેદનશીલ પુનરાશ્વાસન શોધી રહ્યા છે તેમની મદદે તેમના વડીલો આવશે. લાંબા સમયથી તમને ઝકડી રાખનારો એકાંતભર્યો તબક્કો પૂરો થાય છે-લાગે છે કે તમને તમારો સાચો સાથી મળી ગયો છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે ઘરનું ટેન્શન તમને ગુસ્સે કરશે. તેને દબાવવાથી શારીરિક સમસ્યા વધશે. શારીરિક પ્રવૃત્તિ દ્વારા તેનાથી છૂટકારો મેળવો. હેચેન કરનારી પરિસ્થિતિને છોડી દેવી જ બહેતર છે. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે.







રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ મધ્યપ્રદેશના ઉજ્જૈનના શ્રી હાકાલેશ્વર મંદિરમાં દર્શન કર્યા હતા અને જલાભિષેક કર્યો હતો.

# ભારત અને અમેરિકાના સંબંધોથી ચીન-રશિયા ચિંતિતઃ અમેરિકન ડિપ્લોમેટ

## બાઇડેને કહ્યું હતું કે, જો અમેરિકા અને ભારત ઘનિષ્ઠ મિત્રો અને ભાગીદાર બનશે તો વિશ્વ પણ સુરક્ષિત સ્થળ હશે



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૯ ।

ચીન અને રશિયા ભારત અને અમેરિકાના મજબૂત બનતા સંબંધોથી ચિંતિત છે. બંને દેશ સર્વસમાવેશિતા, શાંતિ અને વિવાદોનો શાંતિપૂર્ણ ઉકેલને પ્રોત્સાહન આપે છે અને સમાજમાં જુદા જુદા વર્ગોના મતનું સન્માન કરતા હોવાથી ચીન અને રશિયા ચિંતામાં છે એવી ટિપ્પણી અમેરિકાના ટોચના રાજદ્વારીએ સોમવારે કરી હતી. પ્રતિષ્ઠિત હડસન ઈન્સ્ટિટ્યુટમાં ડેપ્યુટી સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર મેનેજમેન્ટ અને રિસોર્સિસ રિચર્ડ વર્માએ જણાવ્યું હતું કે, "તમને શું લાગે છે કે ચીન અને રશિયા આ (ભારત-અમેરિકાની) ભાગીદારીથી આટલા ચિંતિત કેમ છે? કારણ કે અમે બાકીના વિશ્વને સર્વસમાવેશિતા, શાંતિ, વિવાદોનો શાંતિપૂર્ણ ઉકેલ તેમજ કાયદાના પાલન અંગે શીખવીએ છીએ. ભારત અને અમેરિકા સમાજના દરેક વ્યક્તિનો અવાજ સાંભળે છે." તેમણે વધુમાં જણાવ્યું હતું કે, "ભારત અને અમેરિકા વચ્ચેનો સંબંધ અમેરિકાના ઘણા વિરોધીઓના અન્ય દેશ સાથેના સંબંધ કરતા 'બહુ અલગ' છે. પ્રેસિડેન્ટ જો બાઈડેને આ વિશેષતાને કારણે જ બંને દેશના સંબંધોને 'વર્તમાન શતાબ્દીના સૌથી મહત્વના સંબંધ' તરીકે ઓળખાવ્યો છે. રિચર્ડ વર્માએ ભૂતકાળને વાગોળતા જણાવ્યું હતું કે, "લગભગ ૨૦ વર્ષ પહેલાં હું એ સમયના સેનેટર બાઈડેન અને સ્ટાફ ડિરેક્ટર ટોની બ્લિન્કન સાથે સેનેટમાં ઊભો હતો ત્યારે બાઈડેને કહ્યું હતું કે, અમેરિકા અને ભારત ઘનિષ્ઠ મિત્રો અને ભાગીદાર બનશે તો વિશ્વ સુરક્ષિત સ્થળ હશે." તેમણે કહ્યું હતું કે, "માત્ર આપણી પાસે મોટું લશ્કર છે કે બંને દેશ મોટા અર્થતંત્ર છે એટલે નહીં, પણ આપણે વિશ્વભરના લોકોના રોજિંદા જીવનને સ્પર્શતી સમસ્યા માટે દ્રઢતાથી ઊભા રહીએ છીએ એટલે ભારત-અમેરિકાનો સંબંધ મહત્વનો છે."

# ભારતના રાષ્ટ્રપતિએ ઉજ્જૈનમાં સફાઈ મિત્ર સંમેલનને સંબોધિત કર્યું



। નવી દિલ્હી, તા.૧૯ ।

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ (૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૪) મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં સફાઈ મિત્ર સંમેલનમાં હાજરી આપી અને સંબોધન કર્યું. આ પ્રસંગે તેમણે ઈન્દોર-ઉજ્જૈન સિક્સ લેન રોડ પ્રોજેક્ટનો શિલાન્યાસ પણ કર્યો.

સભાને સંબોધતા રાષ્ટ્રપતિએ કહ્યું કે આપણા સફાઈ મિત્રો અગ્રિમ હરોળના સ્વચ્છતા માટેના યોદ્ધાઓ છે. તેઓ આપણને બીમારીઓ, ગંદકી અને સ્વાસ્થ્યને લગતા જોખમોથી બચાવે છે. તેઓ રાષ્ટ્રનિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. સ્થાનિક, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે સ્વચ્છતા ક્ષેત્રે આપણી સિદ્ધિઓનો સૌથી મોટો શ્રેય આપણા સફાઈ મિત્રોને જાય છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે સફાઈ મિત્રોની સુરક્ષા, ગૌરવ અને કલ્યાણ સુનિશ્ચિત કરવું એ સરકાર અને સમાજની મહત્વપૂર્ણ જવાબદારી છે. મેન-હોલ્સ દૂર કરવા અને મશીન-હોલ્સ દ્વારા તેને સાફ કરવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ હેઠળ સફાઈ મિત્રોને લાભ મળે તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સફાઈ મિત્ર સુરક્ષા શિબિરો દ્વારા તેમને આરોગ્ય તપાસની સુવિધાઓ પણ પૂરી પાડવામાં આવી રહી છે. તેમણે એ જાણીને આનંદ થયો કે મધ્યપ્રદેશના ઘણા શહેરોને સફાઈ મિત્ર સુરક્ષા શહેરો તરીકે જાહેર કરવામાં આવ્યા છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે વર્ષ ૨૦૨૫ સુધી ચાલનારા સ્વચ્છ ભારત મિશનના બીજા




તબક્કા દરમિયાન આપણે સંપૂર્ણ સ્વચ્છતાનું લક્ષ્ય હાંસલ કરવાનું છે. 'ખુલ્લામાં શૌચથી મુક્ત' રહેવાની સ્થિતિ જાળવી રાખીને નક્કર અને પ્રવાહી કચરા વ્યવસ્થાપનમાં રાષ્ટ્રીય લક્ષ્યાંકો હાંસલ કરવાના રહેશે. રાષ્ટ્રપતિએ કહ્યું કે, 'સ્વાભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા'નો સંદેશ ફેલાવવાનું અભિયાન સમગ્ર દેશમાં ચાલી રહ્યું છે. લોકો ગંદકી અને કચરો દૂર કરીને ભારત માતાની સેવા કરવાનો સંકલ્પ લઈ રહ્યા છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે દરેક નાગરિકો દરેક ગામ અને દરેક શેરીમાં સ્વચ્છ ભારત મિશનને પ્રોત્સાહન આપવા અને આ અભિયાન માટે શ્રમદાન કરવા આગળ આવશે. તેમણે કહ્યું કે આવું કરવાથી આપણે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના સ્વચ્છતા સંબંધિત આદર્શોને અમલમાં મુકી શકીશું. સ્વચ્છતા તરફ આપણું એક પગલું સમગ્ર દેશને સ્વચ્છ રાખવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. તેમણે બધાને સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત અને વિકસિત ભારત બનાવવાની પ્રતિજ્ઞા લેવાનો આગ્રહ કર્યો.

# બુધવારે સાંજે જબલપુરમાં એક મોટો અકસ્માત થયો હતો

# મધ્યપ્રદેશના જબલપુરમાં ઓટો પર ટ્રક પલટી જતા ૩ મહિલા સહિત ૭ના મોત



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

બુધવારે સાંજે જબલપુરમાં એક મોટો અકસ્માત થયો હતો. લોકોથી ભરેલી ઓટો પર એક ટ્રક અચાનક પલટી ગઈ, જેના કારણે મૃતદેહો રસ્તા પર વિખરાઈ ગયા અને આ અકસ્માતમાં ૩ મહિલાઓ સહિત ૭ લોકોના મોત થયા. જેને લઈને ગ્રામજનો રોષે ભરાયા હતા અને રોડ પર લાંબો જામ કરી દીધો હતો. આ અકસ્માત જબલપુરના મજગવાન પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્થિત સિહોરા-મજગવાણ રોડ પર થયો હતો. જબલપુરથી મુસાફરોને લઈને એક ઓટો આવી રહી હતી. રસ્તામાં ટ્રક અને ઓટો વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ પછી ટ્રક લોકોથી ભરેલી ઓટો પર પલટી જતાં હોબાળો મચી ગયો હતો. રસ્તા પર મૃતદેહો વિખરાયેલા હતા, જેને જોઈને લોકો ચોંકી ઉઠ્યા હતા. પરિવારના સભ્યો તેમના પ્રિયજનોને ગળે લગાવીને રડી પડ્યા હતા. માહિતી મળતાં જ ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે લાશનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો અને ઈજાગ્રસ્તોને સિહોરાની નજીકની હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલાઓમાં ચાર પુરૂષો અને ત્રણ મહિલાઓનો સમાવેશ થાય છે, જ્યારે ૬ પુરૂષો અને ૪ મહિલાઓ સહિત ૧૦ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. તમામ મૃતકો નજીકના પ્રતાપપુરના રહેવાસી હતા. આ અકસ્માતથી રોષે ભરાયેલા ગ્રામજનોએ રસ્તો બ્લોક કરી દીધો હતો. અકસ્માતની માહિતી મળતા જ પોલીસ અને પ્રશાસનના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને કાફલો સંભાળ્યો હતો. પોલીસ ગ્રામજનોને સમજાવીને જામ હટાવવાનો પ્રયાસ કરી રહી છે. મુખ્યમંત્રી ડો. મોહન યાદવે મૃતકોના પરિવારજનોને સીએમ ફંડમાંથી ૨ લાખ રૂપિયા અને રોડ એક્સિડન્ટ ફંડમાંથી ૧૫ હજાર રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી હતી. તે જ સમયે, ધારાસભ્ય ફંડમાંથી મૃતકોના પરિવારોને તાત્કાલિક સહાય તરીકે ૫૦૦૦ રૂપિયા આપવામાં આવશે અને સંબલ યોજનાના કિસ્સામાં ૪-૪ લાખ રૂપિયાની સહાયની રકમ અલગથી આપવામાં આવશે.

# આંધ્રપ્રદેશના CM ચંદ્રબાબુ નાયડુના આરોપથી ખળભળાટ

। (માહિતી) નવી દિલ્હી, તા.૧૯ ।

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ જગનમોહન રેડ્ડી સરકાર પર મોટો આરોપ લગાવ્યો છે. આ આરોપ બાદ રાજ્યના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ આરોપ લગાવ્યો કે જગનમોહન રેડ્ડીના કાર્યકાળ દરમિયાન તિરુમાલા વેંકટેશ્વર સ્વામી મંદિરમાં ઉપલબ્ધ તિરુમાલા લાડુ પ્રાણીઓની ચરબીમાંથી બનાવવામાં આવ્યા હતા. મહત્વની વાત એ છે કે તિરુમાલા મંદિર હિંદુ સમુદાયના લોકો માટે પવિત્ર પૂજા સ્થાનોમાંથી એક છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, છેલ્લા ઘણા સમયથી તિરુમાલામાં આપવામાં આવતા પ્રસાદની ગુણવત્તાને લઈને



ફરિયાદો આવી છે. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ કહ્યું, 'જગન સરકારે તિરુમાલાના દરેક પાસાને નષ્ટ કરવાનું કામ કર્યું. ખૂબ જ અણગમો અને દુઃખ સાથે કહેવું પડે છે કે તિરુમાલા લાડુ તૈયાર કરવા માટે પ્રાણીની ચરબીનો ઉપયોગ કરવામાં આવતો હતો અને તેના કારણે ઉત્પાદનની ગુણવત્તા સંપૂર્ણપણે બગડી ગઈ હતી. અમે સત્તામાં આવતાની સાથે જ લાડુ માટે શુદ્ધ ઘીનો ઉપયોગ તાત્કાલિક અસરથી લાગુ કર્યો.' લાડુ બનાવવામાં ચરબીનો ઉપયોગ થતો હોવાના આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુના આક્ષેપ બાદ તીર્થયાત્રી સમુદાયમાં ખળભળાટ મચી ગયો છે. અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે આ મામલો ખૂબ ગંભીર બની શકે છે. સાથે જ આ મામલે તપાસની માંગ પણ ઉઠવા લાગી છે. આ દાવા પછી હિન્દુ મતદારોમાં આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને રૂજીઇ કોંગ્રેસની છબીને પણ ભારે નુકસાન થઈ શકે છે. આંધ્રપ્રદેશની ચંદ્રાબાબુ નાયડુ સરકારે તિરુમાલા પ્રસાદમ માટે શુદ્ધ નંદિની કંપનીના ઘીનો ઉપયોગ ફરજિયાત કર્યો છે. અહેવાલો અનુસાર, અગાઉની રાજ્ય સરકારે આ ઘીના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો હતો.

# યુપીના ફિરોઝાબાદમાં ફટાકડાના ગોડાઉનમાં આગ લાગતાં પાંચના મોત

। (એજન્સી) ફિરોઝાબાદ, તા.૧૯ ।

ફિરોઝાબાદ જિલ્લાના શિકોહાબાદના નૌશેહરામાં એક ઘરમાં રાખેલા ફટાકડામાં અચાનક આગ લાગી જોરદારી ધડાકા સાથે વિસ્ફોટ થયો હતો. જેમાં એક મહિલા સહિત પાંચ લોકોના મોત થયા હતા જ્યારે અનેક લોકો ઘાયલ થયા હતા. વિસ્ફોટ એટલો જોરદાર હતો કે આસપાસના ૧૨ મકાનો ધરાશાયી થઈ ગયા હતા.

જ્યારે અનેક મકાનોના બારી-બારણા તુટી ગયા હતા, કાટમાળ નીચે દટાયેલા લોકોને મોડી રાત સુધી જેસીબી વડે શોધવાની કામગીરી ચાલી રહી હતી. નેશનલ હાઈવે પર નૌશેહરામાં ચંદ્રપાલ નામના વ્યક્તિનું મકાન ભાડે રાખીને



ભદુઆત ભુરા ખાને ફટાકડાનો ગોડાઉન બનાવ્યો હતો. સોમવારે રાત્રે ૧૦.૩૦ કલાકે કોઈ કારણોસર ફટાકડામાં આગ લાગી હતી. શક્યતા એવી છે કે નજીકમાં કામદારો ખોરાક રાંધતા હતા જેના કારણે તણખા ફટાકડા સુધી પહોંચી ગયા હતા. ફટાકડામાં લાગેલી આગને કારણે જોરદાર વિસ્ફોટ થયો અને નજીકના ત્રણ મકાનોની દિવાલો ધરાશાયી થઈ ગઈ. અનેક ઘરોની દિવાલોમાં તિરાડો પડી ગઈ હતી.

ઘટના સ્થળની નજીકમાં રહતા અને લાકડાના પલંગ બનાવનાનો ધંધો કરતા નૌશેહરાના મીરા દેવીન, સંજના, દીપક અને રાકેશ ગંભીર રીતે ઘાયલ થઈ ગયા હતા. તેમને તાત્કાલીક જોઈન્ટ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં ચારેય જણના મોત થયા હતા. મંગળવારે સવારે અન્ય એક વ્યક્તિનું મોત થયું હતું. સ્થળ પર હાજર લોકોએ જણાવ્યું કે ગીચ વસ્તી વચ્ચે ફટાકડાનો ગોદામ કેવી રીતે બનાવવામાં આવ્યો હતો. ભૂરે ખાને આ માટે પરવાનગી લીધી હતી કે કેમ તેની તપાસ કરવી જરૂરી છે.

# ભાવનગરમાં કોળિયાકના દરિયામાં અને ઉનામાં નદીમાં ડૂબી જતા બે યુવકના મોત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

રાજ્યમાં નદી, તળાવ અને દરિયાના પાણીમાં ડૂબી જવાથી મોતની ઘટનાઓ વધી રહી છે. આજે ભાવનગરમાં દરિયામાં દરિયામાં તેમજ ઉનામાં નદીમાં ડૂબી જતા એક-એક યુવકના મોત થયા છે. કોળિયાક નિષ્કલંક મહાદેવના દરિયામાં UPનો રહેવાસી અને હાલ સિહોર વિશ્વકર્મા વિસર્જન માટે આવેલ જીવુત શિવકુમાર રામ કોળિયાકના દરિયામાં ઉંડા પાણીમાં ગરકાવ થઈ જતા તેને તાત્કાલિક સ્થાનિક લોકો તથા SRD જવાનો તથા મરીન પોલીસ સ્ટાફ દ્વારા શોધ ખોળ કરવામાં આવી હતી. ભારે જહેમત બાદ ધાવડીમાના મંદિરની સામે દરિયામાંથી યુવકનો મૃતદેહ મળી આવતા તેને કોળિયાક હોસ્પિટલમાં PM અર્થે ખસેડવામાં આવ્યો હતો. ગીરસોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં સનખડા ગામની રાવલ નદીમાં નાહવા પડતા એક યુવકનું ડૂબી જવાથી મોત થયું.

## સગીર આરોપીઓ સાથે ખૂબ જ 'હળવાશ'થી વર્તવામાં આવે છે

# નિર્ભયા કેસમાંથી સરકારે હજુ સુધી કોઈ પાઠ શીખ્યો નથીઃ MP હાઇકોર્ટ

। (એજન્સી) ઈન્દોર, તા.૧૯ ।

ચાર વર્ષની બાળકી પરના રેપ કેસમાં સજા સામેની સગીર આરોપીની અપીલને ફગાવી દેતા મધ્યપ્રદેશ હાઈકોર્ટે આકરા અવલોકન કરતાં જણાવ્યું હતું કે ૨૦૧૨ના નિર્ભયા ગેંગ-રેપ કેસમાંથી સરકારે કોઈ પાઠ શીખ્યો નથી અને દેશોમાં કિશોર આરોપીઓ સાથે ખૂબ જ હળવાથી કામ લેવામાં આવે છે. આ દેશની અદાલતોએ વારંવાર અવાજે ઉઠાવ્યો છે, પરંતુ સરકારને નિર્ભયા કેસના એક દાયકા પછી પણ કોઈ અસર થઈ નથી. કોર્ટે તેના આદેશની નકલ કેન્દ્રીય કાયદા સચિવને મોકલવાનો પણ આદેશ આપ્યો હતો. ૧૧ સપ્ટેમ્બરે પસાર કરાયેલા આદેશમાં હાઈકોર્ટની ઈન્દોર બેંચના જસ્ટિસ સુબોધ અભ્યંકરે ૨૦૧૭માં ચાર વર્ષની બાળકીના બળાત્કારના કેસમાં નીચલી અદાલતની સજા સામે આરોપીએ દાખલ કરેલી અપીલને ફગાવી દેતી વખતે આ આકરા અવલોકનો કર્યા હતાં. ૨૦૧૭માં બળાત્કારની ઘટના સમયે દોષિતની ઉંમર ૧૭ વર્ષની હતી. તે તેની સજાના છ મહિના પછી ૨૦૧૯માં સાત અન્ય છોકરાઓ સાથે કિશોર સુધાર ગૃહમાંથી ભાગી ગયો હતો. આ ઘટનાક્રમ પર નારાજગી વ્યક્ત કરતા હાઈકોર્ટે કહ્યું હતું કે આ અદાલતને ફરી એકવાર એ અવલોકન કરીને દુઃખ થાય છે કે આ દેશમાં કિશોરો સાથે ખૂબ જ ઉદારતાથી વર્તન કરવામાં આવે છે અને સરકારે પણ નિર્ભયાની ભયાનકતામાંથી હજુ સુધી કોઈ પાઠ શીખ્યો નથી, જે આવા ગુનાઓનો ભોગ બનેલા લોકો માટે નિરાશાજનક છે.

# મહિલા સુરક્ષા માટે સરકાર દ્વારા ઈમરજન્સી કોલ બોક્ષ મૂકાયા

## અમદાવાદમાં ૩૦૦થી વધુ ઈમરજન્સી કોલ બોક્ષ ઈન્સ્ટોલ કરાયા છે. જેના સારા પરિણામો મળી રહ્યા છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

મહિલાઓની સુરક્ષા હંમેશાં ચિંતાનો વિષય રહી છે, પરંતુ હવે સમયની સાથે આ ચિંતા વધી રહી છે. હિંસાની આ ઘટનાઓ કોઈ એક રાજ્ય, શહેર, નગર કે દેશ પૂરતી મર્યાદિત નથી. બળાત્કાર, એસિડ એટેક, હિંસા અને મહિલા ઉત્પીડનની ઘટનાઓ દુનિયાભરમાંથી સાંભળવા મળે છે. ત્યારે દેશમાં મહિલાઓની સુરક્ષા અનુસંધાનમાં કેન્દ્ર સરકાર દ્વારા ધરા વિવિધ પ્રોજેક્ટ શરૂ કરાયા છે. અમદાવાદમાં ૩૦૦થી વધુ ઈમરજન્સી કોલ બોક્ષ ઈન્સ્ટોલ કરાયા છે. જેના સારા પરિણામો મળી રહ્યા છે અને પ્રતિદિને ૧૦૦ જેટલા કોલ મળી રહ્યા છે. જેમાં ખાસ કરીને એવા સંજોગોમાં જ્યાં પરિવાર પહોંચી ન શકે ત્યારે તાત્કાલિક પોલીસ પહોંચી




જશે. રસ્તા પર રાતે ફરતી બહેન-દીકરીઓ હવે સુરક્ષા માટે આશ્વસ્ત બની શકે છે. કારણ કે આ વખતે વચન આપનાર તેનો ભાઈ કે પરિવારજન નહીં પરંતુ પોલીસ છે. નિર્ભયા પ્રોજેક્ટ હેઠળ ઈમરજન્સી કોલ બોક્ષ નામનો મહત્ત્વનો પ્રોજેક્ટ શરૂ કરાયો હતો. આ કોલ બોક્ષ પ્રોજેક્ટમાં કોઈ વ્યક્તિ કોલ બોક્સની મદદથી પોલીસ કંટ્રોલ રૂમનો સીધો સપર્ક કરી શકે છે. અમદાવાદમાં નિર્ભયા સેફ સીટી પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાત યુનિવર્સિટી, સિંધુ ભવન રોડ, નવરંગપુરા, સેટેલાઈટ, પ્રહલાદનગર, એસ.જી. હાઈવે સહિતના વિવિધ વિસ્તારોમાં ઈમરજન્સી કોલ બોક્ષ ઈન્સ્ટોલ કરાયા છે. જેની ખાસીયત એ છે કે કોઈ વ્યક્તિને તાત્કાલિક પોલીસની મદદ જોઈતી હોય તો બોક્સનું બટન દબાવવાથી પોલીસ કંટ્રોલ રૂમ અને નજીકની પીસીઆર વાનને મેસેજ મળી જાય છે અને ગણતરીની મિનિટોમાં પોલીસ સ્ટાફ સ્થળ પર પહોંચી શકે છે. આ કોલ બોક્ષમાં વીડિયો કોલની પણ સુવિધા છે. જેથી કોલ કરનારની માહિતી પણ મળે છે.

અમદાવાદમાં હાલ ૩૦૦ જેટલા સ્થળો પર ઈમરજન્સી કોલ બોક્ષ ઈન્સ્ટોલ કરાયા છે. ખાસ કરીને જાહેર સ્થળો પર મહિલાઓની છેડતી કે કોઈને પડતી મુશ્કેલી સમયે આ સિસ્ટમ ઉપયોગી બને છે. પોલીસના જણાવ્યા મુજબ, પ્રોજેક્ટ મહિલા સુરક્ષાનો છે. પરંતુ, આ પ્રોજેક્ટ સિનિયર સિટીઝન સહિત તમામ લોકો માટે ઉપયોગી છે. જેમાં હાલ પોલીસ કંટ્રોલ રૂમ પર ૧૦૦ જેટલા કોલ મળે છે. હાલ આ પ્રોજેક્ટ અમદાવાદ સહિત, દિલ્હી, મુંબઈ, કોલકત્તા, ચેન્નાઈ, બેંગાલુરૂ, હેદરાબાદ અને લખનઉમાં કાર્યરત કરાયો છે.

## ન્યૂઝ બ્રિફ

### ગીરનાર પર્વત પર લાઈટ-પાણી પહોંચાડવા અંબાજી મંદિરના મહંતની CMને અપીલ

। (એજન્સી) જૂનાગઢ, તા.૧૯ ।

જૂનાગઢના ગીરનારમાં છેલ્લા ઘણા સમયથી પાણી અને લાઈટ મામલે યાત્રાળુ અને મુશ્કેલી પડતી હોવા મામલે, અંબાજી મંદિરના મહંત દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત કરાઈ છે. ગિરનાર પર પાછલા કેટલા સમયથી વીજ સમસ્યા અને પાણીની સમસ્યા જોવા મળી રહી છે. જેના લીધે પર્વતના ધર્મસ્થાનો અને અહીં આવતા યાત્રિકો મુશ્કેલી અનુભવી રહ્યા છે. આ મામલે ગિરનાર અંબાજી મંદિરના મહંત તનસુખગિરી બાપુએ રાજ્યના મુખ્યમંત્રી અને તંત્ર પાસે એવી અપીલ કરી છે કે, જે વર્ષો જૂની વીજ પુરવઠાની માંગ હતી તેમાં હાલ ૧૧ કેવી વીજ લાઈન કામગીરી પૂર્ણ થઇ ગયેલ છે, તો આગામી દિવસોમાં નવરાત્રી દરમિયાન વીજ પુરવઠાનું વહેલી તકે લોકાર્પણ કરવામાં આવે તેમજ રાજ્ય સરકાર દ્વારા ભવનાથથી પર્વત ઉપર પાણીની લાઈન નાખીને અહીં આવતા યાત્રાળુઓને પાણીની સુવિધા મળી રહે સિદ્ધાંતિક મંજૂરી આપી દેવામાં આવી છે. આ કામ પણ વહેલી તકે શરૂ થાય અને પૂરતા પ્રમાણમાં પાણી મળી રહે તેમજ હાલ મંદિર પાસે પાણીના ટાંકાની જરૂરિયાત હોવાથી વહેલી તકે પાણીના ટાંકાની મજૂરી મળે, તો મંદિર દર્શન કરવા આવતા યાત્રિકો માટે પાણીની સુવિધા ઉપલબ્ધ થઈ શકે. ગિરનાર પર્વત પર આવેલા અંબાજી મંદિરના મહંત તનસુખગીરી બાપુએ જણાવ્યું હતું કે, ૧૧ કેવીની વીજલાઈન મામલે વન વિભાગ તેમજ તંત્ર દ્વારા એન.ઓ.સી. પણ આપી દેવામાં આવેલી છે. ત્યારે વહેલી તકે આ લાઈન કાર્ય થાય જેથી કરી મંદિર આસપાસ જે પાણીના ટાંકા છે તે પણ પાણીથી ભરી શકાય.

### ઉમિયાધામમાં ધજા મહોત્સવ સંપન્ન, મંદિર પર ૧૧,૧૧૧થી વધુ ધજા ચઢી

। (એજન્સી) ઊંઝા, તા.૧૯ ।

ઊંઝા ઉમિયાધામ ખાતે શરૂ કરાયેલો ધજા મહોત્સવ શાંતિપૂર્ણ અને ઉત્સાહપૂર્વક સંપન્ન થયો છે. ૧૬ લાખથી વધુ ભક્તોએ મા ઉમિયાના દર્શનનો લ્હાવો લીધો હતો. ભક્તોએ માના શિખર પર ૧૧ હજાર ૧૧૧થી વધુ ધજા અર્પણ કરીને પ્રાર્થના કરી છે. આ મહોત્સવ દરમિયાન 'જય જય ઉમિયા'ના નાદથી સમગ્ર મંદિર પરિસર ગૂંજી ઉઠ્યું હતું. માના એક દર્શન માત્ર માટે લાખો ભક્તોની કતાર લાગી હતી. મહત્વનું છે કે ૧૨થી ૧૮ સપ્ટેમ્બર સુધી આયોજિત ધજા મહોત્સવમાં ભક્તોએ લાખોનું દાન પણ કર્યું હતુ. જેથી મંદિરના ગોલખ ભરાઈ ગયા હતા. ઉલ્લેખનીય છે કે જગત જનની માં ઉમિયાના નિજ મંદિરના ૧૮૬૮ વર્ષની ઉજવણીના ભાગરૂપે માતૃ સંસ્થા શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા દ્વારા ધજા મહોત્સવ યોજાયો હતો. જેમાં ન માત્ર ગુજરાત પરંતુ દેશભરમાંથી માના ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

### શંકર ટેકરી વિસ્તારમાં GPCBના દરોડા, ૯ એકમોમાં તપાસ હાથ ધરી

। (એજન્સી) જામનગર, તા.૧૯ ।

જામનગરના શંકર ટેકરી વિસ્તારમાં ફરિયાદના આધારે GPCBએ દરોડા પાડ્યા છે. GPCBએ શંકર ટેકરી વિસ્તારમાં આવેલા ૯ એકમમાં તપાસ હાથ ધરી છે. ઐદ્યોગિક એકમમાં પર્યાવરણના નિયમનો ઉલાળ્યા હોવાની ઘટના સામે આવી છે. રાજ્યમાં અનેક વાર પર્યાવરણના નિયમો ઉલાળતા હોવાની ઘટના સામે આવતી હોય છે. ત્યારે જામનગરના શંકર ટેકરી વિસ્તારમાં ફરિયાદના આધારે GPCBએ દરોડા પાડ્યા છે. GPCBએ શંકર ટેકરી વિસ્તારમાં આવેલા ૯ એકમમાં તપાસ હાથ ધરી છે. ઐદ્યોગિક એકમમાં પર્યાવરણના નિયમનો ઉલાળ્યા હોવાની ઘટના સામે આવી છે. પ્રાપ્ત થતી માહિતી અનુસાર કેમિકલ અને પ્રવાહીનો જાહેરમાં નિકલાની ફરિયાદ નોંધાઈ હતી. જો કે આ પ્રકારની ઘટના અગાઉ પણ પર્યાવરણને પ્રદૂષણ કરતી ઘટનાઓ સામે આવતી હોય છે. જેમાં સૌથી વધારે ઉદ્યોગોમાંથી કેમિકલ યુક્ત પાણીમાં નદીમાં છોડાતુ હોવાની ઘટના સામે આવતી હોય છે.

### ૨ દિવસથી એકલો કેમિકલ ફેક્ટરીમાં છુપાયો હતો

# બોપલમાં સિક્યુરિટી ગાર્ડને ઉડાડનારા સગીરના બિલ્ડર પિતાની ધરપકડ

### પિતા જાણતા હતા કે, સગીર છે છતાં ગાડી આપી હતી બીએનએસની કલમ ૧૦૫નો ઉમેરો કર્યો છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદના બોપલમાં ૧૪ સપ્ટેમ્બરના રોજ રાત્રે સિક્યોરિટી ગાર્ડને ઉડાવી દેનાર સગીરના બિલ્ડર પિતા મિલાપ શાહની ધરપકડ કરવામાં આવી છે. બર્થડે પાર્ટીમાં દીકરાને જવા માટે પિતાએ મર્સિડીઝ કાર આપી હતી. જેનાથી એક નિર્દોષ વ્યક્તિનું મોત નીપજ્યું હતું. આ બનાવમાં પોલીસે પહેલા સગીર સામે ગુનો નોંધ્યો હતો અને ત્યારબાદ હવે બિલ્ડર મિલાપ શાહ પોલીસની કસ્ટડીમાં આવી ગયો છે. ગ્રામ્ય હેડ ક્વાર્ટર SP મેઘા તવારે જણાવ્યું હતું કે, ૧૪ સપ્ટેમ્બરે કિશોરે અકસ્માત કર્યો હતો. ત્યારબાદ કિશોરને નજરકેદ કર્યો હતો. પિતા જાણતા હતા કે, સગીર છે છતાં ગાડી આપી હતી. બીએનએસની કલમ ૧૦૫નો ઉમેરો કર્યો છે. બીએનએસ કલમ ૧૮૩ મુજબ નિવેદન લેવામાં આવ્યા છે. કારચાલક કિશોર સામે એમવી એક્ટ કલમ ૧૮૧નો ઉમેરો કરવામાં આવ્યો છે. કિશોરના પિતા આરોપી મિલાપ શાહ સામે MV એક્ટ કલમ ૧૯૯નો ઉમેરો કરવામાં આવ્યો છે. કિશોરના નિવેદનમાં જાણવા મળ્યું કે, કિશોર પિતા મિલાપ શાહની મંજુરીથી ગાડી લઈ નિકળ્યો હતો. કિશોરે કબૂલ્યું છે કે, તેને કારથી એક વ્યક્તિને ઉડાવ્યો છે. આરોપી મિલાપ શાહની ધરપકડ થવાની હોવાથી આરોપી ઘરેથી નાસી ગયો હતો. ૨ દિવસ સુધી એકલો મિત કેમિકલ ફેક્ટરીમાં છુપાયો હતો. ત્યાથી પરિવારના અલગ અલગ સભ્યોના ઘરે છુપાતો હતો. આરોપીની આંબલી રોડ પરથી સ્વિફ્ટ કારમાંથી ઝડપી પાડ્યો છે. આરોપીની ત્રણ દિવસમાં રિમાન્ડ માટે કોર્ટમાં માગણી કરવામાં આવશે. બોપલમાં પૂરપાટ ઝડપે મર્સિડીઝ કાર હંકારી સિક્યોરિટી ગાર્ડ ગોવિંદસિંગને કચડી નાખી મોતને ઘાટ ઉતારનાર ૧૭ વર્ષીય સગીરને બીબીએ પ્રથમ વર્ષની પરીક્ષા હોવાથી જુવેનાઈલ કોર્ટે વચગાળાની જામીનમુક્તિ સાથે ૨૪ સપ્ટેમ્બરે કોર્ટમાં હાજર થવાનો આદેશ કર્યો છે.

### વડાપ્રધાનના કાર્યક્રમ માટે ડોમ ઊભો કરાયો હતો

# GMDC ગ્રાઉન્ડ ખાતે ડોમ ઉતારતી વખતે દુર્ઘટના સર્જાઈ

### ડોમની નીચે દટાઈ જતાં ૯ લોકો ઈજાગ્રસ્ત, બે ગંભીર

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદમાં GMDC ગ્રાઉન્ડ ખાતે વડાપ્રધાન મોદીના ગુજરાત પ્રવાસ વખતે અહીં તૈયાર કરાયેલા જર્મન ડોમને ઉતારતી વખતે દુર્ઘટના સર્જાઈ હતી. આ દરમિયાન ડોમની નીચે દટાઈ જતાં ૯ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જેમા ૨ની હાલત અત્યંત ગંભીર હોવાની જાણકારી મળી રહી છે. PAL ઈવેન્ટ્સ દ્વારા આ ડોમ તૈયાર કરવામાં આવ્યા હતા. મળતી માહિતી અનુસાર આ ઘટના ડોમ ખોલતી વખતે બની હતી. અહીં એકભાગ ખોલતા શ્રમિકો પણ બીજો ભાગ ઉપરથી પડ્યો હતો. જોકે સદભાગ્યે આ ઘટના ચાલુ કાર્યક્રમે નહોતી બની જેના લીધે હજારો લોકોના જીવ બચી ગયા. કારણ કે આ કાર્યક્રમમાં હજારો લોકોએ હાજરી આપી હતી. ઈજાગ્રસ્તોને નજીકમાં વસ્ત્રાપુરની હોસ્પિટલમાં ખાનગી વાહનમાં લઈ જવાયા હતા. જ્યાં આ ઘટના વિશે જાણકારી મેળવતાં વિષ્ણુ નામના પીડિતે જણાવ્યું હતું કે અમે લગભગ ૪૦ ફૂટની હાઈટ પરથી આ ડોમ ખોલવાનું કામ કરી રહ્યા હતા અને તે સમયે જ ડોમ પડ્યું જેના લીધે અમે પણ નીચે પટકાયા હતા. અમે કુલ ૧૨ લોકો હતા. આ ઘટના મોડી રાતે ૩ વાગ્યે આ ઘટના બની હતી. જેના બાદ અફરા તફરીની સ્થિતિ સર્જાઈ હતી. મોટાભાગના લોકો ઈજાગ્રસ્ત હોવાને કારણે કોઈને કાંઈ સમજાઈ રહ્યું નહોતું. પછી નજીકમાં જ વસ્ત્રાપુર ખાતે ખાનગી વાહનમાં અમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. સદભાગ્યે અમારી સાથે કોઈ મહિલા શ્રમિક નહોતી. હાલમાં બેની હાલત ગંભીર જણાવાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન મોદીની સભા માટે અમદાવાદમાં GMDC ગ્રાઉન્ડ ખાતે ૪ વિશાળ વોટરપ્રૂફ જર્મન ડોમ તૈયાર કરાયા હતા. જેમાં ૮૦ હજારથી ૧ લાખ લોકો બેસી શકે તેવી વ્યવસ્થા કરાઈ હતી.

### જુનાગઢ ભાજપમાં હાલ રાજકીય ઘમાસાણ

# જૂનાગઢના ૩૫ ગામના સરપંચે આપ્યું સામૂહિક રાજીનામું

### સરપંચોએ આરોપ છે કે વહીવટી પ્રક્રિયા સરળ રાખવાના બદલે મુશ્કેલ બનાવી દેવાના કારણે ઘણા કામો ખોરવાયા છે

। (એજન્સી) જૂનાગઢ, તા.૧૯ ।

જુનાગઢ ભાજપમાં હાલ રાજકીય ઘમાસાણ ચાલી રહ્યું છે, એવામાં હવે મળતા સમાચાર મુજબ જુનાગઢ તાલુકાના ૩૫ ગામોના સરપંચોએ એક સાથે રાજીનામા આપી દીધા છે. રાજીનામા આપવા પાછળ એક નહીં પણ ઘણા કારણો છે. વહીવટી તંત્ર અને સરપંચો વચ્ચે વિવાદ થયાની ચર્ચા થઈ રહી છે. ત્યારે વિવિધ વિકાસ કામો નહીં થતા હોવાથી સરપંચોના રાજીનામું આપ્યુ છે. સરપંચોએ આરોપ લગાવ્યા છે કે વહીવટી પ્રક્રિયા સરળ રાખવાના બદલે મુશ્કેલ બનાવી દેવાના કારણે ઘણા કામો ખોરવાઈ ગયા છે અને વિકાસના કામો અટકી પડ્યા છે. વહીવટી તંત્ર અને સરપંચો વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. ત્યારે વિવિધ વિકાસ કામો નહીં થતા હોવાથી સરપંચોના રાજીનામું આપ્યુ છે. જૂનાગઢ તાલુકાના ૫૭ ગામોનો અધિકારીઓની અણઆવડતના લીધે વિકાસ રૂંધાતો હોવાના આક્ષેપ સાથે તાલુકા વિકાસ કચેરીમાં બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં ખુદ અધિકારી જ ગેરહાજર રહેતા હોબાળો મચ્યો હતો અને એકસાથે ૩૫ જેટલા સરપંચોએ સામુહિક રાજીનામાં આપી દેતા ચકચાર મચી જવા પામી છે. બેઠક બોલાવીને TDO હાજર નહીં રહેતા સરપંચોમાં રોષ જોવા મળ્યો છે. ૩૫ જેટલા સરપંચોએ જુનાગઢ તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષને રાજીનામા મોકલી આપ્યા છે. હવે એ જોવાનુ રહેશે કે સરપંચોના રાજીનામા અંગે શું નિર્ણય લેવામાં આવશે. ગ્રામ પંચાયતના વહીવટી કામોમાં GST સહિતના અનેક મુદ્દે ઘણા સમયથી વિવાદ ચાલે છે. સરપંચોએ આક્ષેપ કર્યા છે વહીવટી પ્રક્રિયા સરળને બદલે કઠિન કરી દેતા અનેક કામ ટલ્લે ચડી ગયા છે અને વિકાસના કામો નથી થઈ રહ્યા. સરપંચોએ એ પણ આક્ષેપ કર્યો કે ગૌચરની જમીન ખાલી કરાવવા દબાણ કરવામાં આવે છે, પરંતુ હદ-નિશાન ન હોવાથી મુશ્કેલી સર્જાઈ રહી છે. છેલ્લા ઘણા સમયથી GST સહિતના અનેક મુદ્દે વિવાદ ચાલે છે.સરપંચ યુનિયન જણાવ્યુ છે કે ગૌચરની જમીન ખાલી કરાવવા દબાણ કરાયુ હતુ. આ ઉપરાંત યુનિયને જણાવ્યુ હતુ કે, હદ નિશાન નહીં હોવાથી મુશ્કેલી સર્જાય છે. સરપંચોએ તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષને રાજીનામાં સોંપ્યા છે. જો કે આ રાજીનામાં અંગે શું નિર્ણય લેવામાં આવશે તેના પર નજર રાખવામાં આવી રહી છે.

# ઝાલોદ તાલુકાની લીમડી પોલીસે નાસતા-ફરતા આરોપીને અને આંબા ગામે ચોરાયેલ બાઇક ચોરોને ઝડપી પાડયા

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૯ ।

પોલીસ અધિક્ષક ડો.રાજદીપસિંહ ઝાલા દ્વારા નાસતા-ફરતા આરોપીઓને પકડવા સારૂ જરૂરી સૂચના આપેલ હોય જે અન્વયે નાયબ પોલીસ અધિક્ષક ડી.આર. પટેલ ઝાલોદ વિભાગ નાઓએ જરૂરી માર્ગદર્શન પૂરૂ પાડેલ જેના અનુસંધાને લીમડી પો.ઈન્સ. કે.કે. રાજપુત તથા પો.સ.ઈ. વી.જી.ગોહેલ નાઓએ એક્શનમાં આવીને નાસતા-ફરતા આરોપી ઓને પકડવા સારૂ અલગ-અલગ ટીમો બનાવી શોધખોળ કરી રહેલ હતી તેવામાં લીમડી પોલિસ પેટ્રોલીંગમા હતી તે દરમ્યાન સચોટ બાતમી મેળવી પ્રોહીબિશનના ગુન્હામાં નાસતા-ફરતા આરોપી અક્ષયભાઈ મસુલભાઈ મુનીયા, ડુંગરી, ગેંગદીયા ફળીયુ, તા.ઝાલોદને તેના ઘરેથી ઝડપી પાડી છેલ્લા ૨ વર્ષથી નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડવામાં સફળતા મેળવી હતી.

બીજા એક બનાવમાં લીમડી પોલિસને આંબા ગામે ચોરી થયેલ મોટર સાયકલની શોધખોળ કરી રહેલ હતી તેમાં લીમડી પોલિસને હ્યુમન ઈન્ટેલીજન્સની મદદથી



ખાનગી રાહે તપાસ કરી બાતમી મેળવીને આંબા ગામે રહેતા સુરેશભાઈ ભુરજીભાઈ હઠીલા તથા સંજયભાઈ કલસીંગભાઈ હઠીલા નાઓની તપાસ કરતા સુંદર બંને આરોપીઓ ચોરી થયેલ મો.સા.ના છૂટા સ્પેર-પાર્ટ્સ સાથે મળી આવતા તેઓની ધનિષ્ઠ પુછપરછ કરતા પોતે આંબા ગામેથી બાઈક ચોરીને તેના તમામ સ્પેરપાર્ટ્સ અલગ કરી વેચવાની તૈયારી કરતા હોવાની હકીકત સામે આવેલ છે. જેથી પકડાયેલ બંને આરોપીઓ વિરૂદ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. આમ લીમડી પોલિસને ગુનાહિત પ્રવૃત્તિ હેઠળ નોંધાયેલ બે કેસ શોધી કાઢવામાં સફળતા મેળવેલ છે.

# માનનીય સાંસદ વિનોદ ચાવડા દ્વારા અંજારના રેલ્વે ક્રોસિંગ નંબર ૧૦ ખાતે અંડરપાસનો શિલાન્યાસ

। અમદાવાદ, તા.૧૯ ।

માનનીય સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડાએ માનનીય ધારાસભ્ય શ્રી ત્રિકમભાઈ બીજલભાઈ છાંગાની ઉપસ્થિતિમાં૧૮ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ અમદાવાદ ડિવિઝનના ગાંધીધામ-ભુજ સેક્શનમાં આવેલા રેલ્વે ક્રોસિંગ નંબર ૧૦ (Km ૧૫/૭-૮) ખાતે અંડરપાસ (RUB) ના બાંધકામનો શિલાન્યાસ કર્યો હતો. પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પર ગાંધીધામ-ભુજ સેક્શનમાં અંજાર નજીક આવેલા રેલવે ક્રોસિંગ નંબર ૧૦ પર અંડરપાસ (RUB)ના નિર્માણથી અંજાર શહેરથી વરસામેડી ગામ તરફ જતા ૨૩ હજારથી વધુ વાહનોને ફાયદો થશે અને આનાથી સમય અને બળતણની બચત થશે જે આર્થિક અને પર્યાવરણીય લાભો પણ લાવશે. આ કામનો અંદાજિત ખર્ચ રૂ. ૦૯.૮૭ કરોડ છે અને તેને એક વર્ષમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. ગાંધીધામના એરિયા મેનેજર શ્રી આશિષ ધાનિયાએ ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.





### સુરતમાં સામે આવ્યો છેતરપિંડીનો કીસ્સો

# જમીનની બનાવટી ઇન્ડેક્સો અને ૭/૧૨ ની નકલો બનાવીને છેતરપિંડી કરી

। (એજન્સી) સુરત, તા.૧૯ ।

જમીનનો સોદો કરતા પહેલા કોઈપણ દસ્તાવેજ વ્યક્તિગત રીતે વેરિફિકેશન કરાવી લો કારણ કે સુરતમાં એક એવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે જે તમને ચોંકાવી દેશે. જમીનની બનાવટી ઈન્ડેક્સો અને ૭/૧૨ ની નકલો બનાવીને ડોક્ટરને આપી તેમની પાસેથી જમીનના સોદા કરી ૪.૮૯ કરોડ રૂપિયા મેળવી છેતરપિંડી કરનાર આરોપીની સુરત ઈકોનોમિક સેલે ધરપકડ કરી છે. સુરતના ડોક્ટર પરાગ ભાનુપ્રસાદ પરીખએ સુરત ક્રાઈમ બ્રાન્ચમાં વિપુલ ઉર્ફે બંટી ટેણી વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ આરોપી વિપુલ ઉર્ફે બંટી ફરિયાદીની હોસ્પિટલ પર અવારનવાર જતો હતો અને પોતે ફિલ્મ ગુજરાતી ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલો છે અને કલાકાર છે તેવી માહિતી આપી હતી. ફરિયાદીને જણાવ્યું હતું કે તે ગુજરાતી મુવીનું કામકાજ કરે છે. એટલું જ નહીં ખટોદરા શોમાં કાનજીની વાડીમાં 'લીવીંગ વેલ હેલ્થ ક્લબ' ના નામથી જીમ પણ ચલાવે છે. જેના કારણે ફરિયાદીને આરોપી પર વિશ્વાસ આવી ગયો હતો. આરોપીએ ડોક્ટર સાથે વિશ્વાસ કેળવીને જમીન અને મિલકતમાં રોકાણ કરશો તો સારો એવો ફાયદો થશે તેવું જણાવી પોતાના સહ આરોપી હસમુખ ડાયાભાઈ સાથે મળી પોતાનો આર્થિક લાભ મેળવવા માટે સમાન ઈરાદે ષડયંત્ર રચી ફરિયાદીને સોદાઓ કરવા માટે જણાવ્યું હતું.

### બુલેટ ટ્રેનની કામગીરી ખૂબ ઝડપથી ચાલી રહી છે

# વડોદરામાં બનશે વડથી પ્રેરિત ડિઝાઇનનું બુલેટ ટ્રેન સ્ટેશન

। (એજન્સી) વડોદરા, તા.૧૯ ।

અમદાવાદ મુંબઈ હાઈ સ્પીડ રેલની એટલે કે બુલેટ ટ્રેનની કામગીરી ખૂબ ઝડપ થી ચાલી રહી છે. જેને લઈ બુલેટ ટ્રેન માટેના સ્ટેશનોનું બાંધકામ પણ પૂરજોશમાં ચાલી રહ્યું છે. જોકે આ કામગીરીને કારણે વડોદરાને નવું નજરાણું મળવાનું છે.

નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા વડોદરાના હાઈસ્પીડ બુલેટ ટ્રેન સ્ટેશનનો અંદરનો નજારો કેવો હશે એ દર્શાવતો એક વીડિયો જાહેર કરવામાં આવ્યો છે. ૧.૭૭ લાખ સ્કવેર ફૂટમાં ફેલાયેલા આ સ્ટેશનમાં ટાપુ આકારના બે પ્લેટફોર્મ અને ચાર રેલવે ટ્રેક હશે. વડોદરા શહેરમાં પંડયા બ્રિજ નજીક અંદાજે ૧.૭૭ લાખ સ્કવેર ફૂટ વિસ્તારમાં બુલેટ ટ્રેન સ્ટેશનનું નિર્માણ થઇ રહ્યું છે. આ ઊંજીઇ સ્ટેશનની ડિઝાઈન શહેરમાં જોવા મળતા વડલાઓની પુષ્કળ માત્રાને કારણે 'બનિયન ટ્રી'થી પ્રેરિત છે. આ સ્ટેશન વિશાળ જગ્યામાં છે અને આસપાસ ભારતીય રેલવે અને બસ સેવાની કનેક્ટિવિટી હોવાથી ખૂબ જ અસરકારક સાબિત થઇ શકે છે. અમદાવાદ-મુંબઈ વચ્ચે હાઈસ્પીડ રેલ પ્રોજેકટ અંતર્ગત વર્ષ ૨૦૧૦થી જુદા-જુદા શહેરમાં બુલેટ ટ્રેન માટેનું બાંધકામ પૂર જોશમાં ચાલી રહ્યું છે. અંદાજિત આ પ્રોજેકટની શરૂઆતને હાલ ૪ વર્ષનો સમય વીતી ચૂક્યો છે ત્યારે રૂ.૧.૧૮ લાખ કરોડનો ગુજરાતનો આ ડ્રીમ પ્રોજેકટ હાલ પૂર્ણતાના આરે છે.

### ૨૭૯૨ પોલીસ કર્મચારી-અધિકારીઓને બઢતી

# ગુજરાત પોલીસ વિભાગમાં સમયસર બઢતીઓથી પોલીસ કર્મચારીઓમાં નવી ઉર્જાનો સંચાર

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

સમયસર બઢતી થતા પોલીસ કર્મચારીઓ વધુ સમર્પણભાવે ફરજ બજાવવા માટે પ્રેરાયા છે. ગુજરાત પોલીસ વિભાગના પોલીસ કર્મચારી-અધિકારીઓને સંવર્ગવાર સમયસર બઢતી મળી રહે તે માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. સમયસર બઢતી મળતા પોલીસ કર્મચારીઓના મનોબળમાં પણ વધારો થયો છે. કર્મચારીની બઢતી તેનામાં નવી ઉર્જાનો સંચાર કરીને કાર્યક્ષમતા વધારવામાં તો મહત્વનો ભાગ ભજવે જ છે, ઉપરાંત કર્મચારીની બઢતી સમગ્ર પરિવારને પણ સ્પર્ષતો મુદ્દો છે. તેથી રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય દ્વારા આ બાબતને ખુબ જ સંવેદનાથી લઈ પોલીસ કર્મચારીઓની બઢતી માટે તમામ જરૂરી સંલગ્ન પ્રક્રિયાઓ સમયસર કરવા આદેશો આપવામાં આવ્યા છે.ગુજરાત પોલીસ વિભાગમાં ચાલુ વર્ષે કુલ ૨૭૯૨ પોલીસ કર્મચારી-અધિકારીઓને બઢતી મળતા તેમના પરિવારમાં ખુશીનો માહોલ સર્જાયો છે. આ નિર્ણયથી પોલીસ કર્મચારીઓમાં નવી ઉર્જાનો સંચાર થયો છે અને તેઓ વધુ સમર્પણભાવે ફરજ બજાવવા માટે પ્રેરાયા છે. વર્ષ-૨૦૨૪માં સપ્ટેમ્બર માસ સુધીમાં ૩૧૨ પી.એસ.આઈને પી.આઈ, ૭૭ એ.એસ.આઈને પી.એસ.આઈ, ૧૦૪૬ હેડ કોન્સ્ટેબલને એ.એસ.આઈ અને ૧૧૨૯ પોલીસ કોન્સ્ટેબલને હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી આપવામાં આવી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨